દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 62 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૫ માર્ચ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રૂપિયાનું પ્રતીક તમિળમાં: સ્ટાલિન સરકાર પર બગડ્યાં નાણાં પ્રધાન

## આ એક ખતરનાક માનસિકતા: નિર્મલા સીતારમણ

નવી દિલ્હી: તમિળનાડુમાં હિન્દી ભાષાનાં વિરોધનો વિવાદ હવે જોર પકડી રહ્યો છે. ત્યારે હવે તમિળનાડુ સરકારે રાજ્યના બજેટ ૨૦૨૫-૨૬ દસ્તાવેજોમાંથી રૂપિયાના સત્તાવાર પ્રતીક '₹' ને દૂર કરી નાખતા આ વિવાદ વધુ ઘેરો બન્યો છે. આ મુદ્દે હવે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે વિરોધ વ્યક્ત કર્યો છે. તેમણે પ્રશ્ન કર્યો કે જો ડીએમકેને રૂપિયાના પ્રતીકથી સમસ્યા હતી, તો તેણે ૨૦૧૦ માં જ્યારે તે યુપીએ સરકારનો ભાગ હતી ત્યારે તેને સત્તાવાર રીતે અપનાવવા સામે કેમ વાંધો ન ઉઠાવ્યો?

નાણા પ્રધાન નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, ડીએમકે સરકારે તમિળનાડુ બજેટ ૨૦૨૫-૨૬ દસ્તાવેજોમાંથી સત્તાવાર રૂપિયા પ્રતીક '₹' દૂર કરી

(જુઓ પાનું ૨) ▸▸

### સ્ટાલિન સરકારે હિન્દી વિરુદ્ધની લડતમાં બદલ્યું રૂપિયાનું સિમ્બોલ

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સીમાંકન અને ત્રણ ભાષાના મુદ્દે સતત સંઘર્ષમાં રહેતી તમિળનાડુ સરકારે વધુ એક પગલું ભર્યું છે. જેમાં એમ.કે. સ્ટાલિન સરકારે હવે રાજ્યના બજેટના લોગોમાં પ્રતીક બદલ્યું છે. આ બજેટ અંગે તમિળનાડુના સીએમ એમ.કે. સ્ટાલિન એક્સ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં, બજેટ લોગોમાં રૂપિયાના સત્તાવાર પ્રતીક

(જુઓ પાનું ૨) ▸▸




# યુક્રેન સાથેનું યુદ્ધ રોકવાનો પ્રયાસ કરવા બદલ મોદીનો આભાર: પુતિન

મોસ્કો: રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ રોકવાનો પ્રયત્ન કરનારા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના અન્ય કેટલાક નેતાનો જાહેરમાં આભાર માન્યો હતો. પુતિને યુક્રેનની યુદ્ધવિરામની દરખાસ્ત બાદ ગુરુવારે પ્રથમ વખત જાહેરમાં મોદી અને ટ્રમ્પનો આભાર માન્યો હતો. આમ છતાં, રશિયાના પ્રમુખે જણાવ્યું હતું કે અમે યુદ્ધવિરામ અંગે ચર્ચાવિચારણા કરવા તૈયાર છીએ, પરંતુ તેના માટેના નિયમ અને વ્યવસ્થાને લગતી માહિતી સ્પષ્ટ હોવી જોઇએ. સઉદી અરેબિયામાંની એક બેઠક બાદ ૩૦ દિવસના (કામચલાઉ) યુદ્ધવિરામ માટે સંમતિ સધાઇ હતી.

પુતિને જણાવ્યું હતું કે આપણા બધાની સામે અનેક પડકાર અને સમસ્યા રહેલી હોવા છતાં ભારતના વડા પ્રધાન, ચીનના પ્રમુખ, બ્રાઝિલના પ્રમુખ, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ રશિયા - યુક્રેનનું યુદ્ધ અટકાવવાનો પ્રયાસ કરવા માટે ઘણો સમય ફાળવી રહ્યા છે. અમે તેઓના આભારી છીએ, કારણ કે તેઓ જાનહાનિ રોકવા અને દુશ્મનાવટનો અંત લાવવાની કોશિશ કરી રહ્યા છે. રશિયાના પ્રમુખે જણાવ્યું હતું કે અમે શત્રુતાનો અંત આણવા માગીએ છીએ, પરંતુ યુદ્ધવિરામ લાંબા-ગાળાનો હોવો જોઇએ. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું, તે પછી ભારતના વડા પ્રધાન મોદીએ લડાઇને રોકવા બન્ને દેશના વડાની સાથે અનેક વખત મંત્રણા કરી હતી. (એજન્સી)■

# હોળી, ધુળેટી અને જુમાની નમાજ વખતે કોમી એખલાસ, શાંતિ જળવાઇ રહી



**રંગોત્સવ:** ગુજરાતના બોટાદના સાળંગપુરમાં ભગવાન હનુમાનના મંદિર ખાતે ઊજવવામાં આવતી ધુળેટી. (પીટીઆઇ)

નવી દિલ્હી: દેશભરમાં હોળી, ધુળેટી અને રમજાનમાંની જુમાની નમાજ વખતે કોમી એખલાસ તેમ જ શાંતિ જળવાઇ રહી હતી અને કોઇ મોટો અનિચ્છનીય બનાવ નહોતો બન્યો.

હોળીમાં હોલિકા-દહન કરાયું હતું અને ધુળેટીના દિવસે લોકોએ 'ગુલાલ' અને અન્ય રંગોથી એકબીજાને રંગ્યા હતા. દેશભરમાં હોળી, ધુળેટી અને રમજાનમાંની જુમાની નમાજને ધ્યાનમાં રાખીને પોલીસ સહિતનાં સલામતી દળો મોટી સંખ્યામાં ફરજ પર ગોઠવવામાં આવ્યા હતા.

દિલ્હીમાં ધુળેટીને દિવસે સલામતી દળના પચીસ હજારથી વધુ જવાનને તહેનાત કરાયા હતા. પોલીસે ૩૦૦ સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા અને ડ્રોનની મદદથી સતત નજર રાખી હતી.

તહેવારના દિવસે દારૂ પીને વાહનો ચલાવતા લોકોને પકડવા માટે ઘણી જગ્યાએ પોલીસે ચેકિંગ કર્યું હતું. ઉત્તર પ્રદેશના

સંભલમાં ૨૪ નવેમ્બરે મોગલ-કાળની શાહી જામામસ્જિદના સર્વેક્ષણને પગલે કોમી રમખાણ થયાં હતાં, પરંતુ ત્યાં હોળી, ધુળેટી અને જુમાની નમાજ દરમિયાન શાંતિ જળવાઇ રહી હતી.

સંભલ શહેરમાં હિંદુઓ દ્વારા સવારે 'ચૌપાઇની યાત્રા' કાઢવામાં આવી હતી અને મુસલમાનોએ બપોરે અઢી વાગ્યે મસ્જિદમાં જુમાની નમાજ પઢી હતી.

જિલ્લામાંના સંવેદનશીલ વિસ્તારોમાં રેપિડ એક્શન ફોર્સે ધ્વજકૂચ પણ યોજી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિતના નેતાઓએ

(જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકન એરલાઇન્સના વિમાનમાં આગ: ૧૨ લોકોને હૉસ્પિટલ ખસેડાયા




ડેનવર: ડેનવર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ગુરુવારે અમેરિકન એરલાઇન્સના વિમાનમાં આગ લાગી હતી. આ ઘટના બાદ ૧૨ લોકોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ડેનવર ઇન્ટરનેશનલ એરપોર્ટે એક્સ પર જણાવ્યું કે હોસ્પિટલમાં લઇ જવામાં આવેલા તમામ લોકોને સામાન્ય ઇજાઓ થઇ હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશ(એફએએ)ને એક નિવેદનમાં જણાવ્યું કે કોલોરાડો સ્પ્રિંગ્સ એરપોર્ટથી ડલ્લાસ ફોર્ટ વર્થ જઇ રહેલી ફલાઇટ ૧૦૦૬ને ડેનવર તરફ વાળવામાં આવી હતી. ક્રૂએ એન્જિનમાં કંપનની સૂચના આપ્યા બાદ સાંજે ૫-૧૫ વાગ્યે સુરક્ષિત ઉતરાણ કર્યું હતું. એફએએ જણાવ્યું કે ગેટ પાસે જતી વખતે બોઇંગ ૭૩૭-૮૦૦ના એન્જિનમાં આગ લાગી હતી.

સમાચાર માધ્યમો દ્વારા પોસ્ટ કરાયેલા ફોટા અને વીડિયોમાં મુસાફરો વિમાનની પાંખ પર ઊભા રહેતા જોવા મળ્યા હતા, જ્યારે વિમાનની ચારેકોર ધુમાડો હતો. મુસાફરો સ્લાઇડ્સનો ઉપયોગ કરીને બહાર નીકળ્યા હોવાનું એફએએ જણાવ્યું હતું. અમેરિકને એક નિવેદનમાં

જણાવ્યું કે ગેટ પર ટેક્સી લગાવ્યા પછી વિમાનમાં એન્જિન સંબંધિત સમસ્યા સર્જાઇ હતી. વિમાનમાં ક્યારે આગ લાગી તે અંગે તાત્કાલિક કોઇ સ્પષ્ટતા થઇ શકી નથી.

એરલાઇન અધિકારીઓએ જણાવ્યું કે ૧૭૨ મુસાફરો અને છ ક્રૂ સભ્યોને ટર્મિનલ પર લઇ જવામાં આવ્યા હતા. એરપોર્ટના પ્રવક્તાએ મીડિયા આઉટલેટ્સને જણાવ્યું કે સાંજ સુધીમાં અગ્નિશામકોએ આગ બુઝાવી દીધી હતી.

આ મામલાની તપાસ કરવામાં આવશે એમ એફએએ જણાવ્યું હતું. ■

# સનાતનધર્મ સિવાય કોઇ ધર્મમાં તહેવારોની સમૃદ્ધ પરંપરા નથી: યોગી

ગોરખપુર (ઉત્તર પ્રદેશ): રાજ્યના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે હોળી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં દાવો કર્યો હતો કે સનાતનધર્મ સિવાય કોઇ ધર્મ કે અન્ય કોઇ દેશમાં તહેવારોની સમૃદ્ધ પરંપરા નથી.

તેમણે ગોરખપુરમાં પરંપરાગત 'નરસિંહ શોભાયાત્રા'ને સંબોધતા જણાવ્યું હતું કે હોળી દેશમાં એકતા દ્વારા અખંડતા જાળવવાનો સંદેશો આપે છે. આ દૃષ્ટિકોણ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંદેશને સાકાર કરે છે.

યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે દુનિયાના અન્ય કોઇ દેશ, કોઇ જાતિ, કોઇ ધર્મમાં સનાતનધર્મ જેવી તહેવારોથી સમૃદ્ધ પરંપરા નથી. ભારત તહેવારોની ઉજવણી કરવાની સાથે વિકાસ કરી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સનાતનધર્મનો વિરોધ કરી રહેલા લોકોએ પ્રયાગરાજમાં

યોજાયેલા મહાકુંભમાં સનાતનધર્મની તાકાત જોઇ લીધી હતી. મહાકુંભમાં ૬૬ કરોડથી વધારે લોકોએ ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. મહાકુંભમાં જાતિ કે ધર્મના આધારે કોઇની સાથે ભેદભાવ નહોતો રખાયો.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાને સવાલ કર્યો હતો કે આપણામાં ભાગલા પડાવવા કોઇ ઇચ્છે છે?



**યોગીના રંગ:** ગોરખપુરમાં ધુળેટી નિમિત્તે કઢાયેલી યાત્રામાં રંગો ઉડાડતા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)

રામમંદિરનો વિરોધ કરનારા, ગાયોની ગેરકાયદે હેરફેર કરનારા, ગૌહત્યા કરનારા અને તેઓના ભાગીદારો આપણી સામે કાવતરું ઘડે છે. તેમણે જણાવ્યું હતું કે ભગવાન રામે આપણને 'મર્યાદા'ના માર્ગે આગળ વધવાનું શિખવાડ્યું હતું. આપણે ક્યારેય 'લક્ષ્મણ-રેખા'નું ઉલ્લંઘન નથી કર્યું. (એજન્સી) ■

# યુરોપિયન વાઈન પર ૨૦૦ ટકા કરવેરો લાદવાની ટ્રમ્પની ધમકી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન વાઈન પર ૨૦૦ ટકા કરવેરો લાદવાની ગુરુવારે આપેલી ધમકી અંગે પ્રતિક્રિયા આપતા અમેરિકાસ્થિત વાઈનના આયાતકારો અને દુકાનદારોએ કહ્યું હતું કે આ નિર્ણયની વાઈનની માગ પર વિપરિત અસર થશે.

અમેરિકાની વ્હિસ્કી પર પચાસ ટકા કરવેરો લાદવાની યોજના સાથે યુપોરિયન યુનિયન આગળ વધશે તો તેવા સંજોગોમાં અમેરિકા પણ યુરોપિયન વાઈન પર ૨૦૦ ટકા કરવેરો લાદશે એવી ધમકી ટ્રમ્પે આપી હતી. અમેરિકાસ્થિત યુરોપિયન વાઈનના વેચાણકર્તાઓ અને આયાતકર્તાઓનું કહેવું છે કે આટલા મોટા પ્રમાણમાં કરવેરો લાદવાના ટ્રમ્પના નિર્ણયને કારણે અમેરિકામાં યુરોપિયન વાઈનનો વેપાર બંધ થઈ જશે.

અમને નથી લાગતું કે ગ્રાહકો પોતાની પસંદગીના યુરોપિયન વાઈન કે શૅમ્પેન માટે બેથી ત્રણગણો ભાવ ચુકવવાની તૈયારી દર્શાવશે, એમ ન્યૂ જર્સીસ્થિત વાઈન સ્ટ્રીટ ઈમ્પોર્ટસના સીઈઓ માઉન્ટ લૉરલ ટાઉનશિપનું કહેવું છે. પૉર્ટ ચૅસ્ટરસ્થિત વાઈન રિટેલર ઝાચૅસના પ્રમુખ જૅફ ઝાચારિયાનું કહેવું છે કે અમે વેચાણ કરીએ છીએ તેમાં ૮૦ ટકા વાઈન યુરોપનું હોય છે. આયાતકારો પણ વેચાણના મોટા હિસ્સા માટે યુરોપિયન વાઈન પર જ આધાર રાખે છે. આ જગ્યા પૂરવા માટે અમેરિકન વાઈન પૂરતું નથી. ટ્રમ્પના આ નિર્ણયની અમેરિકાના વાઈન બિઝનેસ પર નકારાત્મક અસર પડશે, એમ તેમણે કહ્યું હતું. વર્ષ ૨૦૨૦માં ચીને ઑસ્ટ્રેલિયન વાઈન પર ૨૧૮ ટકા કરવેરો લાદ્યો હતો જેને કારણે ઑસ્ટ્રેલિયાની વાઈનની નિકાસ ૯૦ ટકા ઘટી ગઈ હતી. ગયા વરસે ચીને આ કરવેરો પાછો ખેંચી લીધો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઑસ્ટ્રેલિયાનો વાઈન ઉદ્યોગ પડી ભાંગ્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રએ પહેલી એપ્રિલથી અમલી બને તે રીતે એલ્યૂમિનિયમ અને સ્ટીલની અયાત પર લાદેલા કરવેરાના જવાબમાં યુરોપિયન યુનિયને અમેરિકાની વ્હિસ્કી પર પચાસ ટકાનો કરવેરો લાદવાનો નિર્ણય લીધો હતો. જોકે ટ્રમ્પનું કહેવું છે કે યુરોપિયન યુનિયન અમેરિકાની વ્હિસ્કી પર લાદેલો કરવેરો તાત્કાલિક અસરથી રદ નહીં કરે તો અમે યુરોપિયન યુનિયનના તમામ વાઈન, શૅમ્પેન અને આલ્કોહોલિક ઉત્પાદનો પર ૨૦૦ ટકા કરવેરો લાદીશું. (એજન્સી) ■

# ડૅનવરમાં વિસ્ફોટ: ૧૦ જણ હૉસ્પિટલમાં દાખલ

ડૅનવર: ડૅનવરમાં વિસ્ફોટ અને ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગને પગલે દસ જણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તો ડઝનબંધ લોકોને અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ કહ્યું હતું. આ ઘટના બુધવારે બની હતી.

ઘટનાની જાણ થતાં જ અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગને કાબૂમાં લીધી હતી.

અગ્નિશમન દળના પ્રવક્તા કૅપ્ટન લૂઈસ કૅડિલોના જણાવ્યાનુસાર અસરગ્રસ્તોને નજીવી ઈજા થઈ હતી.


જોકે ઘટના અંગે વિગતવાર માહિતી મળી શકી નહોતી.

વધુ ૮૭ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને તેમનાં રહેવા માટે કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી હતી.

પ્રાથમિક જાણકારી મુજબ બાંધકામનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક વીજળીનો તાર કપાઈ જતાં વિસ્ફોટ થયો હતો. (એજન્સી) ■

# અભિનેતા દેબ મુખરજીનું નિધન

મુંબઈ: ફિલ્મ અભિનેતા અને નિર્માતા દેબ મુખરજીનું ૮૩ વર્ષની વયે મુંબઈમાં પોતાના નિવાસસ્થાને શુક્રવારે સવારે નિધન થયું હતું. તેઓ દિગ્દર્શક અયાન મુખરજીના પિતા હતા. તેમના અંતિમસંસ્કાર જૂહુના સ્મશાનમાં કરાયા હતા. મુખરજીએ ૧૯૬૦ના દાયકાથી ૧૯૭૦ દાયકા સુધી ફિલ્મો 'તુ હી મેરી ઝિંદગી', 'અભિનેત્રી', 'દો આંખે', 'બાતોં બાતોં મેં', 'જો જીતા વહી સિકંદર', 'કિંગ અંકલ', 'કમિને' જેવી ફિલ્મોમાં સહાયક અભિનેતાની ભૂમિકા ભજવી હતી.



મુખરજીએ અભિનેતા મિથુન ચક્રવર્તી, કાજલ કિરણ અને યોગીતા બાલીના અભિનયવાળી ફિલ્મ 'કરાટે' ૧૯૮૩માં બનાવી હતી. તેઓ સમર્થ-મુખરજી પરિવારના સભ્ય હતા. તેઓ કાજલ અને રાણી મુખરજીના કાકા તેમ જ આશુતોષ ગોવારીકરના સસરા થાય. તેમની માતા સતીદેવી અભિનેતાઓ અશોક કુમાર, અનૂપ કુમાર અને કિશોર કુમારના બહેન હતા. તેમના ભાઇઓમાં અભિનેતા જોય મુખરજી અને કાજોલની માતા તનુજાના પતિ શોમુ મુખરજી હતા.

મુખરજી બે વખત પરણ્યા હતા. તેમની પહેલી પત્નીથી થયેલી દીકરી સુનીતાએ દિગ્દર્શક ગોવારીકરની સાથે લગ્ન કર્યા હતા અને બીજા લગ્નથી દીકરો અયાન થયો હતો. કાજોલ, રાણી મુખરજી, જયા બચ્ચન, આલિયા ભટ્ટ, રણવીર કપૂર, હૃતિક રોશન સહિત અનેક અંતિમસંસ્કાર વખતે હાજર રહ્યા હતા.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ શાસિત રાજ્યો તમિળ ફરજિયાત કરી શકે ?

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે બનાવેલી નેશનલ એજ્યુકેશન પોલિસી એટલે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (ગઊઙ)માં ત્રણ ભાષા શીખવવાના મુદ્દે ફરી બબાલ થઈ ગઈ છે. મોદી સરકાર આ વર્ષથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવા માગે છે પણ તમિળનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને તેની સામે બાંયો ચડાવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓને પહેલા ધોરણથી જ ત્રણ ભાષા શીખવવાની દરખાસ્ત છે પણ સ્ટાલિને એલાન કર્યું છે કે, અમને નવી શિક્ષણ નીતિ માન્ય નથી અને તમિળનાડુની સ્કૂલોમાં અમે તેનો અમલ કરવા નથી માગતા.

સ્ટાલિનને સૌથી મોટો વાંધો પહેલા ધોરણથી ત્રણ ભાષા શીખવવા સામે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રમાણે, ત્રણમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ મૂળ ભારતની હોય એવી દરખાસ્ત સામે સ્ટાલિને દેકારો મચાવ્યો છે. સ્ટાલિનનું કહેવું છે કે, આ બહાને હિંદી ભાષા થોપવાની મથામણ થઈ રહી છે.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને દાવો કર્યો કે, તમિળનાડુની સરકાર પહેલાં નવી શિક્ષણ નીતિનો અમલ કરવા તૈયાર થઈ ગયેલી પણ પછી ગુલાંટ લગાવી દીધી. પ્રધાને સ્ટાલિનની પાર્ટી ડીએમકેના નેતાઓને બેઈમાન અને અસભ્ય ગણાવ્યા તેમાં આખી વાત જુદા પાટા પર ફંટાઈ ગઈ છે.

સ્ટાલિનનું રાજકારણ હિંદીના વિરોધ પર ચાલે છે તેથી સ્ટાલિન જાહેરમાં હિંદી ભાષા સામે ભારોભાર અણગમો બતાવવાની એક પણ તક છોડતા નથી. અત્યારે પણ સ્ટાલિન મચી પડ્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુદ્દે જાહેરમાં જીભાજોડી કરી જ રહ્યા છે અને પ્રધાને તમિળોનું અપમાન કરી નાખ્યું હોવાનો મુદ્દો તેમણે છેડી જ દીધો છે.

સ્ટાલિને આક્ષેપ કરેલો કે, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન તમિલનાડુમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ ના કરાય તો કેન્દ્ર દ્વારા અપાતું ભંડોળ રોકવાની ધમકી આપીને 'બ્લેકમેલ' કરી રહ્યા છે. ગયા અઠવાડિયે સ્ટાલિન કહ્યું હતું કે ધર્મેન્દ્ર પ્રધાન ઘમંડી છે અને પોતે રાજા હોય એવું વર્તન કરી રહ્યા છે. હવે તેમણે મોદી સરકાર તમિળ પ્રજાના માથે હિંદી થોપવા માગે છે એવો દાવો કરીને તેમણે પણ તમિળનાડુમાં પણ તેમણે હિંદી વિરોધી માહોલ ઊભો કરવા માંડ્યો છે.

સ્ટાલિને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ભારતને નહીં પણ હિન્દી ભાષાને વિકસાવવાની યોજના ગણાવીને કહ્યું છે કે, અમે આ નીતિનો વિરોધ કરી રહ્યા છીએ કારણ કે તે તમિળનાડુની શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે નષ્ટ કરી દેશે.

મોદી સરકારે આખા દેશમાં હિંદી ફરજિયાત કરવાનો પ્રયત્ન કરેલો એ સાચી વાત છે. આ સંજોગોમાં સ્ટાલિનનો મોદી સરકાર દ્વારા તમિળો પર હિંદી ભાષા થોપવાની કોશિશ થઈ રહી હોવાનો આક્ષેપ સાવ ખોટો નથી પણ મોદી સરકાર એ મુદ્દે પારોઠનાં પગલાં ભરી ચૂકી છે તેથી આ મુદ્દો પતી ગયેલો છે.

મોદી સરકારે ૨૦૧૯માં ફરી સત્તામાં આવતાં જ પહેલું કામ નવી શિક્ષણ નીતિનો મુસદ્દો બહાર પાડવાનું કરેલું. આ મુસદ્દામાં પહેલા ધોરણથી વિદ્યાર્થીઓને ત્રણ ભાષા શીખવવી એ મુખ્ય મુદ્દો હતો. તેમાં પણ હિંદી ભાષા તો ફરજિયાત ભણાવવી એ વાત કેન્દ્રસ્થાને હતી. દેશનું હિંદીભાષી રાજ્ય હોય કે બિન હિંદીભાષી રાજ્ય હોય, દરેક રાજ્યમાં પહેલા ધોરણથી હિંદી, અંગ્રેજી ને ત્રીજી ભાષા શીખવવી ફરજિયાત હોવી જોઈએ એવું તેમાં સ્પષ્ટ કહેવાયેલું, અંગ્રેજી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરવાની ભલામણ પણ કરાયેલી.

હિન્દી ભાષા શીખવવાની વાત સામે દક્ષિણનાં રાજ્યોમાં ભડકો થઈ ગયો. એ વખતે પણ તમિળનાડુ આ વિરોધમાં મોખરે હતું. ભારતમાં રાજકારણીઓ વાતનું વતેસર કરવામાં હોશિયાર છે ને ક્યારે ક્યા મુદ્દાને રાજકીય રંગ આપીને ડખાપંચક ઊભું કરી નાખે એ નક્કી નહીં. હિંદીના મુદ્દે પણ રાજકારણીઓની ઉશ્કેરણીના કારણે દક્ષિણનાં રાજ્યોમાં તોફાન ફાટી નીકળ્યાં તેમાં મોદી સરકારે પીછેહઠ કરવી પડેલી.

ભાષાના નામે રમખાણો થાય ને લોકોને નુકસાન થાય એ યોગ્ય નથી તેથી મોદી સરકારે તાબડતોબ નેશનલ એજ્યુકેશન પોલિસી (એનઈપી) ૨૦૧૯ નામે નવો મુસદ્દો બહાર પાડીને હિંદી ફરજિયાત કરવાની વાતનો વીંટો વાળી દીધો. નવા મુસદ્દામાં ચોખવટ કરી નાખી કે, હવે પછી વિદ્યાર્થીઓએ ત્રણ ભાષા તો શીખવી પડશે પણ તેમાં હિંદી હોવી જ જોઈએ એ જરૂરી નથી.

મોદી સરકારે હિન્દીને સ્થાપિત કરવા પ્રયત્ન કર્યો કેમ કે હિન્દી બંધારણીય રીતે રાજ્યભાષા તરીકે સ્વીકારાયેલી છે. હિન્દી આપણી રાજ્યભાષા હોવાથી દેશભરની સ્કૂલોમાં હિન્દી શીખવવામાં આવે તેમાં કશું ખોટું નથી. મોદી સરકારે દરેક રાજ્યની માતૃભાષાને પણ મહત્ત્વ આપેલું. ઉત્તર ભારતમાં રાજ્યોમાં હિંદી માતૃભાષા છે તેથી આ રાજ્યોમાં ત્રીજી કઈ ભાષા પહેલા ધોરણથી શીખવવી એ રાજ્ય સરકારે નક્કી કરવાનું હતું પણ બીજાં રાજ્યોમાં ત્રીજી ભાષા તરીકે પોતાની માતૃભાષા શીખવવામાં આવે એ સ્પષ્ટ હતું. ગુજરાતમાં ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી ને એ રીતે દરેક રાજ્યમાં પોતપોતાની માતૃભાષા ત્રીજી ભાષા તરીકે શીખવે એ સ્પષ્ટ હતું.

આ રીતે આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજી, માતૃભાષા અને રાજ્યભાષા હિન્દી એ ત્રણ ભાષાનું શિક્ષણ આપવાની ફોર્મ્યુલા બરાબર હતી પણ દક્ષિણ ભારતના રાજકીય પક્ષોની હિંદી વિરોધી માનસિકતાને કારણે હિંદી બાજુ પર મુકાઈ ગઈ. મોદી સરકારે ફરજિયાત હિંદીનું પડીકું કરી નાખ્યું પછી ખરેખર વિરોધ કરવા માટે કોઈ મુદ્દો જ નહોતો બચતો કેમ કે વિદ્યાર્થીને ત્રણ ભાષા શીખવવામાં કશું ખોટું નથી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જે તે રાજ્યની માતૃભાષા અને અંગ્રેજી ઉપરાંત કોઈ પણ ભારતીય ભાષા ત્રીજી ભાષા રાખી શકે છે. માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ અંગ્રેજી ઉપરાંત, કોરિયન, જાપાનીઝ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ અને અન્ય વિદેશી ભાષાઓ પણ શીખી શકે છે. ત્રણમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતની હોય એ શરતના કારણે બે વિદેશી ભાષા ના શીખી શકાય પણ તેમાં પણ હિંદીને થોપવાની તો વાત જ નથી. તમિલનાડુમાં તમિલ અને અંગ્રેજી સિવાય દક્ષિણની બીજી કોઈ ભાષા કે પછી બંગાળી સહિતની બીજી કોઈ પ્રાદેશિક ભાષા પણ શીખવી શકાય પણ સ્ટાલિનને હિંદીના વિરોધમાં રસ છે તેથી એ કશું સાંભળવા તૈયાર નથી.

સ્ટાલિનની વાતની હવા કાઢવા ભાજપ શાસિત રાજ્યો પોતાની સ્કૂલોમાં તમિળ સહિતની દક્ષિણ ભારતીય ભાષામાંથી કોઈ એક પહેલા ધોરણથી શીખવવાનું એલાન કરી શકે. કમનસીબે ભાજપના નેતાઓનાં મન પણ એટલાં મોટાં નથી. એ લોકો હિંદી શીખવવાની મમત પર ચડેલા છે પણ બીજી ભાષા શીખવવાની ઉદારતા નથી બતાવી શકતા. એ લોકો આ દેશનું જ્ઞાન જેમાં સચવાયેલું છે એ સંસ્કૃત ફરજિયાત કરવા તૈયાર નથી તો તમિળ શીખવવા તો ક્યાંથી તૈયાર થવાના ? તમિળ આ દેશની સૌથી જૂની ભાષા છે તેથી ઉત્તર કે પશ્ચિમના વિદ્યાર્થી તમિળ શીખે તો સારું છે પણ ભાજપની સરકારોમાં એવું કરવાની હિંમત છે ખરી ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,
શનિવાર, તા. ૧૫-૩-૨૦૨૫, ઈષ્ટિ, વસંતોત્સવારંભ

- ભારતીય દિનાંક ૨૪, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૦૮-૫૩ સુધી, પછી હસ્ત.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૪, મધ્યરાત્રે ક. ૦૦-૫૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, વસંતોત્સવારંભ, આમ્રકુસુમપ્રાશન, બુધ વક્રી ક. ૧૨-૧૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાત મુહૂર્ત. શનિ દેવતાનું પૂજન, સૂર્ય-શિવ-લક્ષ્મી ધ્રુવ, અર્યમા પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, અનુષ્ઠાન, જુઈ વાવવી, મહેંદી લગાવવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, ધજા-કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ બદનામીનો ભય, ચંદ્ર-બુધ પ્રતિયુતિ ખોટું બોલવાની આદત
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ. બુધ સ્તંભી થઈ વક્રી થશે. ચંદ્ર-ચિત્રા યુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## હોળીના દિવસે વહેલી સવારે લદાખ અને અરુણાચલમાં ભૂકંપના આંચકા અનુભવાયા

નવી દિલ્હીઃ છેલ્લા ઘણા દિવસોથી હિમાલય ક્ષેત્રોમાં ભૂકંપની ગતિવિધિઓ વધી રહી છે. શુક્રવારે વહેલી સવારે લદાખની ધરતી ધ્રૂજી હતી, અહેવાલ મુજબ કારગિલ વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૫.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી એ ભૂકંપની પુષ્ટિ કરી છે. લદાખ ઉપરાંત જમ્મુ-કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

અહેવાલ મુજબ ભારતીય સમય મુજબ ૨:૫૦ વાગ્યાની આસપાસ લદાખમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની ઊંડાઈ ૧૫ કિમી. હતી. જમ્મુ અને શ્રીનગરના ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે ભૂકંપના આંચકા અનુભવાયા હોવાની જાણકારી આપી હતી.

લદાખમાં ભૂકંપના માત્ર ત્રણ કલાક પછી, ઉત્તર-પૂર્વ ભારતમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા. સવારે છ વાગ્યે અરુણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ વિસ્તારમાં ૪.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

લદાખ અને લેહ બંને દેશના સિસ્મિક ઝોનમાં આવેલ છે, આ વિસ્તારો ભૂકંપનું ઉચ્ચ જોખમ રહેલું છે. હિમાલય ક્ષેત્રમાં સ્થિત હોવાથી, આ વિસ્તાર ભૂકંપની ગતિવિધિઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે અને અહીં વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય છે.

ગુરુવારે ૧૩ માર્ચે બપોરે બે વાગ્યે તિબેટમાં પણ ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ગયા મહિને ૨૭ ફેબ્રુઆરીના રોજ આસામના મોરીગાંવ જિલ્લામાં ૫.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ગુવાહાટી અને રાજ્યના અન્ય ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

## બંગાળમાં ત્રણ ઈ-રિક્ષા સાથે કાર અથડાતાં સાતનાં મોત, આઠ ઘાયલ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં શુક્રવારે એક ઝડપી કાર ત્રણ ઈ-રિક્ષા સાથે અથડાતાં ત્રણ મહિલા અને એક બાળક સહિત ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયાં હતાં અને અન્ય આઠ લોકો ઘાયલ થયાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કારના ડ્રાઈવરની શોધ શરૂ કરવામાં આવી છે જે ટક્કર બાદ વાહન છોડીને સ્થળ પરથી ભાગી ગયો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના છપરા વિસ્તારના લક્ષ્મીગાછા ખાતે બની હતી. જ્યારે ઈ-રિક્ષામાં સવાર લોકો આગામી ઈદના તહેવારની ખરીદી કરીને ઘરે પરત ફરી રહ્યા હતા.

સામેથી આવી રહેલી એક ઝડપી એસયુવીએ એક પછી એક ત્રણ ઈ-રિક્ષાને ટક્કર મારી હતી, જેના કારણે ઈલેક્ટ્રિક વાહનોમાં સવાર સાત લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં અને અન્ય આઠને ઈજા થઈ હતી, જેમાં બેની હાલત ગંભીર છે, એમ તેમણે જણાવ્યું હતું.

ઇજાગ્રસ્ત લોકોને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

## કેરળના કોચીમાં પોલિટેક્નિક હૉસ્ટેલમાંથી બે કિલો ગાંજો જપ્ત

કોચીઃ કેરળના કોચીમાં કલામાસેરી ખાતે આવેલી સરકારી પોલિટેક્નિક કોલેજના પુરુષ છાત્રાલયમાંથી બે કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. આ માહિતી પોલીસે શુક્રવારે આપી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ગુરુવારે રાત્રે પાડવામાં આવેલા દરોડામાં ત્રણ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી. બે વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનમાંથી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે કોલ્લમના કુલથુપુઝાના ૨૧ વર્ષીય રહેવાસીના રૂમમાંથી ૧.૯૦૯ કિલો ગાંજો મળી આવ્યા બાદ તેની સામે અલગ એફઆઇઆર નોંધવામાં આવી હતી. આ પ્રતિબંધિત પદાર્થ વેચાણ અને વ્યક્તિગત ઉપયોગ બંને માટે હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બીજી એફઆઇઆરમાં બે અન્ય વિદ્યાર્થીઓના નામ છે. જેમની પાસેથી ૯.૭૦ ગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તેમને પોલીસ સ્ટેશનમાંથી જામીન આપી દેવામાં આવ્યા હતા. ડ્રગ્સ ઉપરાંત પોલીસે શંકાસ્પદો પાસેથી બે મોબાઇલ ફોન અને ઓળખ કાર્ડ જપ્ત કર્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ કેરળમાં કોલેજની હોસ્ટેલમાંથી જપ્ત કરવામાં આવેલ અત્યાર સુધીનો ગાંજાનો સૌથી મોટો જથ્થો હતો. કેમ્પસમાં હોળીની ઉજવણી પહેલા કડક તકેદારી વચ્ચે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ગુરુવારે રાત્રે શરૂ થયેલી તપાસ લગભગ સાત કલાક ચાલી હતી અને શુક્રવારે સવારે ૪ વાગ્યે પૂરી થઇ હતી. તેમણે જણાવ્યું કે આ કાર્યવાહી કલામાસેરી પોલીસ અને ડિસ્ટ્રિક્ટ એન્ટી-નાર્કોટિક્સ સ્પેશિયલ એક્શન ફોર્સ (ડીએએનએસએએફ) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી હતી. પોલીસે આ મામલે વિગતવાર તપાસ આદરી છે.

## પંજાબના મોગામાં શિવસેના જૂથના જિલ્લા પ્રમુખની ગોળી મારીને હત્યા

મોગાઃ પંજાબના મોગામાં શિવસેના જૂથના જિલ્લા પ્રમુખની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમ જ હુમલામાં એક કિશોર ઘાયલ થયો હતો. આ જાણકારી પોલીસે આપી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર આ ઘટના ગુરુવારે રાત્રે ત્યારે બની જ્યારે સંગઠનના જિલ્લા એકમના પ્રમુખ મંગત રાય મંગા દૂધ ખરીદી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર રાત્રે લગભગ ૧૦ વાગ્યે ત્રણ અજાણ્યા લોકોએ તેમના પર ગોળી ચલાવી, પરંતુ ગોળી મંગાને ન વાગતા ૧૨ વર્ષના એક કિશોરને વાગી હતી. તેમણે કહ્યું કે મંગા તરત જ ટુ-વ્હીલર વાહન પર ભાગી ગયો અને હુમલાખોરોએ તેનો પીછો કર્યો. પીછો કરતી વખતે હુમલાખોરોએ ફરીથી મંગા પર ગોળીબાર કર્યો અને આ વખતે તેઓ સફળ રહ્યા અને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

પોલીસ મંગાને હોસ્પિટલ લઇ ગઇ હતી. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. એક અધિકારીના જણાવ્યા અનુસાર ઘાયલ કિશોરને પહેલા મોગા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને વધુ સારવાર માટે બીજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે તેઓ એ વાતની પુષ્ટિ કરી રહ્યા છે કે મંગા ક્યા શિવસેના સંગઠન સાથે જોડાયેલો હતો.

વિશ્વ હિન્દુ શક્તિના રાષ્ટ્રીય પ્રમુખ જોગિન્દર શર્માએ જણાવ્યું કે કેટલાક બદમાશોએ મંગાની ગોળી મારીને હત્યા કરી હોવાનું અમને જાણવા મળ્યું હતું. અમે માહિતી મળતાની સાથે જ હોસ્પિટલ પહોંચ્યા હતા. મંગાની પુત્રીએ જણાવ્યુ કે તેના પિતા ગુરુવારે રાત્રે ૮ વાગ્યે દૂધ લેવા માટે ઘરેથી નીકળ્યા હતા. તેણે કહ્યું કે રાત્રે ૧૧ વાગ્યે કોઇએ અમને સમાચાર આપ્યા કે મારા પિતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અમે ન્યાય માગીએ છીએ અને અમે તે મેળવવા માટે ગમે તે કરીશું.

## અમેરિકામાં જન્મ સાથે નાગરિકત્વના નિયમ પરના થોડાં નિયંત્રણનો અમલ કરવા કોર્ટની મંજૂરી મગાઇ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે અમેરિકામાં જન્મ સાથે નાગરિકત્વ આપવાના નિયમ પરના થોડા નિયંત્રણનો અમલ કરવા સુપ્રીમ કોર્ટની મંજૂરી માગી હતી.

ટ્રમ્પે બીજી વખત અમેરિકાના પ્રમુખ બન્યા બાદ તુરત આ નિયંત્રણ મૂકતો આદેશ આપ્યો હતો, પરંતુ મેરીલૅન્ડ, મેસેચ્યુસેટ્સ અને વૉશિંગ્ટનના ડિસ્ટ્રિક્ટ જજે તેનો અમલ અટકાવ્યો હતો.

હાલમાં ટ્રમ્પના સંબંધિત આદેશનો અમલ આખા અમેરિકામાં અટકાવાયો છે. ત્રણ ફેડરલ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રની સંબંધિત અરજીને નકારી કાઢી હતી.

ટ્રમ્પે પ્રમુખપદની બીજી મુદતના પ્રારંભમાં જ સહી કરેલા સંબંધિત આદેશમાં જણાવાયું હતું કે જે લોકોના માતાપિતા અમેરિકામાં ગેરકાયદે રહેતા હશે, તેઓને ૧૯ ફેબ્રુઆરી પછી અમેરિકામાં જન્મેલા સંતાનોને અમેરિકાનું નાગરિકત્વ આપમેળે નહિ મળે. (એજન્સી)



**જવાનોની ધુળેટીઃ**
શ્રીનગરમાં કેમ્પ ખાતે ધુળેટીની ઉજવણી કરતી વખતે નાચી રહેલા સશસ્ત્ર સીમા બલના જવાનો. (પીટીઆઇ)

## પહેલા પાનાનું ચાલુ

### રૂપિયાનું પ્રતીક

દીધો હોવાના અહેવાલ છે, જો ને '₹' સાથે સમસ્યા છે, તો તેણે ૨૦૧૦ માં તેનો વિરોધ કેમ ન કર્યો જ્યારે તેને કૉંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર હેઠળ સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યું હતું, તે સમયે જ્યારે ડીએમકે કેન્દ્રમાં શાસક ગઠબંધનનો ભાગ હતો. વિડંબના એ છે કે '₹'ને ડીએમકે ના ભૂતપૂર્વ ધારાસભ્ય એન. ધર્મલિંગમના પુત્ર ટી.ડી. ઉદય કુમાર દ્વારા ડિઝાઇન કરવામાં આવી હતી. હવે તેને ભૂંસી નાખીને, ડીએમકે માત્ર રાષ્ટ્રીય પ્રતીકને નકારી રહ્યું નથી, પરંતુ તમિળ યુવાનના સર્જનાત્મક યોગદાનને સંપૂર્ણપણે અવગણી રહ્યું છે.

આગળ તેમણે કહ્યું હતું કે, વધુમાં તમિળ શબ્દ 'રૂપાઈ' પોતે સંસ્કૃત શબ્દ 'રૂપ્યા' માં ઊંડા મૂળ ધરાવે છે, જેનો અર્થ 'દટાયેલ ચાંદી' અથવા 'ચાંદીનો સિક્કો' થાય છે. આ શબ્દ સદીઓથી તમિળ વેપાર અને સાહિત્યમાં તેમનો પડઘો પાડે છે, અને આજે પણ, તમિળનાડુ અને શ્રીલંકામાં 'રૂપાઈ' ચલણનું નામ રહે છે. હકીકતમાં, ઇન્ડોનેશિયા, માલદીવ્સ, મોરેશિયસ, નેપાળ અને શ્રીલંકા સહિત ઘણા દેશો સત્તાવાર રીતે 'રૂપિયા' અથવા તેના 'સમતુલ્ય/વ્યુત્પન્ન'નો ઉપયોગ તેમના ચલણ નામ તરીકે કરે છે. તેમણે આગળ કહ્યું હતું કે બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ આપણા રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાને જાળવી રાખવા માટે બંધારણ હેઠળ શપથ લે છે. રાજ્યના બજેટ દસ્તાવેજોમાંથી '₹' જેવા રાષ્ટ્રીય પ્રતીકને દૂર કરવું એ શપથનો ભંગ છે, જે રાષ્ટ્રીય એકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને નબળી પાડે છે. આ ફક્ત પ્રતીકવાદ કરતાં વધારે છે તે એક ખતરનાક માનસિકતાનો સંકેત આપે છે જે ભારતીય એકતાને નબળી પાડે છે અને પ્રાદેશિક ગૌરવના બહાને અલગતાવાદી લાગણીઓને પ્રોત્સાહન આપે છે. ભાષા અને પ્રાદેશિક અરાજકતાનું સંપૂર્ણપણે ટાળી શકાય તેવું ઉદાહરણ.

### હોળી, ધુળેટી

જનતાને હોળી અને ધુળેટીની શુભેચ્છા આપી હતી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ધુળેટીના રંગોમાં દેશની વિવિધતામાંની એકતાના દર્શન થાય છે.

દેશભરમાં શ્રદ્ધાળુઓએ હોલિકા દહન અને મંદિરમાં દર્શન કર્યા હતા.

અગાઉ, ઉત્તર પ્રદેશના કોમવાદની દૃષ્ટિએ સંવેદનશીલ સંભલ શહેરમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ૧૪ માર્ચે ધુળેટીની ઉજવણી અને જુમાની નમાજ માટે સમજૂતી સધાઇ હતી. અહીં હિંદુઓ ૧૪ માર્ચે ધુળેટી બપોરના અઢી વાગ્યા સુધી ઊજવવા અને તે પછી જ જુમાની નમાજ પઢવા મુસલમાનો સહમત થયા હતા. ધુળેટીના દિવસે અહીં કાયદો અને સલામતીનું ધ્યાન રાખવા માટે પ્રોવિન્શિયલ આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરીની સાત ટુકડી ગોઠવાઇ હતી.

થોડા દિવસ પહેલાં અહીંના પોલીસ અધિકારીએ વિવાદાસ્પદ નિવેદન કરતા જણાવ્યું હતું કે હોળી વર્ષમાં એક વાર આવે છે, જ્યારે જુમાની નમાજ બાવન વખત આવે છે. જેઓને હોળીના રંગ ન ગમતા હોય, તેઓ હોળીના દિવસે ઘરમાં રહે.

સંભલ સર્કલ ઑફિસર અનુજ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે હોળી બધાએ સાથે મળીને ઊજવવાની હોય છે.

મોટું મન ધરાવતા લોકોએ જ હોળી ઊજવવા ઘરની બહાર નીકળવું જોઇએ.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મુસલમાનો ઇદની આતુરતાથી રાહ જુએ છે, જ્યારે હિંદુઓ હોળીની રાહ જોતા હોય છે. તહેવારની ઉજવણી કોમી એખલાસ સાથે થવી જોઇએ.

હોળીમાં રંગ લગાવવાની સાથે મીઠાઇઓ વહેંચાય છે. ઇદમાં પણ ખાસ મીઠાઇ અને અન્ય વાનગીઓ બનાવાય છે. જો કોઇને રંગ ગમતો ન હોય તો તેને બળજબરીથી લગાડવો ન જોઇએ. (એજન્સી)

### સ્ટાલિન સરકારે

₹ ને બદલે, તમિલ પ્રતીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વીડિયો શેર કરતા સીએમ એમ.કે. સ્ટાલિને તમિળમાં લખ્યું સમાજના તમામ વર્ગોના લાભ માટે તમિળનાડુના વ્યાપક વિકાસની ખાતરી કરવી.

જોકે, હાલમાં તમિળનાડુ સરકાર દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી કે પ્રતીક બદલવાનો નિર્ણય કેમ લેવામાં આવ્યો છે. આ ઉપરાંત એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકે સરકાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સીમાંકન અને ત્રણ ભાષાના સૂત્ર જેવા અનેક મુદ્દાઓ પર કેન્દ્ર સરકારનો વિરોધ કરી રહી છે. ડીએમકેનો આરોપ છે કે કેન્દ્ર સરકાર તમિળનાડુ પર હિન્દી લાદવાનો પ્રયાસ કરી રહી છે.

# શિક્ષણ વિભાગે ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર જાહેર કર્યું: ૯૪,૦૦૦થી વધુ જગ્યાઓ પર ભરતીનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના શિક્ષણ વિભાગે આગામી ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર જાહેર કર્યું હતું, જેમાં અંદાજે ૯૪,૦૦૦ જેટલી જગ્યાઓ પર ક્રમશઃ ભરતી કરવામાં આવશે. આ ભરતી કેલેન્ડરથી શિક્ષણ ક્ષેત્રે રોજગારીની તકોમાં વધારો થશે અને યુવાનોને સરકારી નોકરી મેળવવાની તક મળશે.

શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા કેલેન્ડર મુજબ આગામી ૧૦ વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. જેમાં શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓ અને અન્ય સ્ટાફની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ભરતી કેલેન્ડરમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ કમિશનેટ ઑફ સ્કૂલ્સ, જીસીઈઆરટી, જીએચએસઈબી, એનસીસી, ટેક્નિકલ વિભાગમાં પ્રિન્સિપાલ, પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર, ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક સહિતની વર્ગ ૧, ૨ અને ૩ની ભરતી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણમાં સૌથી વધુ ભરતી કરવામાં આવશે. વર્ષ ૨૦૩૩ સુધી કયા વર્ષે કેટલી સરકારી ભરતી થશે તેની યાદી જાહેર કરવામાં આવી હતી. રાજ્ય સરકારે આપેલી વિગત પ્રમાણે, વર્ષ ૨૦૨૫માં ૧૧૩૦૦, વર્ષ ૨૦૨૬માં ૬૫૦૩, વર્ષ ૨૦૨૮માં ૫૪૨૭, વર્ષ ૨૦૨૯માં ૪૩૦, વર્ષ ૨૦૩૦માં ૮૨૮૩, વર્ષ ૨૦૩૧માં ૮૩૯૬, વર્ષ ૨૦૩૨માં ૧૮૪૯૬ અને વર્ષ ૨૦૩૩માં ૧૩૧૪૩ જેટલી જગ્યા ભરવામાં આવશે.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી રાજ્યના શિક્ષણ ક્ષેત્રને મોટો ફાયદો થશે. ખાલી જગ્યાઓ ભરાવાથી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે અને વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધાઓ મળશે.

ઉમેદવારોને આ ભરતી કેલેન્ડરનો લાભ લેવા અને સરકારી નોકરી મેળવવા માટે તૈયારી શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ■

# રાજ્યના સરકારી કર્મચારીઓને ૩૧ માર્ચ સુધી મિલકતો જાહેર કરવા અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે એક પરિપત્ર જાહેર કરીને પોતાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ૩૧ માર્ચ સુધીમાં સ્થાવર અને જંગમ મિલકતો સરકારના કર્મયોગી પોર્ટલ પર અપડેટ કરવાની સૂચના આપી હતી. જો કોઈ અધિકારી કે કર્મચારી આમ કરવામાં નિષ્ફળ રહેશે તો તેમને આવતા એપ્રિલ મહિનામાં ચૂકવાતો માર્ચ મહિનાનો પગાર નહીં મળે. કર્મચારી અને અધિકારીઓએ ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન તેઓ અને તેમનો પરિવાર કેટલી સ્થાવર અને જંગમ મિલકત ધરાવે છે તે જાહેર કરવું પડશે.

આ ઉપરાંત એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, ૩૧ માર્ચ બાદ જ્યાં સુધી તેમની મિલકત જાહેર નહીં કરે ત્યાં સુધી તેમને પગાર ચૂકવવામાં નહીં આવે. આ પહેલાં સરકારે ૭ જાન્યુઆરીના રોજ પરિપત્ર બહાર પાડીને વર્ગ ૩ કર્મચારીઓને જણાવ્યું હતું કે, તેમણે વર્ગ ૧ અને વર્ગ ૨ના ગેઝેટેડ ઑફિસરની જેમ પોતાના મિલકત પત્રક દર વર્ષે ભરવાના રહેશે. આ માટે દર વર્ષની ૩૧ જાન્યુઆરી અંતિમ દિવસ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી માત્ર ગેઝેટેડ ઑફિસરોને જ આ વિગતો જાહેર કરવી પડતી હતી, પરંતુ ગત વર્ષે સરકારે જાહેરનામું બહાર પાડીને નિયમમાં સુધારો કર્યો હતો. જેમાં વર્ગ ૩ના ફિક્સ પગારધારક સહિતના કર્મચારીઓને સૂચના આપવામાં આવી હતી. ■

# ગુજરાતનો સૌપ્રથમ એક કિ.મી. લાંબો સિક્સલેન રબર કમ બેરેજ બ્રિજ સાબરમતી પર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં સાબરમતી નદી પર મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા રાજ્યનો સૌપ્રથમ રબર કમ બેરેજ બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રૂા.૩૬૭ કરોડના ખર્ચે બની રહેલા આ બ્રિજ પર થઈ સાબરમતીથી સદર બજાર થઈને સીધા ઍરપૉર્ટ જઈ શકાશે. સાબરમતી અચેરથી પૂર્વ તરફ કેમ્પ સદર બજાર વચ્ચે એક કિલોમીટરનો ૧૦૪૮.૦૮ મીટર લંબાઈનો સિક્સલેન બેરેજ કમ બ્રિજ બનાવાશે. બ્રિજની બંને બાજુએ મુખ્ય બ્રિજ સુધી કનેક્ટ કરતાં પૂર્વ અને પશ્ચિમ કાંઠે રિવરફ્રન્ટ રોડમાંથી એપ્રોચ બ્રિજ બનાવાશે. એપ્રિલ-૨૦૨૭ સુધીમાં પ્રોજેક્ટ પૂરો થવાની સંભાવના છે.

આ બ્રિજ બનવાના કારણે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના લોકોને મોટો ફાયદો થશે. ઉત્તર ગુજરાત, સાબરમતી, ચાંદખેડા તરફથી આવતા લોકોને સીધા હવે ઍરપૉર્ટ અથવા પૂર્વ વિસ્તાર તરફ જવું હોય તો આ બ્રિજ ઉપરથી પસાર થઈ શકાશે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત પશ્ચિમ કાંઠે અચેરથી પૂર્વ કાંઠે કેમ્પ સદર બજાર વચ્ચે છ લેનનો બેરેજ કમ બ્રિજ બને છે, જે ૧૦૪૭ મીટર લાંબો છે. બંન્ને બાજુએ મુખ્ય બ્રિજ સુધી કનેક્ટ કરતાં પૂર્વ તેમ જ પશ્ચિમ કાંઠે રિવરફ્રન્ટ રોડમાંથી એપ્રોચ બ્રિજ બનાવવામાં આવશે.

પશ્ચિમે ટોરેન્ટ પાવર સ્ટેશન (બીઆરટીએસ રોડ)થી પૂર્વે કેમ્પ સદર બજાર (ઍરપૉર્ટ રોડ)ના બંને રસ્તાઓને જોડતો બ્રિજ બનવાના કારણે શહેરના પશ્ચિમ વિસ્તારો જેવા કે ચાંદખેડા, સાબરમતી, મોટેરા અને પૂર્વના હાંસોલ તથા ઍરપૉર્ટ સાથે સીધી કનેક્ટિવિટી મળશે. જેથી ટ્રાફિક સમસ્યા ઘણી જ હળવી બનશે. ■

# રાજકોટમાં હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ લાગી: ત્રણ લોકોનાં મોત, ૬૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આવેલા એટ્લાન્ટિસ બિલ્ડિંગમાં આગ લાગી હતી. શુક્રવારે સવારે શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી આ હાઈરાઈઝ બિલ્ડિંગમાં લાગેલી આગમાં ત્રણ વ્યક્તિનાં મોત જ્યારે ૬૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. શહેરના નામાંકિત જ્વેલર્સ તેમ જ જાણીતા ડૉક્ટર્સ આ બિલ્ડિંગમાં રહે છે. બનાવની જાણ થતાં ફાયર વિભાગનો કાફલો આવી પહોંચ્યો હતો. ફાયર વિભાગની ૧૦ જેટલી ગાડીઓ બનાવસ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. આગ કાબૂમાં આવી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગત મુજબ, એટલાન્ટિસ બિલ્ડિંગની સી વિંગના છઠ્ઠા માળે આગ લાગી હતી. આ આગ બિલ્ડિંગના ૧૦મા માળ સુધી પ્રસરી હતી. ભીષણ આગના પગલે લોકોમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. લોકો તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા અને બનાવ અંગે ફાયર વિભાગ તથા પોલીસને જાણ કરવામાં આવી હતી. આગની ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી અને બિલ્ડિંગમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધુમાડાને બહાર કાઢવા માટે બિલ્ડિંગના કાચ તોડવામાં આવ્યા હતા. તેની સાથે જ કાચ તોડીને હાઈડ્રોલિક લિફ્ટની મદદથી લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ત્રણ લોકો ઈજાગ્રસ્ત હતા તેમને રાજકોટ સિવિલ હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. ■

# અમદાવાદના વસ્ત્રાલમાં ગુનેગારો બેફામ બની તલવારો લઈને નીકળ્યા: જે સામે આવ્યા તેને માર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ સતત વધી રહ્યો છે. ગુરુવારે મોડી રાતે શાશ્વત સોસાયટી નજીકના વિસ્તારમાં લાકડી-દંડા અને તલવાર જેવાં હથિયારો લઈને તોફાની તત્ત્વોએ આતંક મચાવતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. તોફાનીઓએ રાહદારીઓ પર તલવાર સહિતનાં હથિયારોથી હુમલો કર્યો હતો. દુકાનો, વાહનોમાં તોડફોડ કરી રસ્તા પર જે પસાર થાય તેને માર માર્યો હતો. અચાનક વિસ્તારમાં થયેલી અફરાતફરીથી સ્થાનિકો ફફડી ઊઠ્યા હતા

પ્રાપ્ત માહિતી પ્રમાણે અમદાવાદના વસ્ત્રાલમાં જૂની અદાવતમાં પંકજ ભાવસાર અને સંગ્રામ નામના લોકોની ગેંગ એકબીજાને મારવા ફરતી હતી. આ દરમિયાન આ બંને ગેંગના લોકો નહીં મળતાં રસ્તા પર પસાર થતાં જે સામે મળ્યા તે લોકોને આ તોફાનીઓએ લાકડીઓ, દંડા અને તલવારોથી માર માર્યો હતો. આ મામલે પોલીસે ૧૪ લોકોની ધરપકડ કરી હતી અને જાહેરમાં સરભરા કરીને તેમને ઘટનાસ્થળે લઈ જઈને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

આ તોફાનીઓએ કરેલા પથ્થરમારામાં ત્રણેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે રામોલ પોલીસે જણાવ્યું હતું કે, ગુનેગારોએ અંગત અદાવતમાં બહાર આવીને સામાન્ય લોકોને નુકસાન કરવાનું શરૂ કર્યું હતું. તેમાં બે લોકો ગંભીર ઈજાગ્રસ્ત થતાં જીવલેણ હુમલા અંગેની ફરિયાદ દાખલ કરાઈ છે. તમામ આરોપીઓને ઝડપી પાડી રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

આ ઘટનાથી વસ્ત્રાલમાં સ્થાનિક લોકો આવાં તત્ત્વોથી ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે. અમદાવાદ પોલીસ માટે પણ આ ઘટના પડકારજનક સાબિત થઈ શકે છે. આ ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે કેટલાંક વાહનોમાં જતા લોકો સાથે આ તોફાની તત્ત્વોએ બળજબરીપૂર્વક મારામારી કરી હતી. બીજી તરફ પોલીસે આતંક મચાવનારાં આ તત્ત્વોને પકડીને બરાબરનો મેથીપાક આપ્યો હતો. જાહેર રસ્તા પર જ તેમને પાઠ ભણાવાયો હતો. ■

# વિધાનસભામાં આમંત્રિત કલાકારોમાં પોતાનો સમાવેશ નહીં થતાં લોકગાયક અને અભિનેતા વિક્રમ ઠાકોર નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની ગત સોમવારે કેટલાક લોકગાયકો અને સાહિત્યકારોએ મુલાકાત લીધી હતી. ગૃહના અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમનું સન્માન કર્યું હતું. ત્યાર બાદ તમામે ગૃહની કાર્યવાહી નિહાળી હતી. આ આમંત્રિતોમાં પોતાનો સમાવેશ નહીં થતાં લોકગાયક અને અભિનેતા વિક્રમ ઠાકોરે સોશિયલ મીડિયામાં વીડિયો પોસ્ટ કરીને સરકાર સામે નારાજગી વ્યક્ત કરીને ઠાકોર સમાજને આ આમંત્રણમાં બાકાત કરાયો તે યોગ્ય નથી એમ કહ્યું હતું.

લોકગાયક વિક્રમ ઠાકોરે એક વીડિયો જાહેર કરીને બળાપો ઠાલવ્યો હતો. તેમણે વીડિયોમાં કહ્યું હતું કે, આમંત્રિત કલાકારો વિધાનસભામાં ગયા બાદ મને અનેક લોકોના ફોન આવ્યા હતા. ઠાકોર સમાજમાંથી કહેવાયું કે તમે કેમ ના ગયા. ત્યારે મને એમ લાગ્યું હતું કે, કલાકારોમાં ચોક્કસ લોકોનું ગ્રુપ બની ગયું છે. ઠાકોર સમાજ ભાજપ અને કૉંગ્રેસ બન્ને પક્ષના આગેવાનો સાથે જોડાયેલો છે. સમાજ માટે આવું વૈમનસ્ય રાખવામાં આવે તે યોગ્ય નથી. હું મારા સમાજના નેતાઓને પણ કહીશ કે તમે આ ઘટનાની નોંધ લેજો.

બીજી તરફ વિક્રમ ઠાકોરનો વીડિયો જાહેર થયા બાદ પાટીદાર સમાજના ગાયક કલાકાર સાગર પટેલે આ વિવાદમાં ઝંપલાવ્યું હતું. તેમણે કહ્યું કે માત્ર ઠાકોર જ નહીં, પાટીદાર સમાજના પણ એકેય કલાકારને આ કાર્યક્રમમાં આમંત્રણ મળ્યું ન હતું. ગુજરાતમાં સાહિત્યકાર અને ગાયક કલાકાર તરીકે અનેક પાટીદારો પ્રખ્યાત થયા છે.

વિક્રમ ઠાકોરની નારાજગી પર કીર્તિદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કલાકારોની કોઈ જ્ઞાતિ-ધર્મ હોતો નથી કલા એ જ એમની જ્ઞાતિ અને ધર્મ છે. સહજ આમંત્રણના આધારે બધા કલાકારો વિધાનસભા પહોંચ્યા હતા. રાજભા ગઢવીએ જણાવ્યું હતું કે કલાકારોનો કોઈ સમાજ હોતો નથી. આ બાબતે કોઈ વિવાદ ન થવો જોઈએ. ■

# અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર ભયજનક અને જર્જરિત મકાનોનો સરવે કરવા સૂચના અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અષાઢી બીજના દિવસે નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રા માટેની તૈયારીના ભાગરૂપે રથયાત્રાના સમગ્ર રૂટ પર સ્થિત ભયજનક મકાનોનો પહેલી એપ્રિલથી સરવે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. રથયાત્રા સમયે કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે મહાનગરપાલિકા દ્વારા આગોતરી કામગીરી શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથની નીકળનારી રથયાત્રા દરમિયાન કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે ભયજનક અને જર્જરિત મકાનોનો સર્વે કરાશે. જમાલપુર ખાડિયા દરિયાપુર સહિત કોટ વિસ્તારોમાં ત્રણ મહિના પહેલાં ભયજનક મકાનો અંગે સરવે કરીને નોટિસ આપવા અને ટેગ લગાવવાની તેમ જ ખૂબ જ ભયજનક હોય તેને ઉતારી લેવાની સૂચના અપાઈ છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, શહેરમાં ચોમાસામાં વરસાદી પાણી ઝડપથી ઊતરી જાય અને ભૂગર્ભ જળસ્તર ઊંચા આવે તે હેતુસર પરકોલેટિંગ વેલ બનાવવામાં આવશે. છેલ્લાં પાંચ વર્ષમાં બીયુ પરમિશન આપવામાં આવી હોય તેવી તમામ સોસાયટીઓમાં પરકોલેટિંગ વેલ છે કે નહીં તે અંગે ચેકિંગ કરાશે. શહેરના પૂર્વ પટ્ટામાંથી પસાર થતી ખારીકટ કેનાલને ઢાંકી દઈને તેના પર રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ૪ કિ.મી. જેટલી ખારીકટ કેનાલ ઢાંકી દેવામાં આવી છે અને પાકો રસ્તો તૈયાર કરાયો છે. ■

# ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટમાં ગુજરાત દેશનું નંબર વન રાજ્ય: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના રૂા. ૧૪૬ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટમાં ગુજરાત દેશનું નંબર વન રાજ્ય છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત માળખાકીય વિકાસમાં વિશ્વમાં નંબર વન દેશ બનવા જઈ રહ્યો છે. ભારત પાસે વિશ્વનું બીજા નંબરનું રોડ નેટવર્ક, ત્રીજા નંબરનું મેટ્રો નેટવર્ક અને ચોથા નંબરનું રેલ નેટવર્ક છે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે સાણંદ, ચેખલા, કડી રસ્તા પર અમદાવાદ વિરમગામ રેલવે લાઈન ઉપર નિર્મિત એક કિલોમીટર લાંબા ફેર લેન રેલવે ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ કર્યું હતું. સાણંદ તાલુકાના નિધરાડ ગામની ભાગોળે મુનીબાવાના આશ્રામ પાસે આવેલા રેલવે ફટક પર આ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાણંદ તાલુકાને કડી અને ગાંધીનગર સાથે જોડતા રોડ પર રેલવે ઓવર બ્રિજ બનતાં ટ્રાફિક સમસ્યાનો નિકાલ થયો છે. સાણંદના ઉદ્યોગો, ફૅક્ટરીઓ માટે માલસામાનના પરિવહનને ગતિ મળી છે. ભારતમાં દરરોજ ૩૬.૫ કિલોમીટર લાંબા નવા રોડ બને છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં સાણંદ અને કલોલ જેવાં નાનાં નગરોનો વિકાસ તેજ ગતિએ થઈ રહ્યો છે. સાણંદમાં ૫૦૦ બેડની હૉસ્પિટલ બનાવવાની છે. ગાંધીનગરમાં મોટી સિવિલ હૉસ્પિટલનું નિર્માણ થવાનું છે. કલોલમાં ભારત સરકાર દ્વારા મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલનું નિર્માણ થવાનું છે. વિશ્વનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એનર્જી પાર્ક ગુજરાતમાં બની રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સિટી ધોલેરા, ફાઇનાન્સ ટેક સિટી ગિફ્ટ સિટી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવા મેગા પ્રોજેક્ટનો લાભ ગુજરાતને મળી રહ્યો છે. ■

# ગુજરાતમાં કૉંગ્રેસને નુકસાન કરતાં નેતાઓને શોધવાની કામગીરી શરૂ કરાશે: પ્રભારી મુકુલ વાસનિક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં ગુજરાત આવેલા લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ સાથે ભળેલા અને પક્ષને નુકસાન કરનારા લોકોને પાર્ટીમાંથી હાંકી કાઢવાની વાત કરી હતી. રાહુલ ગાંધીની આ ટકોર બાદ ગુજરાત કૉંગ્રેસના નવસર્જનના પ્રયાસો શરૂ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. ગુરુવારે અમદાવાદ આવેલા કૉંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે સંકેતો આપતાં કહ્યું હતું કે, રાહુલ ગાંધીના દિશાનિર્દેશ અનુસાર જે નેતાઓ કૉંગ્રેસમાં રહીને જ પક્ષને નુકસાન કરી રહ્યા છે તેઓને શોધવામાં આવી રહ્યા છે.

કૉંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંગઠનને કેવી રીતે મજબૂત કરવું તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે અને તે વિષય પર જ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ અમદાવાદમાં જે બાબતોનું ધ્યાન દોર્યું છે તે અંગે કામગીરી કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં કૉંગ્રેસ પાર્ટીને કેવી રીતે ચાલવું તે દૃશ્ય અને રસ્તો સ્પષ્ટ છે. જ્યાં જ્યાં જે જે કરવું પડશે તે કરવા માટે હવે કૉંગ્રેસ પાર્ટી સજ્જ છે. કૉંગ્રેસના કેટલાક નેતાઓ કૉંગ્રેસમાં રહીને પક્ષને નુકસાન કરી રહ્યા છે તેમને શોધવામાં પણ આવી રહ્યા છે.

અમદાવાદ ખાતે સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી આઠ અને નવમી એપ્રિલે કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવાનું છે. આ અધિવેશન અંગે કૉંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક અમદાવાદ ખાતે ગુજરાત કૉંગ્રેસના નેતાઓ સાથે બેઠક યોજી ચર્ચાવિચારણા કરશે. તે ઉપરાંત નવા સંગઠનની પ્રક્રિયા મુદ્દે પણ નેતાઓ સાથે ચર્ચાઓ કરશે. રાહુલ ગાંધીની ટકોર બાદ કૉંગ્રેસે રાજ્યમાં પક્ષને નુકસાન કરનારા નેતાઓને શોધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

# ભોળા આદિવાસીઓને ખોટી રીતે ધર્મપરિવર્તન કરાવનારાં તત્ત્વોને હર્ષ સંઘવીની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાપી જિલ્લાના સોનગઢના ગુણસદા ગામ ખાતે ચાલી રહેલી મોરારિબાપુની રામકથામાં રાજ્યના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પહોંચી બાપુના શીર્ષ આશીર્વાદ મેળવ્યા હતા. આ દરમિયાન મંચ પરથી સંબોધનમાં હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ભોળા આદિવાસીઓને ખોટી રીતે ધર્મપરિવર્તન કરાવનારાઓ માટે કાયદામાં કોઈ છટકબારી નહીં બચે.

તાપી જિલ્લા ખાતે ચાલી રહેલ મોરારિબાપુની રામકથામાં હર્ષ સંઘવીએ હોળીના તહેવાર નિમિત્તે હાજરી આપીને બાપુના શીર્ષ આશીર્વાદ મેળવ્યા હતા. સાથે સમગ્ર તાપી જિલ્લાના લોકોને હોળીના તહેવારની શુભકામનાઓ પાઠવી હતી. તો બીજી તરફ ગૃહ રાજ્યમંત્રી દ્વારા જાહેર મંચ પરથી એક મોટું નિવેદન કરવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે આદિવાસી વિસ્તારના ભોળા આદિવાસી લોકોને અમુક તત્ત્વો દ્વારા ફોસલાવીને ખોટા રસ્તે લઈ જનાર લોકો પર સરકાર દ્વારા ગંભીર પગલાં લેવામાં આવશે. જેમાં પણ ખાસ કરીને જો જિલ્લામાં ધર્મપરિવર્તનની દાનતથી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિઓ કરીને ખોટી રીતે ફસાવવામાં આવશે તેવા લોકો માટે કાયદાની કોઈ પણ બારી નહીં બચે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાપી જિલ્લાના સોનગઢ અને વ્યારા તાલુકા તેમ જ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં મોટી સંખ્યામાં ચર્ચ ઊભાં કરી દેવામાં આવ્યાં છે. જેથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. ખાસ કરીને તાપી જિલ્લાના વ્યારા, સોનગઢ, ડોલવણ અને ઉચ્છલમાં મોટા પાયે આદિવાસીઓએ ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો છે. સોનગઢ તાલુકામાં ૫૦૦ કરતાં વધારે ચર્ચ, વ્યારા તાલુકામાં ૨૦૦ કરતાં વધારે ચર્ચ, ડોલવણ અને ઉચ્છલ તાલુકામાં લગભગ ૧૦૦-૧૦૦ સૌથી વધારે ચર્ચ બનાવવામાં આવ્યાં છે. ■

# ગુજરાત વિધાનસભામાં ૧૮ થી ૨૧ માર્ચના રોજ એલોપેથિક આર્યુવેદિક- હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા.૧૮થી ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રધાનો, ધારાસભ્યો, વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ અને પત્રકારો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને આરોગ્ય પ્રધાન ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં તા. ૧૮ અને ૧૯ માર્ચના રોજ એલોપેથિક તેમ જ તા. ૨૦ અને ૨૧ માર્ચના રોજ આર્યુવેદિક-હોમિયોપેથિક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા. ૧૮ માર્ચના રોજ પ્રધાનો-ધારાસભ્યો માટે અને તા. ૧૯ માર્ચના રોજ બાકી રહેલા પ્રધાન-ધારાસભ્યો, વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ અને પત્રકારો માટે એલોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે. તેવી જ રીતે તા. ૨૦ માર્ચના રોજ પ્રધાનો-ધારાસભ્યો માટે અને તા. ૨૧ માર્ચના રોજ બાકી રહેલા પ્રધાન-ધારાસભ્યો, વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ અને પત્રકારો માટે આર્યુવેદિક-હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાશે. આ મેડિકલ કેમ્પ વિધાનસભા સંકુલના ચોથા માળે સવારે ૮:૩૦ કલાકથી કાર્યરત થશે.

આ મેડિકલ કેમ્પમાં ઓપીડી ચેકઅપ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા કરવામાં આવશે. જેમાં જરૂરિયાત મુજબ બ્લડ રિપોર્ટ, યુરિન રિપોર્ટ, ઇસીજી જેવા વિવિધ ટેસ્ટ કરવામાં આવશે. સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા રિપોર્ટ અને વ્યક્તિ ચકાસ્યા બાદ જો કોઈને વધારાના ટેસ્ટની આવશ્યકતા જણાય તો તે માટે જીએમઈઆરએસ, મેડિકલ કૉલેજ ગાંધીનગર ખાતે રિફર કરવામાં આવશે. ■

# વર્ષ ૨૦૨૪માં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ૧૫,૮૨૦ કેસનો નિકાલ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર વિશ્વમાં ગ્રાહકો તેમના અધિકારો પ્રત્યે જાગૃત થાય તે ઉદ્દેશથી દર વર્ષે ૧૫મી માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર ગ્રાહકોની ફરિયાદોનું ઝડપી નિવારણ પૂરું પાડવા માટે સતત કાર્યરત છે. વર્ષ ૨૦૨૪ની વાત કરીએ તો, રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન તથા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા અનુક્રમે ૨,૨૧૪ અને ૧૫,૮૨૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ગ્રાહકોને તેમના અધિકારો વિશે શિક્ષિત કરવા, ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ વધારવા અને રાજ્યમાં ન્યાયી વેપાર પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે ગ્રાહકોને લગતી ફરિયાદો માટે રાજ્ય સરકારનો હેલ્પ લાઇન નંબર ૧૪૪૩૭ કાર્યરત છે, જેમાં ગ્રાહકોને લગતી ફરિયાદો અંગે તેઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ હેલ્પલાઇન ઓક્ટોબર ૨૦૨૪થી શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત આજ દિન સુધીમાં ૪૨૦૦થી વધુ ગ્રાહકોને મદદ પૂરી પાડવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૨૪૭૭ તથા તાબાના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૧૯,૭૨૩ ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી અનુક્રમે ૨૨૧૪ અને ૧૫,૮૨૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્ય અને જિલ્લા સ્તરે લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં કુલ ૧૪૫૭ કેસમાં રૂા.૨૪,૮૪,૬૯,૧૪૦ની રકમનો પરસ્પર સહમતિથી નિકાલ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા કુલ ૨૫૦૦ કન્ઝ્યુમર્સ ક્લબ તૈયાર કરવામાં આવી છે, જેમાં જિલ્લાવાર એક સંકલન એજન્સી તરીકે માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ કામગીરી કરે છે.

રાજ્ય સરકાર દ્વારા ક્લબ દીઠ રૂા.૫,૦૦૦ની નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે, જે માટે રાજ્ય સરકાર વાર્ષિક ૧.૨૫ કરોડ જેટલો ખર્ચ કરે છે. ■

# સંસ્થા સમાચાર

## યુવામેળો

કાંદિવલી વેસ્ટમાં આવેલી ઠાકુર ઇન્ટરનેશનલ સ્કૂલમાં છ એપ્રિલે યુવામેળાનું આયોજન જેજેસી કાંદિવલી દ્વારા કરવામાં આવ્યું છે. સવારે નવથી બપોરે બે વાગ્યા સુધી જૈન સમાજના અપરિણીત અને ગ્રેજ્યુએટ યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી શકે એવી પહેલ કરવામાં આવી છે. એના માટે ૨૦ માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

## મહિલાદિને સાડી વૉકેથોન

ઈનર વ્હીલ ક્લબ ઑફ બોરીવલી દ્વારા મહિલા દિનની ઉજવણી સાડી વૉકેથોનના આયોજન સાથે કરવામાં આવી હતી. એમાં ક્લબના પ્રમુખ અને સેક્રેટરી સહિત અનેક મહિલાઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. એ દરમ્યાન સર્વાઇકલ કેન્સર અને આપણી સંસ્કૃતિ અંગે પ્રવચન આપવામાં આવ્યુ હતું. કાંદિવલી વેસ્ટના પોઈસર જિમખાનાથી આ રેલી કાઢવામાં આવી હતી. એમાં નારીશક્તિ ઝીંદાબાદના નારા પણ લગાવવામાં આવ્યા હતા.

## રોટરી ક્લબ ઑફ બોરીવલીએ મહિલા દિનની ઉજવણી કરી

રોટરી ક્લબ ઑફ બોરીવલીએ મહિલા દિનની ઉજવણી કરી હતી. એ કાર્યક્રમ દરમ્યાન વિવિધ ક્ષેત્રમાં ઉલ્લેખનીય કાર્યો કરનારી મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી. ક્લબના પ્રમુખે સૌનું સ્વાગત કર્યું હતું.

એમાં પોલીસની કામગીરી અંગે સ્મિતા જાધવે, નગરપાલિકા અંગે કોર્પોરેટર બીના દોશીએ અને કાયદા અંગે રિદ્ધિ શાહે હાજર લોકોને માહિતી આપી હતી.

## બોરીવલીમાં ચામડીના રોગોનો ફ્રી નિદાન-કેમ્પ તથા જળો ચિકિત્સા શિબિર

આરોગ્ય રક્ષા પરિવાર ટ્રસ્ટ-કેશોદ દ્વારા આજે અને આવતી કાલે બે દિવસ માટે ચામડીના રોગો અને સફેદ દાગના ફ્રી નિદાન-કેમ્પનું અને જળો ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ કલાકથી બપોરે ૧ અને સાંજે ૪ કલાકથી ૮ દરમ્યાન વૈદ્ય પ્રબોધ, ગોસ્વામી, ફ્લેટ નં-૨૫, એ-૧, દ્વારકેશ પાર્ક એપાર્ટમેન્ટ, ભાટિયા હાઇસ્કૂલ સામે, સાઈબાબા નગર, બોરીવલી (વે) ખાતે લોકો આ શિબિરનો લાભ લઈ શકશે. આ કેમ્પમાં ટ્રસ્ટ દ્વારા સંશોધિત સફેદ દાગની સચોટ આયુર્વેદિક દવાઓ અને જળો ચિકિત્સા પણ રાહતદરે આપવામાં આવશે.

## અમદાવાદમાં દરિયાપુરી સંપ્રદાયના પૂ. અપૂર્વમુનિજી કાળધર્મ પામ્યા



દરિયાપુરી સંપ્રદાયના પૂ. અપૂર્વમુનિ મ. સા. તા. ૧૪-૩-૨૫ને સાંજે ૬ કલાકે વિજયનગર, અમદાવાદ ખાતે કાળધર્મ પામ્યા છે. લખતરના વતની શાંતિલાલ આશારામ શાહના સુપુત્ર અમુભાઇએ પત્ની, પુત્રી અને બે સુપુત્ર સહિત ૧૯૮૩માં સપરિવારે આચાર્ય પૂ. શાંતિલાલજી મ. સા.ના મુખે દીક્ષા અંગીકાર કરેલ. આજે સવારે ૧૦-૩૦ કલાકે વિજયનગર, અમદાવાદ ખાતેથી પાલખીયાત્રા નીકળશે. પૂ. શ્રી ધીરગુરુદેવે ગુણાંજલિ અર્પણ કરી હતી.

# એકનાથ શિંદે-અજિત પવારને સીએમપદનું ગાજર દેખાડ્યું કૉંગ્રેસે

મુંબઈઃ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને વિધાનસભ્ય નાના પટોલે એ બંને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારને મુખ્ય પ્રધાનપદની સીધી ઓફર કરી છે. પટોલેએ કહ્યું છે કે 'અમારી પાસે આવો અને અમે તમારું સમર્થન કરીશું.' નાના પટોલેએ શિંદે અને પવાર બંનેને મુખ્ય પ્રધાનપદ માટે ખુલ્લી ઓફર કરી છે. મહાગઠબંધન નેતાઓ આ અંગે કેવી પ્રતિક્રિયા આપે છે તે જાણવું રસપ્રદ રહેશે. અગાઉની સરકારમાં એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા. નવી સરકારનું નેતૃત્વ કરવાની તેમની ઈચ્છા હતી. અજીત પવાર પણ સીએમ બનવા માગે છે. આ પરિસ્થિતિમાં નાના પટોલેએ આ નિવેદન આપ્યું છે.

બે નાયબ મુખ્ય પ્રધાનોને શું શુભકામનાઓ આપશે એવા સવાલના જવાબમાં પટોલેએ કહ્યું કે બંનેની હાલત ખૂબ જ ખરાબ છે. ગભરાયેલા છે. ભારતીય જનતા પાર્ટી તેમને ટકવા નહીં દે, કારણ કે ભાજપની એ જ આદત છે. દેશમાં જ્યાં જ્યાં તેમણે અન્ય પક્ષો સાથે ગઠબંધન કર્યું એ બધાને ભાજપે નષ્ટ કરી દીધા છે. ભાજપે એકનાથ શિંદેની તમામ યોજનાઓ બંધ કરી દીધી છે.

# પુણેમાં હની સિંહના કાર્યક્રમમાં ભીડ બેકાબૂ, પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી

પુણેઃ પુણેમાં ગાયક હની સિંહના કાર્યક્રમ પહેલા મોટી ધમાલ થઇ હતી જયાર બાદ પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. ભીડ પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ જવાથી પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

પુણેના ખરાડી વિસ્તારમાં શુક્રવારે ગાયક હની સિંહનો લાઇવ કોન્સર્ટ હતો, પણ આ કાર્યક્રમમાં અપેક્ષા કરતા વધુ લોકો આવ્યા હોવાથી ભીડ બેકાબૂ બની હતી.

આ અંગેના વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. હની સિંહના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો આવ્યા હતા. સુરક્ષા માટે પોલીસ અને બાઉન્સર્સ હતા, પણ ભીડ પર કાબૂ મેળવવાનું અશક્ય બન્યું હતું.

પોલીસે પ્રેક્ષકોને અંદર જવા માટે જેમ દરવાજો ખોલ્યો તેમ જબરદસ્ત ભીડ ધસી આવી હતી. ભીડ એટલી વધી ગઈ કે સુરક્ષાવ્યવસ્થા કોરાણે રહી ગઇ. છેવટે કોઇ પર્યાય ન રહેતા પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. પૈસા ખર્ચો કરીને યુવાનો હની સિંહનો કાર્યક્રમ જોવા ગયા હતા, પરંતુ તેમને ત્યાં ખરાબ અનુભવ થયો હતો.

હની સિંહને કોઈ ગેંગ તરફથી ધમકી મળી હોવાથી તે ઘણા વખતથી ભારતની બહાર દુબઈમાં હોવાનું કહેવાઇ રહ્યું હતું, પણ હવે તે ભારતમાં ફર્યો છે.

# વિક્રોલીમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ વે પર ઓઈલ ઢોળાતા ટ્રાફિક જૅમ

મુંબઈઃ શુક્રવારે સવારે ઈસ્ટર્ન એક્સપ્રેસ વે પર એક ટેન્કરમાંથી મોટા પ્રમાણમાં તેલ લીકેજ થયું હતું. તેલ રસ્તા પર ઢોળાઈ જવાને પરિણામે અનેક વાહનો અકસ્માતની અડફેટે આવી ગયાં હતાં. નસીબજોગ આ ઘટનામાં કોઇ જાનહાનિ નોંધાઈ નહોતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓ દ્વારા સમયસૂચકતા દાખવવામાં આવતાં મોટી દુર્ઘટના ટળી હતી. જોકે આ રૂટ પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી.

શુક્રવારે સવારે થાણેથી એક ટેન્કર મોટી માત્રામાં તેલ લઈને મુંબઈ તરફ જઇ રહ્યું હતું. આ ટેન્કર વિક્રોલી વિસ્તારમાં પહોંચતાં જ અચાનક તેમાંથી ભારે પ્રમાણમાં તેલ લીકેજ થવા લાગ્યું હતું. આખા રસ્તા પર તેલ ફેલાઈ જવાને કારણે અનેક વાહનો તેલ પર લપસી જવાને કારણે અકસ્માત નડ્યો હતો. ટ્રાફિક પોલીસને માહિતી મળતાં જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે તાત્કાલિક બે ફાયર એન્જિનો પહોંચી ગયાં હતાં. ફાયર ફાઈટરોએ રસ્તા પર ઢોળાયેલા તેલને તાત્કાલિક માટીથી ઢાંકી દેતાં મોટી દુર્ઘટના ટળી હતી. જોકે આને કારણે ઈસ્ટર્ન એક્સપ્રેસ વે પર ભારે પ્રમાણમાં ટ્રાફિક જેમ થયો હતો. આખરે સવારે ૯ વાગ્યે એક લેન ખુલ્લી મુકાતા ટ્રાફિક પર થોડો કાબૂ મેળવી શકાયો હતો.

# ધુળેટીના દિવસે ટ્રાફિક પોલીસે વસૂલ્યો ૯૨ લાખનો દંડ

મુંબઈઃ મુંબઈમાં ધુળેટીની ઉજવણીના નશામાં છાકટા થયેલા નાગરિકોએ ૮,૦૭૩ ટ્રાફિક અપરાધ ગઇ કાલે કર્યા હતા અને ટ્રાફિક પોલીસ દ્વારા આ ગુના પેટે એક જ દિવસમાં ૯૨,૦૭,૨૫૦ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. ડ્રન્ક એન્ડ ડ્રાઇવના ૧૭ કેસ નોંધાયા હતા, પણ સૌથી વધુ કેસ ટ્રાફિક આડે અચડણ ઊભી કરવાના (૩,૫૨૯) કેસ નોંધાયા હતા.

આ ઉપરાંત પોલીસે હેલ્મેટ વિના ટૂ-વ્હીલર ચલાવી રહેલા ૧,૮૨૭ ચાલકોને પકડ્યા હતા. ટ્રિપલ સીટના ૮૩ મામલા સામે આવ્યા હતા.

એકંદરે મુંબઈમાં ધુળેટીનો રંગોત્સવ શાંતિથી પાર પડ્યો હતો.

પાંચમાં પાનાનું ચાલુ

## મને બોલવામાં ફસાવી દેવાયોઃ જયંત પાટીલ

પવાર સાથે જોડાઈ જશે. શુક્રવારે બારામતીમાં જયંત પાટીલ શરદ પવારને મળ્યા હતા. ત્યારબાદ, મીડિયા સાથે વાત કરતાં તેમણે ઘણી બાબતો પર ટિપ્પણી કરી હતી. આ વખતે, તેમણે તેમના નિવેદન, 'મારી ગેરંટી ન રાખો, મારું કંઈ પાકું કહેવાય નહીં' પર શરૂ થયેલી ચર્ચાઓ પર પણ સ્પષ્ટ ખુલાસો કર્યો હતો.

હું નારાજ નથી, મને બોલવામાં ફસાવી દેવામાં આવે છે. કૃપા કરીને મેં આપેલા ભાષણના સંદર્ભ પર એક નજર નાખો. શક્તિપીઠ રોડ સામે વિરોધ કરવા આવેલા લોકોને સંબોધતાં મેં કહ્યું હતું કે સમય જતાં, જ્યારે લોકોને વધારાનું વળતર મળે છે, ત્યારે તેઓ તે લઈ લે છે અને ચૂપ બેસી જાય છે. રાજુ શેટ્ટીએ આ વખતે આંદોલનનો ધ્વજ હાથમાં લીધો હોવાથી હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી, આમ એ વાત મજાકનો એક ભાગ હતો. તમે તમારો વિરોધ ચાલુ રાખો, હું તમારા વિરોધને સમર્થન આપું છું, એમ મેં કહ્યું હતું. એક કલાકમાં, મેં મીડિયાને સ્પષ્ટતા પણ કરી હતી. તેથી, હવે એવું લાગે છે કે બધા મીડિયાએ મને ગમે તે રીતે ક્યાંક ધકેલી દેવાનું નક્કી કર્યું છે, એવા શબ્દોમાં જયંત પાટીલે પોતાની નારાજી વ્યક્ત કરી હતી.

## એનસીપી (એસપી)માં ભૂકંપ થવાની શિંદે સેનાના નેતાની આગાહી

શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે એવો દાવો કર્યો છે કે એનસીપી (એસપી)માં ટૂંક સમયમાં મોટો ભૂકંપ થવાનો છે અને સિનિયર નેતા તેમ જ મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના અધ્યક્ષ જયંત પાટીલ પાર્ટી છોડીને અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીમાં જોડાઈ જશે. આ બધા વચ્ચે જયંત પાટીલે શરદ પવારની મુલાકાત લીધી હતી.

મેં આ વસ્તુ ભૂતકાળમાં પણ કહી છે. જયંત પાટીલ એનસીપી (એસપી)માં લાંબો સમય રહેવા માટે ઈચ્છુક નથી. શરદ પવારની પાર્ટીમાં ભૂકંપ જોવા મળશે. તમે જોશો કે જયંત પાટીલ અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીમાં જોડાઈ જશે.

## જયંત પાટીલને અમારી સાથે જોડાવું હોય તો સ્વાગત છેઃ એકનાથ શિંદે

છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચા ચાલી રહી છે કે એનસીપી (એસપી)ના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલ શરદ પવારથી નાખુશ છે. બે દિવસ પહેલા, તેઓએ એક મંચ પર કહ્યું હતું કે, 'મારી ગેરંટી ન લો.' મારું કશું પાકું કહેવાય નહીં. આ નિવેદન પછી રાજ્યના પ્રધાન હસન મુશ્રીફે એવો દાવો કર્યો હતો કે, જયંત પાટીલ નારાજ છે. જયંત પાટીલના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ફરી ચર્ચાઓ શરૂ થઈ ગઈ. હવે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જયંત પાટીલના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં તેમને ખુલ્લી ઓફર આપી દીધી હતી.

## ૫૦ ટકા કોંક્રીટીકરણનું કામ પૂરું કર્યું સુધરાઈએ

એન્જિનિયરોની આવતી સમસ્યાઓને બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ વર્કશોપમાં ૩૦૦થી વધુ એન્જિનિયરોએ ભાગ લીધો હતો.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે આ વર્કશોપમાં એન્જિનિયરોને સંબોધતા કહ્યું હતું કે કોઈ પણ પ્રોજેક્ટના અમલીકરણમાં, ગુણવત્તા અથવા ટેક્નિકલ ખામીઓ ટાળવા માટે એન્જિનિયરોએ સતર્ક રહેવું આવશ્યક છે. રસ્તાઓના બાંધકામ દરમ્યાન એન્જિનિયરોએ સાઈટ પર રહેવાનું ફરજિયાત રહેશે. કામ ચોમાસા પહેલા કરવાનું હોવાથી ઝડપથી કરવાના ચક્કરમાં કામની ગુણવત્તાને અસર થાય નહીં તેના પર ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

## ફિલ્મસિટીમાં બનશે

મુંબઈમાં સ્થાપવામાં આવશે અને તે માટે ગોરેગામ ફિલ્મસિટીની જગ્યા તેની માટે ઉપલબ્ધ કરી આપવામાં આવનાર છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગેની માહિતી આપી હતી. મુંબઈમાં પહેલીથી ચોથી મે, ૨૦૨૫ દરમિયાન મુંબઈના જિઓ કન્વેન્શન સેન્ટરમાં વર્લ્ડ ઓડિઓ-વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇન્મેન્ટ સમિટ ૨૦૨૫ એટલે કે વેવ્ઝ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે પ્રાથમિક સત્રનું આયોજન દિલ્હી ખાતે સુષ્મા સ્વરાજ ભવન ખાતે કરવામાં આવ્યું હતું. તે વખતે ફડણવીસે ઉક્ત માહિતી આપી હતી.

## ફડણવીસ મોદીજી પાસેથી શું-શું લઈ આવ્યા?

આવતા અવરોધો ટૂંક સમયમાં દૂર થશે. ચર્ચા થયેલા વિષયોમાંનો એક મુદ્દો સ્થાનિક સંસ્થાઓને ૧૫મા નાણાપંચમાંથી શક્ય તેટલી વહેલી તકે ભંડોળ મેળવી આપવાનો હતો. આ બધા મુદ્દાઓ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો હોવાનું મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## પવઈની હૉટેલ પર રેઇડ

ચાર ફોટા મોકલ્યા હતા. બોગસ ગ્રાહકે કહ્યું હતું કે તેને ચારેય મહિલાની જરૂર છે, કારણ કે તેના મિત્રો પણ રસ ધરાવે છે.એજન્ટે બોગસ ગ્રાહકને જણાવ્યું હતું કે ચારેય મહિલા ટીવી એક્ટ્રેસ તરીકે કામ કરે છે. પૈસા અંગે વાતચીત થયા બાદ બોગસ ગ્રાહકે એજન્ટને ચારેય મહિલાને લઇ પવઇની હૉટેલમાં બોલાવ્યો હતો. પોલીસે હૉટેલ બહાર અગાઉથી છટકું ગોઠવી રાખ્યું હતું અને એજન્ટ ત્યાં ચાર મહિલા સાથે આવ્યો ત્યારે તેને તાબામાં લેવાયો હતો.એજન્ટની ઓળખ શ્યામ સુંદર આરોરા (૬૦) તરીકે થઇ હતી, જેની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે છોડાવેલી ચારેય મહિલા વર્સોવા, અંધેરી પશ્ચિમ અને ગોરેગામની છે. પોલીસે ત્યાંથી અમુક રોકડ તથા આઠ મોબાઇલ જપ્ત કર્યા હતા. અરોરાની પૂછપરછમાં ચારકોપની એક વ્યક્તિની આમાં સંડોવણી સામે આવી હતી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નલિનીબેન હર્ષદભાઈ કામદાર (ઉં. વ. ૮૧) ૧૨ માર્ચ ૨૫ના અરિહંતચરણ પામેલ છે. અમરેલી નિવાસી હાલ વડાલા મુંબઈ, હર્ષદભાઈ દલીચંદભાઈ કામદારની પત્ની તથા પરાગભાઈ, બીજલબેન, પૌલોમીબેનના મમ્મી. ઊમેદલાલ ડાહ્યાલાલ કોઠારીના સુપુત્રી. સ્વાતી, સુધીર, રાજેશના સાસુ. રોહન, નિષ્મા-વત્સલ, આશના-અક્ષત, નમહના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી, હાલ કાંદીવલી સ્વ. અનંતરાય પ્રેમચંદ સલોતના સુપુત્ર અશ્વિનભાઈ (ઉં. વ. ૬૭) તા. ૧૨-૩-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. શ્રેયા તથા વત્સલના પિતા. સ્વ. જીતેન્દ્ર સલોતના ભાઈ. સ્વ. કિશોરચંદ્ર પરમાણંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. રહેઠાણ- ઈ- ૪૦૧, અંબિકા દર્શન, ગોવિંદ નગર, કાંદીવલી (ઈસ્ટ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી, હાલ ખામગામ સ્વ. લક્ષ્મીચંદભાઈ પ્રેમચંદભાઈ સંઘવીના પૌત્રવધૂ મંજુલાબેન (ઉં. વ. ૮૯) તે સ્વ. મહાસુખભાઈ લક્ષ્મીચંદભાઈ સંઘવીના ધર્મપત્ની. કિરીટ-મીના, દિનેશ-વર્ષા, નીતિન-જ્યોતિ, દિવ્યા-ચેતનના માતુશ્રી. આકોલા નિવાસી સ્વ. મકનજી પાનાચંદ કોરડીયાના દીકરી તથા સ્વ. વિનોદરાય, સ્વ. પ્રવીણભાઈ, ચંદ્રકાંતભાઈ, દિલીપભાઈ, ઈન્દુબેન, પ.પૂ. ૐકારલેખાશ્રીજી મ. સા. તથા સ્વ. મધુબેનના ભાભી. તા. ૧૨-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી શ્રી ચંપકલાલ ભગવાનજી ગાંધી (ઉં. વ. ૯૪) તે સ્વ. શ્રીમતી લીલાબેનનાં પતિ. ડૉ. જયેશ-રીટા, રાજેશ-નીતા તથા અશોક-શિલ્પાનાં પિતા. ડૉ. રોઝીલ- ડૉ. અદિતિ, ડૉ. ચૈતી, નિર્મિત- પાયલ, ટોસિન, પયોજા અને ટીશા-જયનાં દાદા તેમજ વિહા, વ્યાનસીનાં પરદાદા તા. ૧૦-૩-૨૫ નાં રોજ અમદાવાદ મુકામે અરિહંત શરણ પામ્યા છે. પ્રાર્થના સભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના અ.સૌ. મીના યોગેશ ગડા (ઉં. વ. ૫૭) તા. ૧૨-૦૩-૨૫ના અવસાન પામેલ છે. ભગવતીબેન પ્રેમજી દેવજીના પુત્રવધૂ. યોગેશના ધર્મપત્ની. સી.એ. નિરવ, ધવલના માતુશ્રી. નાગલપુર કેસરબેન પોપટલાલ ઘેલાભાઇ દેઢીયાના પુત્રી. દિનેશના બેન. પ્રાર્થના : વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર, ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. નિ. યોગેશ ગડા, સી-૩, ૨જે માળે, રોઝી મેરી બીલ્ડીંગ, સ્ટેશન રોડ, વિક્રોલી (વે.). મું. ૭૯.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના હાલે બોરીવલી સ્વ.લક્ષ્મીબેન કાનજી ગાંગજી ગીંદરા (ઉં. વ. ૭૨) તા. ૧૦.૩.૨૫ સોમવારના અવસાન પામેલ છે. સ્વ. પાલઈબેન ગાંગજીના પુત્રવધૂ. સ્વ.કાનજી ગાંગજીના ધર્મપત્ની, હિતેશ(લાલજી) સ્વ. જયેશ, સુશીલા, ભગવતી, મિતાના માતુશ્રી. લતા, હસમુખ સાવલા,રૂપશી છેડાના સાસુ. મૈત્રીના દાદી. સ્વ. રાણીબેન પુંજા સાંગણની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે.૧૭૦૩, અનામીકા, રામનગર, એસ.વી.રોડ, નીયર કલ્યાણ જવેલર્સ, બોરીવલી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના કાનજી ગુણશી શીવજી ગાલા (ઉં. વ. ૭૮) તા. ૧૦.૩.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન/ડાઈબેન ગુણશી શીવજી ગાલાના સુપુત્ર. મણીબેનના પતિ. મનીષ, હિતેશ, જયશ્રી, ઉર્મીલાના પિતાશ્રી. રશ્મી, ભાવિની, અતુલ, ભરતના સસરા, તીર્થ, રૂત્વીકા, વંશી, ત્વીશા, ધ્યાનાના દાદા. ઉમંગ, રોનક, કૃષિ, શુભના નાના. સ્વ. ડાઈબેન શામજી માલશી કારીઆના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૫.૩.૨૫ના શનિવાર સમય બપોરે ૩ થી ૪.૩૦ સ્થળ. પ્યુપિલ્સ સ્કૂલ, ખાર-વેસ્ટ, ઠે.૧૦૩ બી સંકલ્પ, સિધ્ધી સોસાયટી, માટુંગા રોડ, મું.૧૬.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ.લાલજી ગુણશી ફુરિયા (ઉં. વ. ૮૫) તા.૧૧.૩.૨૫ મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. હીમાબેન ગુણશીના સુપુત્ર, રમીલાબેનના પતિ, રમેશ, નરેન્દ્ર, વિનોદ, જયશ્રીના પિતાશ્રી, નીતા, મનીષા, હેલી, દ્નિશેના સસરા, દ્રષ્ટિ, સંચિત, કરણ, દિપના દાદાજીસસરા, પાર્થ, નિધીના નાના, આધોઈના સ્વ. વેજીબેન પચાણ સત્રાના જમાઈ. પ્રાર્થના સભા તા. ૧૫.૦૩.૨૦૨૫ શનિવાર સમય બપોરે ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજૂમાં દાદર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ખારોઈના સ્વ.ધનીબેન પોપટલાલ સાવલા (ઉં. વ. ૮૭) તા.૧૨.૦૩.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ગૌરીબેન પરબત સાવલાના પુત્રવધૂ. રૂપશી, નવિન, મણીલાલ, લીલાવંતી, ગીતાના માતુશ્રી. અમૃત, સુશીલા, પુષ્પા, સ્વ. મણીલાલ, રમેશના સાસુ. નિમેષ, જીગ્નેશ, નિકુંજ, કેવિન, રૂપાલી, મિત્તલ, ફોરમના દાદી. રોહન, સ્વપનીલ, કેયુર, ભવ્ય, નેહા, વૃત્તિના નાની. મનફરાના માતુશ્રી. સ્વ.ગંગાબેન ભુરાભાઈ પરબત ફરિયાની દિકરી. પ્રાર્થનાસભા શનિવારે તા.૧૫.૦૩.૨૫ના છે. સવારે ૧૦ થી ૧૧.૩૦, ઠે. કપોળ વાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ ગોરેગાવ ગં. સ્વ. કોકિલાબેન ચંદ્રકિશોર નંદલાલ કોઠારી- તે ચિરાગ તથા શાલિનના માતુશ્રી. હિંમતભાઈ, રાજેશભાઈ, દીપકભાઈના ભાભી. સરલાબેન, વનિતાબેન, ભારતીબેન, પ્રવીણા, કોકીબેનના ભાભી. તે પિયરીયા અમરાપુર નિવાસી સ્વ. લીલાવંતીબેન બાબુલાલ વોરાની દીકરી. હસુભાઈ -સ્વ. બિપીનભાઈ, જ્યોતિબેન, ઉમાબેનના બેન. તે તા.૧૩/૦૩/૨૫ ના અરિહંત શરણ પામેલ છે, લૌકિક વહેવાર રાખેલ નથી.

**હાલારી વિશા શ્રીમાળી સ્થા જૈન**

લાલચંદ હરખચંદ વારીયાના પુત્ર શ્રી દિપક લાલચંદ વારીયાના ધર્મપત્ની અ.સૌ. માલાબેન દિપકભાઈ વારીયા ૧૨ માર્ચ ૨૦૨૫ ના બુધવારે અરિહંતશરણ પામ્યાં છે. જે તોરલ, હેતલ, ચાંદનીના માતુશ્રી. કાકુલાલ છગનલાલ મહેતાનાપુત્રી. તે સમીરભાઈ કાકુલાલ મેહતાની બહેન. (લૌકિક વ્યવહાર બંધ છે)

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી લીલાવતીબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. દિનેશચંદ્ર વીરચંદ શાહ ના ધર્મપત્ની તે ૧૨/૩/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સંજીવ, રૂપા, જયશ્રી, મીના, તૃપ્તિ ના માતુશ્રી. ભાવના, નિલેશ જૈન, ભરત પારેખ, શૈલેષ ભાલાણી, હિતેષ મહેતલીયાના સાસુ. વાડીલાલ, નંદલાલ, શાંતાબેન, કમળાબેન, લીલીબેન, વસંતબેન, ચંદનબેનના ભાભી. ગુલાબચંદ ધનજી કોઠારી ના દીકરી, વસંતભાઈ, સુરેશભાઈના બહેન. પ્રાર્થનાસભા બંધ છે.

**ભાવસાર જૈન**

વાળુકડ નિવાસી હાલ બોરીવલી સ્વ. રતિલાલ વનમાળીદાસ નાવડીયાના પુત્રવધૂ. ગં. સ્વ કલાબેન નાવડિયા (ઉં. વ. ૯૩) તે ૧૨/૩/૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈના માતુશ્રી. જ્યોત્સનાબેનના સાસુ. સ્વ.ચંચળબેન ભાઈચંદભાઈ

# હિન્દુ મરણ

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

સ્વ. કનુભાઈ ઓધવજી ઓઝાના ધર્મપત્ની સ્વ. સાવિત્રીબેન કનુભાઈ ઓઝા (ઉં. વ. ૭૫) તે સ્વ. રતિલાલ ગોરધન મહેતાની પુત્રી. તે સંદિપ, જીજ્ઞેશના માતુશ્રી. સારીકાના સાસુ. તે ઈશા, અયાનના દાદી તા. ૧૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ક્રિયા તા. ૨૧-૩- અને ૨૨-૩ના રોજ જૂનાગઢ મુકામે બ્રહ્મસમાજની વાડીમાં રાખેલ છે.

**નાયક ભોજક બ્રાહ્મણ**

પાટણવાલા હાલ ઘાટકોપર મુંબઈ સ્વ. અંબાલાલ હરિલાલ ભોજક (ઉં. વ. ૯૦) તા. ૧૧-૩-૨૫ના દેવલોક પામેલ છે. જે સ્વ. મનુભાઈ ભોજક, પ્રો. રમેશભાઈ ભોજકના ભાઈ. ભાવેશભાઈ, શોભાબેન, સ્વ. નીરૂબેન, પ્રતિમાબેન, આશાબેનના પિતાજી. હર્ષિદાબેન, અરુણકુમાર, સ્વ. મહેશકુમાર તથા હર્ષદકુમારના સસરા અને દિવ્યના દાદા તેમની પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫, રવિવારના શિવાજી હોલ કામાગલી, ઘાટકોપર વેસ્ટ. સવારના ૧૦ થી ૧૨મા રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વાણિયા**

મુંબઈ નિવાસી સ્વ. જયંતીલાલ માણેકલાલ શાહની સુપુત્રી શકુંતલા જયંતીલાલ શાહ (ઉં. વ. ૭૫) ૧૩-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે.

**દશા સોરઠિયા વણિક**

કાંતિલાલ મણીલાલ શેઠ (ઉં. વ. ૯૪) બુધવાર તા. ૧૨-૩-૨૫ના કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દેવિલા શેઠના પતિ. મયુરી, સંદિપ અને ભક્તિના પિતાશ્રી. ભરતકુમાર સુરેન્દ્રભાઈ નરખી, રાજીવકુમાર પ્રિતમલાલ શાહ, સૌ. રશ્મિના સસરા. સ્વ. પ્રભુદાસભાઈ, નવિનચંદ્ર, સ્વ. રમણિકભાઈ, વિનોદચંદ્ર, સ્વ. વસંતબેન છબિલદાસ શાહ, સ્વ. ઉષાબેન બિપીનચંદ્ર વિભાકર, સ્વ. હંસાબેન બકુલેશ શાહ, સ્વ. દિવ્યાબેન હસમુખભાઈ મદાણીના ભાઈ. સ્વ. સરિતાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. સરયુબેન, સ્વ. મનસુખભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કડવા પાટીદાર**

સ્વ. વિરજીભાઈ નાનજીભાઈ પટેલ (નાકરાણી) (ઉં. વ. ૧૦૧) સ્વર્ગવાસ તા. ૧૨/૦૩/૨૫ બુધવાર, શ્રદ્ધાંજલિ સભા શનિવાર તા. ૧૫/૩/૨૫ ના બપોરે ૪થી ૫:૩૦ સુધી પાટીદાર વાડી, ઘાટકોપર વેસ્ટ માં રાખેલ છે. કનુભાઈ, હરેશભાઈ અને હિતેશભાઈ તથા સમસ્ત નાકરાણી પરિવાર.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

જસદણ ગામઃગઢડિયા નિવાસી. હાલ કાંદિવલી(ઇસ્ટ).મુંબઈ સ્વ. રળિયાતબેન ચકુભાઈ હાલારીના પુત્ર ધનજીભાઈ ચકુભાઈ હાલારી (ઉં. વ. ૮૨) તાઃ ૧૩/૩/૨૫ ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઉષાબેનના પતિ. નિલેશભાઇ તથા પ્રકાશભાઈ તથા પુજાબેનના પિતા. તે મહેશકુમાર હિરાલાલ મકાણીના સસરા. તે જશ તથા ધ્રુવના નાના. તે રિયા અને ક્રિતેશના દાદા. તેમની પ્રાર્થનાસભા તાઃ૧૫/૩/૨૫ શનિવારના રોજ. સમય ૪ થી ૬ ઠે. ૦૭, કિશોરભાઈ ચાલ, એમ.ડી. રોડ, રામનગર. સાઈબાબા મંદિરની પાસે. હુતાત્મા રાજગુરુ પુલની બાજુમાં. કાંદિવલી (ઈસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાવનગરી મોચી**

ગામ સોસિયા, હાલ મુંબઈ (લાલબાગ), નિવાસી મહેન્દ્રભાઈ (મનુભાઈ) નરશીદાસ પરમાર (ઉં. વ. ૭૯) ગુરવાર, ૧૩-૩-૨૫ શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રમિલાબેનના પતિ. તુષાર, જયદીપ, ભાવનાના પિતા. મધુ, મહેશ્વરી, યોગેશના સસરા. નિયતી, ઉન્નતિ, હેત્વી, પ્રિતના દાદા. વિધી ક્રિષ્નાના નાના. તેમની પ્રાર્થનાસભા, શનિવાર, ૧૫-૩-૨૫ ના રોજ સાંજે ૫થી ૭. ઠે. લુણાવા ભવન, યુનિટ નંબર-૯-વ, દાદોજી કોન્ડેવ માર્ગ, સસેક્સ ઇન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટની પાસે, હનુમાન મંદિરની સામે, ભાયખલા ઇસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૭.

**હાલાઈ લોહાણા**

ગીતા હરીશ કાપડિયા (પંચમતિયા) (ઉં. વ. ૭૫) મંગલા અને સર્વોત્તમ વાગલેની પુત્રી, ચારુ, સોનમ અને સ્વ. લેફ્ટનન્ટ નવાંગ કાપડિયાની માતા, મંજુલા અને ભગવાનદાસ કાપડિયા (રામદાસ ભગવાનદાસ) ના પુત્રવધૂ. શીલા શેખર જયવંત અને સ્વ. સુરેન વાગલેના બહેન. પ્રતિમા વિજય લાલ અને સ્વ. વીણા ભગવાનદાસ કાપડિયાના ભાભી. બુધવાર, ૧૨ માર્ચ ૨૫ના રોજ મુંબઈ ખાતે સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, ૧૫ માર્ચ ૨૫ના રોજ સાંજે ૫થી ૬:૩૦ ઠે. ફેલોશિપ ઓફ ધ ફિઝિકલી હેન્ડિકેપ્ડ (એફપીએચ)૫મો માળ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ - ૪૦૦૦૩૪.

**જનોડ એકડા વિશા ખડાયતા**

બોરીવલી નિવાસી શ્રી સુરેશચંદ્ર મણિલાલ શાહ (ઉં. વ. ૭૭) તે સ્વ મણિલાલ છગનલાલ શાહના

---

ગોંડલીયાના દીકરી. સ્વ. શારદાબેન મનહરલાલ, છાયાબેન પ્રમોદભાઈ, સ્વ.મૃદુલાબેન નવનીતભાઈ, સ્વ. સવિતાબેન ધીરજલાલ, મધુબેન અમૃતલાલ, સ્વ. પુષ્પાબેન રસિકલાલના ભાભી.લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી, હાલ વિરાર સ્વ. નીલમબેન નંદલાલ બાવિશીના સુપુત્ર પ્રકાશભાઈ (ભીખુભાઈ) બાવિશી -(ઉં. વ. ૬૪) તારીખ ૧૦-માર્ચ-૨૦૨૫ ના રોજ શ્રી અરીહંત શરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. તે પ્રતિક, ઈશા અને રીદ્ધિ ના પિતાશ્રી. તે ઉર્મિલાબેન રસિકલાલ જુઠાણી, સ્વ. કુમુદબેન રમણિકલાલ મહેતા, અંજનાબેન રજનીકાંત દોશી, રૂપાબેન સંજયભાઈ મોદીના ભાઈ. તે સ્વ. સાકરલાલ ચૂનિલાલ પારેખના જમાઈ.લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ ડોમ્બિવલી માલતીબેન તથા મહેન્દ્રભાઇ ભગવાનજી શેઠના સુપુત્ર ચિં. બ્રિજેશ (ઉં. વ. ૪૮) તે આશિતાના પતિ. હિયા તથા પ્રિષાના પિતા. નયના તથા મુકુંદભાઇ મડિયાના જમાઇ. રોહનના ભાઇ તા. ૧૩-૩-૨૫ના ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરત વિશા શ્રીમાળી જૈન**

અંધેરી નિવાસી મહેન્દ્રભાઇ વમળચંદ ઝવેરી (ઉં. વ. ૮૮) તે સ્વ. ઉર્વશીબેનના પતિ. પ્રભાવતીબેન વમળચંદ ન્યાલચંદ ઝવેરીના પુત્ર. સ્વ. સંજીવ, રાજીવ અને રેશમાના પિતાશ્રી. બેલા, મોના અને યોગેશભાઇ શાહના સસરાજી. મીતી અને અનુજના દાદા. પ્રબોધભાઇ ગિરધરલાલ શાહના જમાઇ. બુધવાર, તા. ૧૨-૩-૨૫ના દેવલોક પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

બાબરા નિવાસી હાલ વિલેપાર્લે પ્રતાપભાઇ શાહના સુપુત્ર પરાગભાઇ (ઉં. વ. ૪૬) તા. ૧૪-૩-૨૫ના શુક્રવારના અવસાન થયેલ છે. રસીલાબેનના પુત્ર. ડિમ્પલના પતિ. કરણ-મેહાનના પિતા. ધૃતિ નિમેષકુમારના ભાઇ. ચરમડાવાળા, જગદીશભાઇ મગનલાલના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૫ના રવિવારે, ૧૦થી ૧૨. ઠે. વિશ્વકર્મા બાગ, ૩૬-૩૭, બજાજ રોડ, પાર્લા (વેસ્ટ).

# પારસી મરણ

ઓસતા પરવેઝ તેહમુરસપ અંધ્યારુજીના તે મરહુમો ફીઓના પરવેઝ અંધ્યારુજીનાના ધણીયાની. તે મરહુમ ઓસતી દોલત અને એરવદ તેહમુરસ અંધ્યારુજીનાના દીકરા. તે ઓસતા યોહાનના પપા. તે જેસમીન મેહરનોશ કાપડીયાના ભાઇ. તે પેશોતન ને કૈઝાદના મામા. (ઉં. વ. ૬૬) રે. ઠે. ૨૨૦ રીવોરદ એ, ત્રીજે માળે, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૩-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે. ઓલબ્લેસ બંગલીમાં ડુંગરવાડી.

રતન હોમી કોતવાલ તે મરહુમો સીલલું હોમી કોતવાલના દીકરા. તે કેશમીરા જાલ દલાલ ને જરુના કઝીન સિસ્ટર. તે ફિરોઝ જાલ કોતવાલ ને પરસી જાલ દાજીના કઝીન બ્રધર્સ. (ઉં. વ. ૬૬) રે. ઠે. ૬ વાદીયા હાઉસ, ૨૨, એન.એસ. પાટકર માર્ગ, બાબુલનાથ, મુંબઇ-૪૦૦૦૦૭.

ખોદાદાદ ફરામરોઝ ઇરાની તે મરહુમો પીરોજા ફરામરોઝ ઇરાનીના દીકરા. તે બખતાવર સોરાબ ખરાસ, મેરવાન ને મરહુમ પરવીન જમશેદ આતશબાદના ભાઇ. તે વીસતાસ, આફતાબ, માનદાનાના મામા. તે કામબીઝ, નાદીદના કાકા. તે નીકુંજ ચંદ્રકાન્તના ફ્રેન્ડ. (ઉં. વ. ૭૩) રે. ઠે. ઝવેરી બિલ્ડિંગ, ત્રીજે માળે, કોરનર ઓફ ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૩-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

મનચેર ફરામરોઝ માદન તે અરનાવાઝના ધની. તે મરહુમો આલામાય ફરામરોઝ માદનના દીકરા. તે જઝીલના પપા. તે મરહુમો શેરુ જમશેદજી સરકારીના જમાઇ. તે શેરનાઝ પરવેઝ ભનસાલીના ભાઇ. તે દીનશા ને જેનીફરના બનેવી. (ઉં. વ. ૭૨) રે. ઠે. એ-૩૦૩, હીલ્લા ટાવર, ડૉ. એસ.એસ. રાવ રોડ, પારસી અગિયારી, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૩-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં.

આલુ રુસી દુબાશ તે મરહુમ રુસીના ધનિયાની. તે મરહુમો બપઇમાય બમનશાહ કોચમેનના દીકરી. તે હુતોકશીના માતાજી. તે દીનયાર ફિરોઝ સુતરીયાના સાસુજી. તે ઝુબીન ને ક્રિયાનના મમઇજી. તે રુચી ને સરોશના મમઇ સાસુ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ગેલેક્સ એપાર્ટમેન્ટ (કોલેજ), બી.જે.રોડ,બેન્ડ સ્ટેન્ડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૩-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

ફરુખ અફલાતુન અત્તાઇ તે બાનું તથા મરહુમ અફલાતુન અત્તાઇના દીકરા. તે ખોદાયાર, ફીરોઝા, માહનાઝના ભાઇ. તે હુમાન ને આરમીનના કાકા. તે અરદેશીર, ઉરશ, ઉબીન ને અફશીનના મામા. (ઉં. વ. ૬૭) રે. ઠે. રૂમ. નં. ૧૦૪, એ વિંગ, અયોધ્યા કો. હા. સ., ઉરણ ડિસ્ટ્રિક્ટ-રાયગડ.

ભીખુ મીનુ ડુમસીયા તે મરહુમ મીનુના ધણિયાની. તે મરહુમો દોસીબાઇ દોસાભાઇ ડુમસિયાના વહુ. તે મરહુમો વીરબઇજી ફરામજી ડુમસીયાના દીકરી. તે ફીરૂઝા ને મરહુમ મેકીના માતાજી. તે ખુશરૂ જમી દાનદીવાલાની સાસુ. તે મરહુમો અદી, નાદર, જાલુ, કમલ, આલુના બહેન. (ઉં.વ. ૮૧) રે. ઠે. એન-૨, નવરોઝ બાગ, ભોંયતળિયે, એચ.એસ.રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨.ઉઠમણાની ક્રિયાઃ તા. ૧૬-૩-૨૫ને દિને બપોરે ૩.૪૫ લાલબાગ અગિયારીમાં.

---

સુપુત્ર, કુમુદબેન ના પતિ. સ્વ જયંતીભાઈ, સ્વ બુદ્ધિસાગર ભાઈ, સ્વ અરવિંદભાઈ, સ્વ દિનેશભાઇ, ગોપાલભાઈના ભાઇ. તે રાહુલભાઈ અને જીજ્ઞેશભાઇના પિતા. અ સૌ સોનાલીબેન અને અ સૌ પ્રાચી બેનના સસરા. પરમ, પર્વ અને માહીના દાદા. સ્વ ધીરજલાલ નારણદાસ શાહના જમાઈ મંગળવાર ૦૪/૩/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષનું બેસણું તાં ૧૬/૩/૨૫ ને રવિવારે સવારે ૯થી ૧૦. ૩૦ કલાકે રાખેલ છે. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ. ચક્ષુદાન કરેલ છે.

**મોઢાસા એકડા દશા ખડાયતા**

સ્વ. ડાહ્યાલાલ ભાઈચંદદાસ શાહના ધર્મપત્ની ગં.સ્વ.ભાનુમતીબેન (ઉં. વ. ૯૩) મુળ વતન રૂપાલ હાલ મલાડ તે શ્રી પંકજભાઈ, હિતેન્દ્રભાઇ, અજયભાઇ, ભારતીબેનના માતુશ્રી. શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રીમતી માયાબેન, શ્રીમતી દક્ષાબેન, કૃષ્ણકાન્તભાઈના સાસુ. ધવલ, રીપલ, મોના, હિરલ, જીગર, મિકિ, મેઘા, વિધિ, જીત, મિહિર, નિમિતના દાદી, પિયરપક્ષ શ્રી કોદરદાસ સાંકળચંદ શાહની દીકરી. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬.૦૩.૨૫ ના સાંજે ૪ થી ૬ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરદાસ એક્સટેન્શન રોડ, મંગુભાઇ દત્તાની માર્ગ, અતુલ ટાવર ની નજીક કાંદિવલી વેસ્ટમાં રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ દહિસર સ્વ. મંજુલાબેન ગંગાદાસ નારણદાસ મહેતા ના પુત્રવધુ તથા કીર્તિભાઇના ધર્મપત્ની રિટાબેન (રશ્મિ) (ઉં. વ. ૬૮) તે ૧૩/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષા મહેશભાઈ પારેખ, હીનાબેન દિપકકુમાર મહેતા તથા તૃપ્તિ કિરણ મહેતાના ભાભી. રિતેશ, કાજલ, પૂજા તથા મિથુનના માતુશ્રી. પિયરપક્ષે સાવરકુંડલાવાળા સ્વ. સાવિત્રીબેન શાંતિલાલ સંઘવીના દીકરી, શીલા પ્રવીણ મહેતા, શુભાષ, સ્વ. દિપક, તથા જયેશના બહેન. પ્રાર્થનાસભા ૧૬/૩/૨૫ ના ૫ થી ૭ કલાકે ઠે. કોરાકેન્દ્ર એસી હોલ, આર એમ ભટ્ટડ રોડ, મેકડોનાલ્ડની બાજુમાં, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**ચીંચડ ઘોઘારી દશા પોરવાલ વણિક**

હાલ મુંબઇ નિવાસી જયોતિબેન અનુપ પરીખ (ઉં. વ. ૬૯) તે અનુપ પરીખના ધર્મપત્ની. તે ઉર્મિલાબેન તથા સ્વ. જયંતીલાલ કોઠારીના દીકરી. તે કેવલના માતુશ્રી. તે કુલિનભાઇ, કામિનીબેન, હર્ષાબેન અને જીજ્ઞેશભાઇના બેન. તે પૂર્ણિમાબેન અને સ્વ. હિતેન્દ્રભાઇ પરીખ, સુરભીબેન પરીખ, વિભાબેન મોદી, રશ્મિન વીમાદલાલના ભાભી. તા. ૯-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવારે, તા. ૧૬માર્ચના રિક્રિએશન કલબ, શાસ્ત્રી નગર, અંધેરી (પશ્ચિમ) ખાતે સવારના ૧૦.૩૦થી ૧૨.

**હાલાઇ લોહાણા**

પ્રકાશભાઇ (ઉં. વ. ૭૧) મૂળ ગામ મેંદર હાલ મુંબઇ કાંદિવલી સ્વ. લક્ષ્મીબેન વ્રજલાલ ઓધવજી દાસાણી (તકવાણી)ના પુત્ર. તે સ્વ. હંસાબેન દાસાણીના પતિ. તે જીમી અને જયના પિતાશ્રી. તે અવનીબેન, નેહાબેનના સસરાજી. તે સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. જયેન્દ્રભાઇ, સ્વ. કિરીટભાઇ, સ્વ. અશોકભાઇ (રામભાઇ) સ્વ. સુધીરભાઇ, સ્વ. કમલેશભાઇ, સ્વ. જયોતીબેન તેજુરા, મયૂરભાઇ, જયેશભાઇ, લોમેશભાઇના ભાઇ. સ્વ. પુષ્પાબેન પરષોતમભાઇ ઠક્કરના જમાઇ. તા. ૧૩-૩-૨૫ના ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજન વાડી, બીજે માળે, શંકર મંદિરની પાસે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ફડણવીસ મહારાષ્ટ્ર માટે મોદીજી પાસેથી શું-શું લઈ આવ્યા?

### ગઢચિરોલી માઈનિંગ હબ, નાગપુર એરપોર્ટ, સ્થાનિક સંસ્થાઓ માટે નાણા પંચના ભંડોળ વગેરે પર સકારાત્મક ચર્ચાઓ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને તેમની સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. રાજ્ય સરકારે ગઢચિરોલીમાં સ્ટીલ ક્ષેત્રમાં એક મોટી પહેલ કરી છે અને ગઢચિરોલી હવે દેશના સ્ટીલ હબ તરીકે વિકાસ કરી રહ્યું છે. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે કેન્દ્રે ગઢચિરોલીને ખાણકામ કેન્દ્ર તરીકે વિકસાવવામાં સહયોગ આપવો જોઈએ. નાગપુર એરપોર્ટ પરના કામને પણ વેગ આપવામાં આવ્યો છે, ફડણવીસે કેન્દ્ર સરકારને લગતા કેટલાક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. આના કારણે એરપોર્ટના કામમાં

(જુઓ પાનું ૪) ▶▶

## ગોરેગામ ફિલ્મસિટીમાં બનશે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ક્રિએટિવ ટેક્નોલોજી

મુંબઈઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી)ની દેશભરની સંસ્થા દ્વારા દર વર્ષે મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. પણ હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ક્રિએટિવ ટેક્નોલોજી (આઈઆઈસીટી) પણ દેશભરમાં શિક્ષણ માટે નવી તકો ઉપલબ્ધ કરી આપવા માટે સજ્જ છે. પ્રથમ આઈઆઈસીટી સંસ્થા

(જુઓ પાનું ૪) ▶▶

# બદલાપુરમાં ધુળેટી રમ્યા પછી નદીમાં નાહવા પડેલા દસમાના ચાર વિદ્યાર્થી ડૂબી ગયા

મુંબઈઃ થાણે જિલ્લાના બદલાપુર વિસ્તારમાં શુક્રવારે બપોરે ઉલ્હાસ નદીમાં ચાર કિશોર ડૂબી ગયા હતા, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. હોળીની ઉજવણી કર્યા બાદ નદીમાં ઊતરેલા ૧૫-૧૬ વર્ષની વય જૂથના ધોરણ ૧૦મામાં ભણતા વિદ્યાર્થીઓ પાણીનો સ્તર અચાનક જ વધી જવાને કારણે તણાઈ ગયા હતા, એમ પોલીસે વધુમાં જણાવ્યું હતું. ચારેયની ઓળખ આર્યન મેદાર (૧૫) ઓમ સિંહ તોમર (૧૫), સિદ્ધાર્થ સિંહ (૧૬) અને આર્યન સિંહ તરીકે કરવામાં આવી હતી. ચારેય જણ ચમતોલીના હાઉસિંગ કોલોનીના રહેવાસી છે. ચારેયના મૃતદેહ મળી આવ્યા હતા અને તેઓના મૃતદેહને બદલાપુર ગ્રામીણ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.■





**ઉજવણી પણ, તકેદારી પણઃ** ગઈ કાલે ધુળેટીની ઉજવણી રંગેચંગે થઈ હતી . જોકે આ ઉત્સાહમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને એ માટે પોલીસે તકેદારી પણ રાખી હતી અને મોટા પાચે ડ્રન્ક એન્ડ ડ્રાઈવ સામે ઝુંબેશ

# ૪૨૩ કિલોમીટર રસ્તામાંના ૫૦ ટકા કોંક્રીટીકરણનું કામ પૂરું કર્યું સુધરાઈએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે. લગભગ ૫૦ ટકા કામ થઈ ગયું છે ત્યારે રસ્તાઓ પર અનેક જગ્યાએ તિરાડો પડી હોવાની ફરિયાદો આવી રહી હતી, તેથી મુંબઈ મહાનગરપાલિકાએ આઈઆઈટી-બોમ્બેની થર્ડ પાર્ટી ઓડિટ માટે અને સતત દેખરેખ માટે નિમણૂક કરી છે. આ ઉપરાંત દિવસના સમયે રહેતા ઊંચા તાપમાનને કારણે રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કામ રાતના સમયે કરવામાં આવી રહ્યું છે અને પાલિકાના એન્જિનિયરોને રાતના સમયે શિફ્ટમાં સાઈટ પર હાજર રહેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે, જેથી કરીને રસ્તાના કામમાં કોઈ પણ સમસ્યા આવે તો તાત્કાલિક તેનું નિરાકરણ લાવી શકાય.

પાલિકા દ્વારા હાલ ૪૩૩ કિલોમીટરના ૧,૧૭૩ રસ્તાઓના કૉંક્રીટીકરણના કામ કરવામાં આવી રહ્યા છ, જેમાં પહેલા તબક્કામાં ૨૬૦ રસ્તાઓના કામ પૂરા થયા છે અને બીજા તબક્કામાં ૪૯૩ રસ્તાના કામ ચાલી રહ્યા છે. ચોમાસાના આગમન અગાઉ જ પહેલા તબક્કાના ૩૨૪ કિલોમીટરના રસ્તાઓના કૉંક્રીટીકરણના કામ પૂરા કરવાનું પાલિકાનું લક્ષ્યાંક છે. જોકે રસ્તાના કામની ગુણવત્તા બાબતે અનેક ફરિયાદો આવી રહી છે. તેથી આ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે તાજેતરમાં પવઈ સ્થિત આઈઆઈટી બોમ્બે ખાતે પાલિકાના એન્જિનિયરો માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રસ્તાના કામની ગુણવત્તા સુધારવા, કામમાં આવી રહેલા પડકારોને દૂર કરવા તથા

(જુઓ પાનું ૪) ▶▶

# હિન્દુ-મુસ્લિમ એકતાઃ ધારાવીમાં મસ્જિદની સામે જ હોળી દહન

મુંબઈઃ દર વર્ષની જેમ ધારાવીની ગૌસિયા મસ્જિદ સામે હિન્દુ - મુસ્લિમ એકતાનું સારું ઉદાહરણ ગણાતી હોળીની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પણ હોળીની ઉજવણી એકતાના માહોલમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે હિન્દુ અને મુસ્લિમ ભાઈઓએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. ગૌસિયા મસ્જિદ સામે પણ પરંપરાગત રીતિ-રિવાજ મુજબ હોલિકા દહન કરવામાં આવ્યું હતું. આ સમારોહ સંવાદિતા અને ભાઈચારાનું એક ઉત્તમ ઉદાહરણ હતું. હિન્દુ અને મુસ્લિમ સમુદાયો ઉત્સવની ઉજવણી કરવા માટે એકઠા થયા હતા. ધારાવી વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગૌસિયા મસ્જિદ સામે આયોજિત હોલિકા દહનને સ્થાનિક નાગરિકોનો સંપૂર્ણ ટેકો મળ્યો હતો. ધારાવીમાં મસ્જિદ સામે હિન્દુ-મુસ્લિમ સમાજે ભેગા થઈને હોલિકા દહન કર્યું હતું. ■

# પવઈની હૉટેલ પર રેઇડઃ ચાર 'ટીવી એક્ટ્રેસ'ને બચાવાઇ

મુંબઈઃ પવઇ વિસ્તારમાં આવેલી હૉટેલ પર પોલીસે ગુરુવારે રેઇડ પાડી હતી અને ચાર ઉભરતી ટીવી એક્ટ્રેસ-કમ-મૉડેલને છોડાવી હતી, જેમને દેહવ્યાપારમાં ધકેલાઇ હતી. પોલીસે આ પ્રકરણે ૬૦ વર્ષના એજન્ટની ધરપકડ કરી હતી. હૉટેલમાંથી છોડાવાયેલી ચારેય એક્ટ્રેસને બાદમાં મહિલા સુધારગૃહમાં મોકલી અપાઇ હતી. પોલીસને દેહવ્યાપાર અંગે માહિતી મળ્યા બાદ તેમણે બોગસ ગ્રાહક તૈયાર કર્યો હતો, જેણે બાદમાં એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. એજન્ટે બોગસ ગ્રાહકને મહિલા પૂરી પાડવાની ઓફર કરી હતી અને વ્હૉટ્સઍપ પર (જુઓ પાનું ૪) ▶▶

# મને બોલવામાં ફસાવી દેવાયોઃ જયંત પાટીલે કરી સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીસી (એસપી)જૂથના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલના પક્ષપલટા અંગેની ચર્ચાઓ તેજ બની છે, ત્યારે જયંત પાટીલ શરદ પવારને મળવા બારામતી પહોંચ્યા હતા. આનાથી બીજી ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ૨૦૨૩માં એનસીપીમાં ભાગલા પડ્યા પછી પણ જયંત પાટીલે પવારનો સાથ છોડ્યો નહોતો. જોકે, છેલ્લા કેટલાક દિવસોમાં જયંત પાટિલ અને રોહિત પવાર વચ્ચે સુષુપ્ત રાજકીય સંઘર્ષની ચર્ચા ધીમા અવાજે થઈ રહી છે. ત્યારબાદ એવી ચર્ચા થઈ હતી કે તેઓ ટૂંક સમયમાં અજિત (જુઓ પાનું ૪) ▶▶

# એમએસઆરટીસીના ૧૭૦૦ કરોડના કૌભાંડની તપાસ વચ્ચે ૩,૦૦૦ નવી બસ માટે ટેન્ડર

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી) ૧૧ મીટર લંબાઈની ૩ હજાર બસ ખરીદી તેના કાફલામાં વધારો કરવાની વેતરણમાં છે. આ પ્રક્રિયા સરળ બનાવવા પરિવહન સંસ્થાએ તાજેતરમાં એક ઇ-ટેન્ડર બહાર પાડ્યું હતું. ટેન્ડર ભરવાની કરવાની અંતિમ તારીખ ૧૪ મે નક્કી કરવામાં આવી હતી. બીજા દિવસે ટેન્ડર ખોલવામાં આવશે.

નવી બસો ડીઝલથી સંચાલિત હશે અને એન્જિન અને સંબંધિત સિસ્ટમ્સ માટે કોમ્પ્રિહેન્સિવ એન્યુઅલ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (સીએએમસી) સાથે આવશે. અહેવાલ મુજબ કરારના ભાગરૂપે ટેન્ડર મેળવનારોએ સાત વર્ષ સુધી જાળવણી કરવી આવશ્યક છે. દરમિયાન એમએસઆરટીસીના મિકેનિકો અન્ય ભાગોની જાળવણીનું સંચાલન કરશે. હાલમાં, એમએસઆરટીસી તેના ૨૫૧ ડેપો અને ૩૧ ડિવિઝનના વિસ્તૃત નેટવર્કમાં આશરે ૧૪ હજાર ૫૦૦ બસોનું સંચાલન કરે છે. સમગ્ર મહારાષ્ટ્રમાં લોકો એમાં સફર કરે છે.

દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બસ લીઝિંગ સંબંધિત અગાઉની એમએસઆરટીસી ટેન્ડર પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓની તપાસની જાહેરાત કરી છે. આ વિવાદમાં ૧ હજાર ૩૧૦ બસના વર્ક ઓર્ડરનો સમાવેશ થાય છે, જે કથિત રીતે કોન્ટ્રાક્ટરો સાથેની મિલીભગતથી જારી કરવામાં આવ્યા હતા. એના કારણે રાજ્યની તિજોરીને આશરે ૧ હજાર ૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાના અહેવાલ છે.

આ કથિત ગેરરીતિઓની નાણાકીય અસરને ધ્યાનમાં રાખી સરકારે ટેન્ડર પ્રક્રિયા અટકાવીને અને સત્વરે તપાસના આદેશ આપ્યા હતા. પરિવહન વિભાગના અધિક સચિવની દેખરેખ હેઠળ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ફડણવીસે ખાતરી આપી હતી કે ગેરવહીવટ માટે જવાબદાર લોકો સામે એક મહિનાની અંદર કાર્યવાહી કરવામાં આવશે. ■

# જળગાંવમાં ટ્રેન - ટ્રક અથડાયાંઃ બધા હેમખેમ



મુંબઈઃ મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લામાં શુક્રવારે સવારે પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક ફાટક તોડી પાટા પર ધસી આવ્યા બાદ પાટામાં અટવાઈ જતા એક્સપ્રેસ ટ્રેન સાથે તેની ટક્કર થઈ હોવાનું સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ આપેલી જાણકારી અનુસાર બોદવડ સ્ટેશન નજીક સવારે ૪.૩૦ વાગ્યાની આસપાસ થયેલા અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી. અકસ્માતને કારણે લગભગ ૬ કલાક સુધી એ રૂટ પરની રેલસેવા ખોરવાઈ ગઈ હતી.

મુંબઈથી અમરાવતી જતી ૧૨૧૧૧ અમરાવતી એક્સપ્રેસ આ વિસ્તારમાંથી પસાર થવાની તૈયારીમાં હતી ત્યારે જ એક ટ્રક ડ્રાઈવરે કાબૂ ગુમાવતા ટ્રક લેવલ ક્રોસિંગ ગેટ સાથે અથડાઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. જોકે, લોકો પાયલટની સતર્કતાને કારણે મોટો અકસ્માત ટળી ગયો હતો. સવારે સાડા દસની આસપાસ ટ્રેન રવાના થઈ હતી. કેસ નોંધવામાં આવી રહ્યો છે અને તપાસ ચાલી રહી હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

# પરેલમાં બસે સ્કૂટરને ટક્કર મારી

### રાજકીય પક્ષના પદાધિકારીનું મૃત્યુ, બે જણ ઘાયલ

મુંબઈઃ પરેલ વિસ્તારમાં એલ્ફિન્સ્ટન બ્રિજ પર મળસકે ઇન્ટરસિટી ઇ-બસે સ્કૂટરને ટક્કર મારતાં રાજકીય પક્ષના પદાધિકારીનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે જણ ઘવાયા હતા. ભોઇવાડા પોલીસે આ પ્રકરણે બસ ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસના કહેવા મુજબ હાઉસિંગ સોસાયટીમાં હોળીની ઉજવણી માટે ત્રણ જણ ગુરુવારે મળસકે ફૂલો ખરીદવા માટે સ્કૂટર પર દાદર માર્કેટ જઇ રહ્યા હતા, ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ પ્રણય બોડકે (૨૯) તરીકે થઇ હતી, જે રાજકીય પક્ષ માટે મીડિયા મેનેજર તરીકે કામ કરતો હતો અને કાલાચોકી વિસ્તારમાં રહેતો હતો, જ્યારે ઘવાયેલા બે જણમાં દુર્વેશ ગોરડે (૨૫) અને કરણ શિંદે (૨૯)નો સમાવેશ છે. ભોઇવાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મળસકે એમએસઆરટીસીની ઇ-બસ વિરુદ્ધ દિશાથી આવી રહી હતી ત્યારે તેણે સ્કૂટરને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે બોડકેનું ઘટનાસ્થળે મોત થયું હતું.■

# ઘાટકોપરવાસીઓ ૧૦ દિવસ પાણી ઉકાળીને પીજોઃ સુધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના ઘાટકોપરમાં આવેલા જળાશયનું સમારકામ મુંબઈ મહાનરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. સમારકામ પૂરું થઈ ગયું હોવાથી આગામી થોડા દિવસ પાણી ડહોળું આવવાની શક્યતા છે. તેથી નાગરિકોને આગામી ૧૦ દિવસ સુધી પાણી ઉકાળીને તથા ગાળીને પીવાની સલાહ પાલિકાએ આપી છે.

ઘાટકોપર (પશ્ચિમ)માં ભટ્ટવાડી પરિસરમાં આર.બી. કદમ માર્ગ નજીક આવેલા ઘાટકોપર જળાશયમાં કમ્પાર્ટમેન્ટ-બેમાં સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું, જે હવે પૂરું થઈ ગયું છે. તેથી સોમવાર, ૧૭ માર્ચથી સમારકામ કરવામાં આવેલા કમ્પાર્ટમેન્ટ-બેમાંથી પાણીપુરવઠો ચાલુ કરવામાં આવવાનો છે. તેથી તકેદારીનાં પગલારૂપે પાલિકાએ ૧૭ માર્ચ, સોમવારથી આગામી ૧૦ દિવસ એટલે કે ગુરુવાર, ૧૭ માર્ચ સુધી પાણી ઉકાળીને તથા ગાળીને પીવાની સલાહ આપી છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ જળાશયના કમ્પાર્ટમેન્ટ-બેનું સમારકામ પૂરું થઈ ગયું છે અને હવે કમ્પાર્ટમેન્ટ-એકનું સમારકામ હાથ ધરવામાં આવવાનું છે. ઘાટકોપર પરિસરને પાણીપુરવઠો કરનારું ઘાટકોપર લો-લેવલ જળાશયમાં સ્ટ્રક્ચરલ સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ જળાશય લગભગ ૪૯ વર્ષ જૂનું છે. આ સમારકામ કરવામાં લગભગ દોઢ વર્ષનો સમય લાગ્યો છે. આ જળાશયને બે કમ્પાર્ટમેન્ટમાં વહેંચી નાખવામાં આવ્યું છે. જેમાંથી એક કમ્પાર્ટમેન્ટની ૧૧.૩૫ મિલ્યન લિટર પાણી સમાવવાની ક્ષમતા છે. ■

# વિરારમાં સૂટકેસમાંથી મહિલાનું માથું મળ્યું

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં દરગાહ નજીક સૂટકેસમાંથી મહિલાનું માથું મળી આવ્યું હતું, જેને પગલે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. વિરાર વિસ્તારમાં દરગાહ નજીક ગુરુવારે સાંજે અમુક લોકોની નજર સૂટકેસ પર પડી હતી. તેમણે સૂટકેસ ખોલતાં તેમાં મહિલાનું માથું મળી આવ્યું હતું, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન ઘટનાસ્થળે દોડી આવેલા પોલીસ અધિકારીઓએ સૂટકેસ તાબામાં લીધી હતી. પોલીસે ત્યાર બાદ મહિલાના ધડની શોધ ચલાવી હતી. આ ઘટના ફોરેન્સિક નિષ્ણાતોએ પુરાવા એકઠા કરવા માટે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# આઠ વર્ષની દીકરીને ૨૯મા માળેથી નીચે ફેંક્યા બાદ માતાએ પણ પડતું મૂક્યું

મુંબઈઃ આઠ વર્ષની દીકરીને ઇમારતના ૨૯મા માળેથી નીચે ફેંક્યા બાદ માતાએ પણ ત્યાંથી પડતું મૂક્યું હોવાની આઘાતજનક ઘટના પનવેલ વિસ્તારમાં બની હતી. બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ પોલીસે માતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પનવેલના પલાસ્પે ફાટા ખાતેની મેરેથોન નેક્સઝોન રહેણાક ઇમારતમાં બુધવારે સવારે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલી માતા-પુત્રીની ઓળખ મૈથિલી દુઆ (૩૭) અને માયરા (૮) તરીકે થઇ હતી.

આ ઘટના બાદ મૈથિલીના પતિ આશિષ દુઆ (૪૧)એ નોંધાવેલી ફરિયાદને આધારે પનવેલ સિટી પોલીસે પુત્રીની હત્યા બદલ મૈથિલી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આશિષ દુઆ કોન્ટ્રેક્ટર છે અને તેણે દાવો કર્યો હતો કે તેની પત્ની માનસિક સમસ્યાથી પીડાતી હતી અને તેની સારવાર પણ ચાલી રહી હતી.

મૈથિલીએ બુધવારે સવારે ઇમારતમાં ૨૯મા માળે આવેલા ફ્લેટના બેડરૂમની બારીમાંથી પુત્રીને નીચે ફેંકી હતી અને બાદમાં પોતે પણ ત્યાંથી ઝંપલાવી દીધું હતું. ઇમારતના ભોંયતળિયે ખુલ્લી જગ્યામાં બંને પટકાઇ હતી. લોહીલુહાણ હાલતમાં બંનેને હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ફરજ પર હાજર તબીબોએ તપાસીને બંનેને મૃત જાહેર કરી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હોઇ મૈથિલી અને તેના પતિ વચ્ચે ઘરેલું વિવાદ ચાલતો હતો કે કેમ તેની તપાસ કરી રહી છે. ■

# ચૂંટણી પછી લાડકી બહેન યોજનાની લાભાર્થીઓની સંખ્યામાં ૧૪ લાખનો વધારો

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીથી અત્યાર સુધી મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં ૧૪ લાખ જેટલો વધારો થયો છે, એમ વિધાનસભામાં બુધવારે મહિલા અને બાળ વિકાસ ખાતાનાં પ્રધાન અદિતી તટકરેએ માહિતી આપી હતી.

લાડકી બહીણ યોજના શરૂ થયા બાદ ઘણી મહિલાઓની અરજીઓ વિધાનસભાની ચૂંટણીના કારણે અમલમાં આવેલી આચારસંહિતાને લીધે પેન્ડિંગ રહી ગઇ હતી. ચૂંટણી બાદ તે અરજીઓ ચકાસ્યા પછી તેમને પણ લાભ આપવામાં આવ્યો હોવાથી લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો. ચૂંટણીઓ પહેલા લાભાર્થીઓની સંખ્યા ૨.૩૩ કરોડ જેટલી હતી જેમાં ૧૪ લાખ જેટલો વધારો થયો હતો અને હવે ફેબ્રુઆરી સુધી તે સંખ્યા ૨.૪૭ કરોડ પર પહોંચી ગઈ છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ યોજનાની રકમ ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા કરવાનું વચન મહાયુતિ સરકારે આપ્યું હતું અને હવે આ રકમ વધારવામાં સરકાર તરફથી વિલંબ કરવામાં આવી રહ્યો છે એવા આક્ષેપ સાથે વિપક્ષોએ વિધાનસભામાંથી વોકઆઉટ કર્યુ હતું. લાડકી બહેનનો હપ્તો વધારીને ૨૧૦૦ રૂપિયા ન કરવા માટે વિપક્ષોએ સરકારની આકરી ટીકા પણ કરી હતી.

વિધાનસભામાં એનસીપી-એસપીના વિધાનસભ્ય રોહિત પવારે આ યોજનાનો હપ્તો વધારવામાં થઇ રહેલા વિલંબ પર સવાલ ઉઠાવ્યો હતો જેમાં તેમને શિવસેના-યુબીટીના નેતા વરુણ સરદેસાઇએ સાથ આપ્યો હતો.

તટકરેએ તેમના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે ટૂંક સમયમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે નિર્ણય લેશે. આ યોજના હેઠળની અરજીઓની આગળની પ્રક્રિયા હાથ ધરવા માટે આંગણવાડી વર્કરોને અરજીદીઠ પચાસ રૂપિયા આપવામાં આવે છે. ■

# મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનું ૩.૬૦ કરોડનું સોનું પકડાયુંઃ મહિલા સહિત ચારની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) બે અલગ-અલગ કેસમાં મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનું ૩.૬૦ કરોડ રૂપિયાનું સોનું પકડી પાડ્યું હતું અને આ પ્રકરણે મહિલા સહિત ચાર જણની ધરપકડ કરી હતી. એઆઇયુના અધિકારીઓએ ધરપકડ કરેલા ચારેય જણની ઓળખ પ્રદીપ પવાર, મોહંમદ ઇમરાન નાગોરી, મહિલા અંશુ ગુપ્તા તેમ જ સૈયદ મેહતાબ તરીકે થઇ હતી. અંશુ ગુપ્તા અને મેહતાબના વકીલ તરીકે વિનાયક ગુપ્તા અને આશિષ સિંહ કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે તેમને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

પહેલા કેસમાં ગુરુવારે એઆઇયુની ટીમે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફૂડ જોઇન્ટમાં કામ કરતા સ્ટાફ સૈયદ મેહતાબને શંકાને આધારે આંતર્યો હતો. સૈયદની તલાશી લેવાતાં તેની પાસેથી ગોલ્ડ ડસ્ટ ભરેલી સાત કૅપ્સ્યૂલ્સ મળી આવી હતી, જેની કિંમત ૨.૩૬ કરોડ હતી. આ કૅપ્સ્યૂલ્સ તેણે ટ્રાઉઝરમાં છુપાવી હતી. સૈયદે પૂછપરછમાં કબૂલ્યું હતું કે તેને ગોલ્ડ ડસ્ટ એક પ્રવાસીએ આપી હતી. એ પ્રવાસી તથા રિસિવરની શોધ ચલાવવામાં આવી હતી, પણ તેઓ મળી આવ્યા નહોતા.

દરમિયાન બીજા કેસમાં ગુરુવારે રાતે એઆઇયુના અધિકારીઓએ પ્રદીપ પવારને તાબામાં લઇ તેની પાસેથી ગોલ્ડ ડસ્ટ ભરેલા બે પાઉચ જપ્ત કરાયાં હતાં, જેની કિંમત ૧.૩૧ કરોડ હતી. ■

# ડબ્લ્યૂપીએલની આજે ફાઇનલઃ દિલ્હી ૨૦૨૩નો બદલો લેશે કે મુંબઈ બીજું ટાઇટલ જીતશે?

મુંબઈઃ બ્રેબર્ન સ્ટેડિયમમાં આજે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે જાણીતી મહિલાઓની આઇપીએલની ત્રીજી સીઝનની ફાઇનલ (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) રમાશે જેમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે ૨૦૨૩ની ફાઇનલની હારનો બદલો લેવાનો મોકો છે. જોકે હરમનપ્રીત કૌરના સુકાનમાં એમઆઇને બીજું ટાઇટલ જીતવાની સુવર્ણ તક છે.

૨૦૨૩માં મુંબઈ, ૨૦૨૪માં બેન્ગલૂરુની ટીમ વિજેતા બની હતી.

૨૦૨૩માં ડબ્લ્યૂપીએલની પ્રથમ સીઝન રમાઈ હતી જેની ફાઇનલમાં એમઆઇએ ડીસીને રોમાંચક મુકાબલામાં ત્રણ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી હરાવ્યું હતું. ત્યારે એમઆઇની બ્રિટિશ ઑલરાઉન્ડર નૅટ સિવર-બ્રન્ટ અણનમ ૬૦ રન બદલ પ્લેયર ઑફ ધ ફાઇનલ બની હતી. આ વખતે પણ નૅટ જબરદસ્ત ફૉર્મમાં છે એટલે ડીસીએ તેનાથી ખાસ ચેતવું પડશે. નૅટ ડબ્લ્યૂપીએલમાં ૧,૦૦૦ રન બનાવનાર પ્રથમ પ્લેયર બની શકે અને એ માટે તેને ફક્ત ત્રણ રનની જરૂર છે.

જોકે મેગ લેનિંગના સુકાનમાં ડીસીએ એમઆઇની હૅલી મૅથ્યૂઝથી પણ સાવધ રહેવું પડશે.

ઉલ્લેખનીય છે કે મેગ લેનિંગ તેની કરીઅરમાં તમામ ઇન્ટરનૅશનલ ટાઇટલ જીતી હતી. તે આ વખતે ડબ્લ્યૂપીએલની વિજેતા સુકાની બનશે તો નવાઈ નહીં લાગે.


હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં મુંબઈની ટીમ ૨૦૨૩માં સૌપ્રથમ ટાઇટલ જીતી હતી.

**સૂર્યકુમાર શિરડીમાં**

ભારતની ટી-૨૦ ટીમના સુકાની અને મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બૅટર સૂર્યકુમાર યાદવે ગઈ કાલે પત્ની દેવિશા સાથે શિરડીમાં સાઈ બાબાના મુખ્ય મંદિરે જઈને પૂજા-અર્ચના કરી હતી અને આઈપીએલના આરંભ પહેલાં બાબાના આશીર્વાદ લીધા હતા. આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સની પ્રથમ મૅચ ૨૩મીએ ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે રમાશે.





# અક્ષર બન્યો દિલ્હી કૅપિટલ્સનો કૅપ્ટન

## આઈપીએલની ૧૦ ટીમમાંથી ૯ ટીમના કેપ્ટન ભારતીય; જુઓ તમામ ટીમોના કેપ્ટનનું લિસ્ટ

મુંબઈઃ આઈપીએલની ૧૮મી સીઝનની શરૂઆત ૨૨મી માર્ચથી થશે. ગઈ કાલે સવારે દિલ્હી કૅપિટલ્સે સોશિયલ મીડિયા પર વીડિયો શૅર કરીને ટીમના કૅપ્ટન તરીકે અક્ષર પટેલના નામની જાહેરાત કરી હતી. આ સાથે જ આ વખતની આઈપીએલમાં ભાગ લેનારી તમામ ૧૦ ટીમોના કેપ્ટન નક્કી થઇ ગયા છે.



ગત વર્ષે નવેમ્બર મહિનામાં મેગા ઓક્શન પછી, મોટાભાગની ફ્રેન્ચાઇઝીઓએ ટીમના કેપ્ટનના નામ જાહેર કર્યા હતાં, પરંતુ દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન કોણ હશે તે અંગે સસ્પેન્સ રહ્યું હતું. કેએલ રાહુલના કેપ્ટન બનવાની ચર્ચા પણ થઈ હતી. અંતે ફ્રેન્ચાઇઝીએ અક્ષર પટેલને કેપ્ટન બનાવ્યો.

તમામ ૧૦ ટીમોમાંથી ૯ ટીમોના કેપ્ટન ભારતીય છે. માત્ર સનરાઇઝર્સ હૈદરાબાદનો કેપ્ટન વિદેશી છે. સનરાઇઝર્સ હૈદરાબાદનો કેપ્ટન પેટ કમિન્સ ઑસ્ટ્રેલિયન છે.

પંજાબ કિંગ્સે આ સીઝન માટે શ્રેયસ ઐયરને ટીમનો કેપ્ટન બનાવ્યો છે. જ્યારે મુંબઈ ઇન્ડિયન્સે હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો છે. લખનઊ સુપર જાયન્ટ્સની ટીમ આ સીઝનમાં રિષભ પંતની આગેવાની હેઠળ રમશે, જ્યારે ગુજરાત ટાઇટન્સની કેપ્ટન્સીની જવાબદારી શુભમન ગિલના હાથમાં રહેશે.

છેલ્લી ઘણી સીઝનથી રાજસ્થાન રોયલ્સની કેપ્ટન્સી સંજુ સેમસનના હાથમાં છે. આ સીઝનમાં આરસીબીની કમાન યુવા ખેલાડી રજત પાટીદારના હાથમાં હશે. ઋતુરાજ ગાયકવાડ ચેન્નઈ સુપર કિંગ્સની આગેવાની કરશે, તેને ગત સીઝનમાં ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. જ્યારે કોલકાતા નાઈટ રાઇડર્સે અનુભવી અજિંક્ય રહાણેને કેપ્ટન બનાવ્યો છે.

# યુવરાજ સિંહની ૭ છગ્ગા સાથે ધમાકેદાર ઈનિંગ્સ, ઈન્ડિયા માસ્ટર્સ ફાઈનલમાં

રાયપુરઃ શરૂ થાય એ પહેલા ભારતમાં ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ ચાલી રહી છે, જેમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઇ ગયેલા દિગ્ગજ ખેલાડીઓ રમતા જોવા મળી રહ્યા છે. ગઈ કાલની પહેલી સેમિફાઇનલ મેચ ઇન્ડિયા માસ્ટર્સ અને ઓસ્ટ્રેલિયા માસ્ટર્સની ટીમ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં ઇન્ડિયા માસ્ટર્સ ટીમે શાનદાર જીત મેળવી. મેચમાં યુવરાજ સિંહે તેમના જૂના અંદાજમાં વિસ્ફોટક ઇનિંગ રમી હતી.

ઓસ્ટ્રેલિયા માસ્ટર્સને હરાવીને ઈન્ડિયન માસ્ટર્સે પહેલી સીઝનની ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. પ્રથમ સેમિફાઇનલમાં ભારતે ઑસ્ટ્રેલિયાને ૯૪ રનથી હરાવ્યું હતું. યુવરાજ સિંહે માટે ૩૦ બોલમાં ૫૯ રનની ઇનિંગ રમી. જ્યારે શાહબાઝ નદીમે ચાર વિકેટ લીધી. પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૨૦ રન બનાવ્યા હતાં.

ભારતીય ટીમના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે ધમાકેદાર ઇનિંગ રમી હતી. યુવરાજ સિંહે માત્ર ૩૦ બોલમાં ૫૯ રન બનાવ્યા, જેમાં તેણે સાત છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો હતો. યુવરાજે ૨૬ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. સચિન તેંડુલકરે ૩૦ બોલમાં ૪૨ રન બનાવ્યા, જેમાં તેમણે સાત ચોગ્ગા ફટકાર્યા હતાં. સ્ટુઅર્ટ બિન્નીએ ૨૧ બોલમાં ૩૬ રન બનાવ્યા, જ્યારે યુસુફ પઠાણે ૧૦ બોલમાં ૨૩ રન બનાવ્યા હતાં. ઇરફાન પઠાણે પણ ૭ બોલમાં ૧૯ રન બનાવ્યા.

૨૨૧ રનના ચેઝ કરવા મેદાને ઉતરેલી ઓસ્ટ્રેલિયા માસ્ટર્સની શરૂઆત ખરાબ રહી. વિનય કુમારે ખતરનાક શેન વોટસન (૫)ને આઉટ કર્યો અને પછી શોન માર્શ (૨૧) ને આઉટ કર્યો. આ પછી, ભારતના શાહબાઝ નદીમે ઘાતક બોલિંગ કરી અને ઓસ્ટ્રેલિયન ટીમની એક પછી એક વિકેટ ખેરવી. નદીમે ૪ ઓવરમાં ૧૫ રન આપીને ૪ વિકેટ લીધી. વિનય કુમાર અને ઇરફાને બે-બે વિકેટ લીધી. બીજી સેમિફાઈનલ શુક્રવારે શ્રીલંકા માસ્ટર્સ અને વેસ્ટ ઇન્ડિઝ માસ્ટર્સ વચ્ચે નિર્ધારી હતી.

# ચેસના વર્લ્ડ ચૅમ્પિયન પ્રણવે ધોનીનું કર્યું અનુકરણ, માથે મુંડન કરાવ્યું

ચેન્નઈઃ તાજેતરમાં ચેસના વર્લ્ડ ચૅમ્પિયન બનનાર ચેન્નઈના ડી. ગુકેશે આંધ્ર પ્રદેશમાં તિરુમાલા મંદિરની મુલાકાત લીધી હતી અને ભગવાનના આશીર્વાદ મેળવવા માથે મુંડન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૨૦૧૧માં વાનખેડે સ્ટેડિયમમાં ભારતે શ્રીલંકાને હરાવીને વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી ત્યાર બાદ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ માથે મુંડન કરાવીને સૌને ચોંકાવી દીધા હતા.

હિન્દુ ધર્મમાં સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ માથે મુંડન કરાવવું પવિત્ર કાર્ય ગણાય છે. ઘણા એવું માને છે કે માથા પરના કેશ ઈશ્વરને સોંપી દેવા એનો અર્થ એ છે કે એ વ્યક્તિએ પોતાના અહંકાર સહિતની બધી નકારાત્મકતાઓ ત્યજી દીધી છે.





૧૮ વર્ષના ગુકેશે ડિસેમ્બરમાં ચીનના ડિન્ગ લિરેનને હરાવીને સૌથી નાની વયે ચેસનો વિશ્વ વિજેતા બનવાની અનેરી સિદ્ધિ મેળવી હતી.

ગુકેશ તિરુમાલાના મંદિરે તેના મમ્મી પદમાકુમારી અને પપ્પા રજનીકાંત સાથે આવ્યો હતો.

ચેસબેઝ ઇન્ડિયાએ 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે 'ગુકેશ દોમ્મારાજુ તેના પરિવાર સાથે તિરુમાલા ટેમ્પલ ખાતે આવ્યો હતો.'

ગુકેશને ચેસબેઝે એવું કહેતા ટાંક્યો હતો કે 'મારે હજી ઘણી મહેનત કરવાની બાકી છે. ૨૦૨૫માં ઘણી મોટી સ્પર્ધાઓ આવી રહી છે એટલે હમણાં મારું ધ્યાન એના પર છે. હું મારા તમામ ફૉર્મેટમાં સુધારો લાવવા માગું છું. મને ખાતરી છે કે ઈશ્વરની કૃપાથી હું હજી ઘણી સફળતાઓ મેળવીશ.'

ઇન્ટરનેટ પર ગુકેશની તેના ચાહકો દ્વારા ખૂબ પ્રશંસા થઈ રહી છે. ઇન્સ્ટાગ્રામનો એક યુઝર લખે છે, 'આધ્યાત્મિકતા દિલોદિમાગમાં શુદ્ધતા લાવે છે. વ્યક્તિ પોતાના અભિગમમાં જેટલી સ્પષ્ટ હોય એટલું તેનું ફૉકસ સારું રહે છે અને એકાગ્રતા તેને સફળતા અપાવે છે.'

બીજા એક સોશિયલ મીડિયાના યુઝરે લખ્યું છે, 'જીત કામચલાઉ હોય, પરંતુ તમે જે આત્મશક્તિ કેળવો એ કાયમી હોય છે.'ગુકેશને ૨૦૨૫ના વર્ષની શરૂઆતમાં મેજર ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કાર મળ્યો હતો.

# દિલ્હીમાં વિશ્વસ્પર્ધા બાદ ૨૦ દેશના દિવ્યાંગ ઍથ્લીટ ધુળેટી રમ્યા

## વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ગ્રાં પ્રિમાં ભારત ૯૫ મેડલ સાથે નંબર-વન

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં દિવ્યાંગ ઍથ્લીટો માટે આયોજિત વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ગ્રાં પ્રિમાં ભાગ લીધા પછી ક્લોઝિંગ સેરેમની બાદ ગઈ કાલે ૨૦ દેશના ઍથ્લીટો ઉત્સાહભેર ધુળેટી રમ્યા હતા.

તમામ દેશના ખેલાડીઓ અને ઍથ્લીટોએ ભારતીય ઍથ્લીટો પાસેથી આ પરંપરાગત તહેવારનું મહાત્મ્ય જાણીને એમાં રંગોથી એકમેકને રંગીને કેવી રીતે આ તહેવારને યાદગાર બનાવી શકાય એ જાણ્યું હતું અને પછી એમાં પૂરા જોશ અને જુસ્સાથી ભાગ લીધો હતો. વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ગ્રાં પ્રિ આઠમી માર્ચે શરૂ થઈ હતી ભારત વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ગ્રાં પ્રિમાં પ્રથમ સ્થાને રહ્યું હતું. ભારતના દિવ્યાંગ ઍથ્લીટો ૩૩ ગોલ્ડ, ૨૯ સિલ્વર અને ૩૩ બ્રૉન્ઝ સહિત કુલ ૯૫ મેડલ જીત્યા હતા. કેટલાક દેશોના સમૂહ સમાન ન્યૂટ્રલ પૅરા ઍથ્લીટ્સ (એનપીએ)ના ખાતે કુલ ૧૩ ગોલ્ડ સહિત ૨૬ મેડલ હતા, જ્યારે ઉઝબેકિસ્તાન ચાર ગોલ્ડ સહિત કુલ ૧૬ મેડલ સાથે ત્રીજા સ્થાને હતું. આ ચૅમ્પિયનશિપમાં ઑસ્ટ્રેલિયા, જાપાન, બ્રાઝિલ સહિત ઘણા જાણીતા દેશોના દિવ્યાંગ ઍથ્લીટોએ પણ ભાગ લીધો હતો અને તેઓ ભારત કરતાં ઘણા પાછળ રહી ગયા હતા.

# સવાછ કરોડના હૅરી બ્રૂક પર બીસીસીઆઇનો પ્રતિબંધ, બ્રિટિશ બોર્ડને 'ચેતવણી'

## હરાજી બાદ આઈપીએલમાંથી નામ ખેંચી લેતાં બે વર્ષનો બૅન લાગુ કરાયો

નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડના ૨૬ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટર હૅરી બ્રૂકે અગાઉ આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રમવાનું ગૌરવ મેળવ્યું હતું, પરંતુ

આ વખતે તેણે કંઈક એવું કર્યું છે કે જેના કારણે આ ટૂર્નામેન્ટમાંથી તેણે હાથ ધોઈ નાખવા પડ્યા છે.

આઈપીએલમાં તેના ભાગ લેવા પર બે વર્ષનો પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

હૅરી બ્રૂકને દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ નવેમ્બરની હરાજીમાં ૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે તેણે સતત બીજી સીઝનમાં યોગ્ય કારણ વિના પોતાનું નામ પાછું ખેંચી લીધું એ બદલ બીસીસીઆઈએ નવા નિયમ મુજબ આઈપીએલમાં તેના રમવા પર બે વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે.

બીસીસીઆઈએ આ પ્રતિબંધને લગતો પત્ર હૅરી બ્રૂક ઉપરાંત તેના દેશના ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડને પણ મોકલી આપ્યો છે. એ સાથે બીસીસીઆઈએ બ્રિટિશ બોર્ડને આડકતરી ચેતવણી આપી દીધી છે કે અમારી આ ટૂર્નામેન્ટ સાથે યોગ્ય વર્તન ન કરનાર વિદેશી ખેલાડીઓ સામે અમે કડક સાથે કામ લેવાનું શરૂ કર્યું છે.

હૅરી બ્રૂકે આ ટૂર્નામેન્ટ શરૂ થાય એ પહેલાં કહી દીધું છે કે 'હું કરીઅરના સૌથી વ્યસ્ત સમયકાળમાંથી પસાર થયો છું જેને પગલે હું પોતાને રમવા માટે પૂર્ણપણે સક્ષમ બનાવવા માગું છું.'

આ વખતની આઇપીએલ બાવીસમી માર્ચે શરૂ થશે. બીસીસીઆઇનો નવો નિયમ છે કે જો કોઈ વિદેશી ખેલાડી ઑક્શનમાં ખરીદી લેવામાં આવે એ પછી તે કોઈ વાજબી કારણ વિના આઇપીએલની સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લે તો તેના પર બે વર્ષનો (બે સીઝનનો) પ્રતિબંધ લાગુ થઈ શકે.

# અફઘાનિસ્તાનના ટી-૨૦ના રેકૉર્ડ-બ્રેક ખેલાડી ઝઝાઈની બે વર્ષની પુત્રીનું નિધન

કાબુલઃ અફઘાનિસ્તાનને ઘણી મૅચોમાં વિજય અપાવનાર અને ટી-૨૦ ક્રિકેટમાં સર્વોત્તમ વ્યક્તિગત સ્કોર્સની યાદીમાં બીજું સ્થાન ધરાવવા સહિત કેટલાક વિશ્વવિક્રમ ધરાવતા હઝરતુલ્લા ઝઝાઈની બે વર્ષની દીકરીનું નિધન થયું છે. ઝઝાઈના સાથી ખેલાડી કરીમ જનતે સોશિયલ મીડિયામાં આ સમાચારને સમર્થન આપ્યું હતું.



આ સમાચાર વાઇરલ થતાં જ ક્રિકેટજગતમાંથી ઝઝાઈને અંજલિ મળવા લાગી હતી.

ઝઝાઈએ ૨૦૧૬માં યુએઇ સામેની વન-ડે મૅચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની શરૂઆત કરી હતી. અફઘાનિસ્તાન વતી તે ૧૬ વન-ડે અને ૪૫ ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે અનુક્રમે ૩૬૧ રન અને ૧,૧૬૦ રન બનાવ્યા છે.

તાજેતરમાં રમાયેલી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તે અફઘાનિસ્તાનની ટીમમાં નહોતો. જોકે અફઘાનિસ્તાનના ક્રિકેટરોમાં તે રેકૉર્ડ ધરાવે છે. ટી-૨૦ની એક ઇનિંગ્સમાં સૌથી વધુ રન બનાવનારા વિશ્વભરના બૅટર્સમાં ઝઝાઈનું નામ બીજા નંબરે છે. તેણે ૨૦૧૯માં દહેરાદૂનમાં આયરલૅન્ડ સામેની ટી-૨૦માં ૧૬ સિક્સર અને ૧૧ ફોરની મદદથી ૬૨ બૉલમાં અણનમ ૧૬૨ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન વતી આ વિક્રમ છે અને ક્રિકેટજગતમાં તેનો આ સ્કોર બીજા નંબરે છે. મોટા દેશો વચ્ચેની ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં એક ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૬ સિક્સર ફટકારવાની બાબતમાં પણ તે બીજા સ્થાને છે.

# બુમરાહ શરૂઆતની મૅચો નહીં રમે, મુંબઈ ઈન્ડિયન્સ પાસે બીજા નવ પેસ બોલર છે!

મુંબઈઃ ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ફરી એકવાર પીઠની ઈજા આઇપીએલમાં નડી રહી છે. મુંબઈ ઇન્ડિયન્સનો આ મુખ્ય બોલર બાવીસમી માર્ચે શરૂ થનારી આ ટૂર્નામેન્ટની શરૂઆતની થોડી મૅચો નહીં રમી શકે. એવું મનાય છે કે તે એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં કમબૅક કરશે.



બુમરાહ આઇપીએલમાં શરૂઆતની કેટલી મૅચ નહીં રમી શકે એ તો સ્પષ્ટ નથી જણાવાયું, પરંતુ માર્ચમાં મુંબઈની ત્રણ મૅચ રમાશે જેમાંની પહેલી બે મૅચ અન્ય શહેરમાં રમાવાની છે, જ્યારે ૩૧મી માર્ચે ત્રીજી મૅચ વાનખેડેમાં કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રમાશે.

બુમરાહની બોલિંગ ઍક્શન તમામ ફાસ્ટ બોલર્સમાં સૌથી ભિન્ન છે.

મુંબઈ ઇન્ડિયન્સના અન્ય ફાસ્ટ બોલર્સમાં કૅપ્ટન હાર્દિક પંડ્યા, ટ્રેન્ટ બૉલ્ટ, દીપક ચાહર, રીસ ટૉપ્લી, અર્જુન તેન્ડુલકર, રાજ બાવા, સત્યનારાયણ રાજુ, કૉર્બિન બોશ્ચ અને અશ્વની કુમારનો સમાવેશ છે. મુંબઈની પ્રથમ મૅચ ૨૩મી માર્ચે ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે રમાશે.

# ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડીઓએ ટીમની હોટેલમાં ધુળેટીનો તહેવાર ભરપૂર માણ્યો









આઈપીએલના ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના ખેલાડીઓએ ગઈ કાલે ધુળેટીનો તહેવાર ભરપૂર મનાવ્યો હતો. કોલકાતાના આ ખેલાડીઓએ ટીમની હોટેલમાં એકમેક પર રંગ છાંટીને અને એકબીજાનાં મોં રંગથી રંગીને શાનદાર ઉજવણી કરી હતી. અજિંક્ય રહાણે કેકેઆરનો કૅપ્ટન અને ચંદ્રકાન્ત પંડિત હેડ-કોચ છે. ટીમના ખેલાડીઓમાં ક્વિન્ટન ડિકૉક, મનીષ પાન્ડે, રૉવમૅન પોવેલ, અંગક્રિશ રઘુવંશી, રહમનુલ્લા ગુરબાઝ, રિન્કુ સિંહ, વરુણ ચક્રવર્તી, રમણદીપ સિંહ, લવનિથ સિસોદિયા, મોઇન અલી, વેન્કટેશ ઐયર, અનુકૂલ રૉય, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, હર્ષિત રાણા, વૈભવ અરોરા, સ્પેન્સર જૉન્સન, મયંક માર્કન્ડે, ઉમરાન મલિક અને ઍન્રિક નોર્કિયાનો સમાવેશ છે.

# વીક એન્ડ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## સ્વાદિષ્ટ વાનગીઓના કડવા-તૂરા વાદ-વિવાદ-વિખવાદ

**જેનો સ્વાદ જીભને વળગી ચૂક્યો છે એવી અનેક જાણીતી રસઝરતી વાનગીઓથી લઈને ચીજ-વસ્તુઓ નિરંતર વાદ-વિવાદમાં અટવાતી રહે છે, જેના સંતોષકારક ઉકેલ માટે અમલમાં મુકાયેલો GI ટેગ શું છે?**




**વિખ્યાત** હાસ્યલેખક તારક મહેતા સાપ્તાહિક 'ચિત્રલેખા' માટે કોલમ લખતા 'દુનિયાને ઊંધાં ચશ્માં'. ૪૩ વર્ષ સુધી અવિરત પ્રગટ થતી એ કોલમમાં એક પાત્ર હતું પાવડર ગલીના સમાજ સેવક એવા ચંદુલાલ. આ ચંદુલાલ ખાણી-પીણાના જબરા શોખીન. મુંબઈની કઈ ગલ્લીઓમાં કઈ વાનગી ચાખવા-ઓહિયો કરવા જેવી છે એના ચંદુલાલ 'હરતાં-ફરતાં જ્ઞાનકોષ '. આ જ કોલમ પર આધારિત આજે છેલ્લાં ૧૭ વર્ષથી ટીવી પર આવતી લોકપ્રિય નીવડેલો આસિત મોદી સર્જિત શો 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા..' માં 'ગોકુળધામ સોસાયટી'ના એક ડોકટર અને એનો ચિરંજીવ પણ જબરા ખાઉધરા છે. એમનો સ્વાદપ્રેમ શ્રોતાઓને હાસ્ય પીરસે છે.

આપણી ટચૂકડી જીભ સાથે સ્વાદ પણ સંકળાયેલો છે. એને લઈને આ એક ચીની કહેવત પણ જાણીતી છે : 'મોટાભાગના લોકો પોતાની કબર જીભથી ખોદતા હોય છે..' અર્થાત, વધુ પડતો સ્વાદનો ચટાકો માણસને મોત તરફ ધકેલે છે. બીજી તરફ, ભૂખ્યા પેટની આગે અનેક દેશમાં બળવો જગાડ્યા છે. સો વાતની એક વાત, આદિકાળથી અત્યાર સુધી અવનવી વાનગી અને સ્વાદ માનવમાત્ર માટે જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહ્યાં છે.

આજે તો જગતભરના કેટલાંય શહેર-નગરની ઓળખ સુધ્ધાં ત્યાંની વાનગી-ફરસાણને લીધે બની છે. ઉદાહરણ તરીકે, મુંબઈના વડા-પાંઉ...સુરતનો લોચો... જામનગરની કચોરી, રાજકોટના પેંડા, કચ્છની દાબેલી વડોદરાનો ચેવડો... ઈત્યાદિ ઈત્યાદિ ..આવી રસઝરતી વાનગીઓની તો નામાવલિ હજુય લંબાવી શકાય...

ખેર, જેમ અન્ન માટે યુદ્ધ ખેલાયાં છે તેમ જગતભરમાં કઈ વાનગી મૂળ ક્યાંની એ લઈને કડવા વાદ-વિવાદ થયા છે અને આજે પણ વાર-તહેવારે એ ચાલતાં જ રહે છે.

મમતાદીદીનાં પશ્ચિમ બંગાળની વાત કરીએ તો બાબુમોશાયના ચિરપરિચિત લાંબાં-પહોળાં ગોળ ઉચ્ચારમાં કહીએ તો 'રોસ્શોગુઉલ્લા' કે 'શોંન્દેશ' કે પછી 'મિસ્ટી દોઈઈ' જેવી ત્યાંની મીઠાઈ તો જગવિખ્યાત છે,પણ જેવી રસગુલ્લાની વાત આવે અને જેવા બંગાળીબાબુ પોરસાઈને કોલર ઊંચા કરીને કહે : 'એ તો આમાર ...!' કે તરત જ પાડોશી ઉત્કલ રાજ્ય એટલે કે ઓરિસ્સા એના વિરોધમાં બાંયો ચઢાવે કે 'રસગુલ્લા તમારા શાના?એ તો અમારી શોધ છે! ' આમ રસગુલ્લા જેવી મધુરી વાનગી માટે એ બન્ને રાજ્ય વચ્ચે કડવી કચકચ થતી રહે છે.

આવા જ કડવા-તૂરા વિવાદમાં ઈડલી પણ સંડોવાયેલી છે. આપણી ફાસ્ટ ફૂડ ગણાય એવી ઈડલી હકીકતમાં દક્ષિણ ભારતની નહીં, પણ મૂળ ઈન્ડોનેશિયાની વાનગી છે એવો વિવાદ એક જાણીતા ઈતિહાસવિદે પુરાવા પેશ કરીને જગાડ્યો છે. ઈડલી સાથે સંકળાયેલું સાંભાર પણ ઘણા સમયથી વિવાદમાં સળવળે છે. સાંભાર પણ મૂળ સાઉથની વાનગી નથી, પણ એનાં મૂળ મહારાષ્ટ્રમાં છે.

આજે સુપરહિટ પુરવાર થયેલી વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા' (મરાઠીમાં સિંહનું બચ્ચુ) જે શિવાજીના પુત્ર સંભાજી પર આધારિત છે. એ મરાઠી રાજવી સંભાજીના રસોયાએ એક વાર દાળમાં ભૂલથી કોકમની સાથે એવું કોઈ દ્રવ્ય ઉમેરી દીધું કે એ દાળના સ્વાદ-સોડમ પર રાજવી મરાઠાભાઉ ઓવારી ગયા પછી એનું નામ સંભાજી પરથી 'સાંભાર' પડી ગયું !

(આવી લોકકથા છે! )

જોકે આવી જ તકરાર ને રકઝક લખનવી-હૈદરાબાદી અને કલકત્તી બિરયાની-પુલાવના મૂળ માટે સતત ચાલ્યા જ કરે છે. હૈદરાબાદની અનેક રેસ્ટોરાં તો બિન્ધાસ્ત દાવો કરે છે કે અમારી હૈદરાબાદી બિરયાની જ અસ્સલ છે... બાકી બધાની કહેવાતી બિરયાની તો પુલાવ માત્ર છે..!

આવા વાદ-વિવાદના સંતોષકારક ઉકેલ માટે કેન્દ્ર સરકારે એક વિશેષ એજન્સીની સ્થાપના કરી છે, જે કોઈ પદાર્થ-વસ્તુ-વાનગીનું ઐતિહાસિક-ભૌગોલિક મૂળ શોધી નિર્ણય લઈને એને GI Tag એટલે કે 'જ્યોગ્રોફિક આઈડેન્ટિફિકેશન' તરીકે ઓળખાતો એક ચોક્કસ નંબર આપે છે. આવો GI Tag નિકાસકર્તાની વસ્તુ-વેચાણ માટે મહત્ત્વનો ગણાય છે. કોઈ વસ્તુ-પ્રોડકટ મૂળ કયાંની છે એની પૂરતી ચકાસણી પછી અપાતો આવો GI Tag બધાને બંધનકર્તા છે અને એ માન્ય રાખવો પડે છે.

આવા ટેગનો ખાસ ફાયદો એ છે કે આપણી સ્વદેશી વસ્તુ-ઉત્પાદનને એના દ્વારા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં માન્યતા મળે છે ને પાછળથી અન્ય કોઈ દેશ એની પેટન્ટ પર દાવો નથી કરી શકતું (જેવું અગાઉ હળદર- આંબળા-લીમડાનાં આયુર્વેદિક ઉત્પાદનો સહિત મૂળ ભારતીય યોગ-આસનોને લઈને જબરા વિવાદ જાગ્યા હતા!)

આજે સ્થાનિક કહી શકાય એવા ૩૭૫થી વધુ મૂળ ઉત્પાદકોએ એમની પ્રોડટ્કસ માટે GI ટેગ મેળવ્યો છે. આમ છતાં, ૩૬૦૦થી વધુ ઉત્પાદન એવાં છે, જેને દેશ-વિદેશના વેચાણ વખતે વાપરવા માટે GI સરર્ટિફિકેટ પણ મળ્યાં છે. આના કારણે પણ ઘણી વાર અસલી અને નકલીના ડખા ઊભા થતા રહે છે.

જો કે કેટલીક પ્રોડકટસને GI ટેગને લીધે વિદેશમાં અઢળક આર્થિક ફાયદો પણ થયો છે, જેમકેઃ રાજસ્થાનની હસ્તકળાથી તૈયાર થયેલી સાંગણેરી સાડી-કુર્તા- શર્ટ વિદેશોમાં ધૂમ વેંચાય છે.

ગુજરાત-ખંભાતના ભાલિયા ઘઉની કેનિયા-શ્રીલંકા-ઈન્ડોનેશિયામાં સારી માર્કેટ છે. એ જ રીતે, જલગાંવના કેળાની દુબઈમાં સારી ડિમાન્ડ છે તો આન્ધ્ર-ઓરિસ્સાની 'અરાકુ' તરીકે જાણીતી કોફી ગલ્ફ તેમજ યુરોપમાં લોકપ્રિય છે.

આ બધા વચ્ચે, રસગુલ્લા- કોફી-ચા, કેરી અને ચોખા એક યા બીજા વિવાદ અને વેચાણને કારણે અવારનવાર સમાચારમાં ગાજતાં રહે છે.

ઓરિસ્સા-બંગાળના રસગુલ્લાનો વિવાદ તો એવો જબરો રહ્યો કે સરકારે બન્નેને અલગ અલગ GI ટેગ આપીને એ તકરારનો તો કામચલાઉ ઉકેલ આણ્યો છે. દેશ-વિદેશમાં 'દાર્જિલિંગ ટી'ના નામે ઘણા વિવાદ થયા પછી પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ અને કલિમ્પોંગ જિલ્લાનાં ખેતરોમાં કુદરતી રીતે ઊગેલી ચાની પત્તીને જ એ નામ મળે એવો ચુકાદો અપાયો છે.

બીજી તરફ, ૪૦ લાખ ટનથી વધુ જેની તોતિંગ નિકાસ થાય છે એ આપણા ચિરપરિચિત 'બાસમતી રાઈસ' ની પેટન્ટ મેળવવા અમેરિકાની એક તગડી કંપનીએ જબરી ધમાલ કરી હતી, પણ સફળતા ન મળી. આજે આપણા GI ટેગવાળા બાસમતી ચોખા પાડોશી પાકિસ્તાનના રાઈસ સાથે વિદેશોમાં તીવ્ર સ્પર્ધામાં છે.

જેમ ક્રિકેટના મેદાન પર ભારત પાકિસ્તાનની ટીમ સામસામી અથડાય ત્યારે હાર- જીત માટે ખરાખરીની ટકકર થાય એમ 'બાસમતી' ચોખા મૂળ ક્યાંના એનો વિવાદ લાંબા સમયથી ચાલે છે.

જોકે, હમણાં તો આ બન્ને પાડોશી દેશને GI ટેગ સાથે 'બાસમતી' પોતપોતાના દેશમાં વેંચવાની અનુમતિ મળી છે. તો થોડા સમયથી મધ્ય પ્રદેશે પણ આ વિવાદમાં ઝુકાવ્યું છે. ભારતના સાત રાજ્યને 'બાસમતી' ચોખાના સત્તાવાર ઉત્પાદક તરીકે GIની માન્યતા આપવામાં આવી છે. હવે આવી જ માન્યતા મધ્ય પ્રદેશ માગી રહ્યું છે!

આજે આવી તકરાર માત્ર કિચનમાં તૈયાર થતી વાનગી કે મીઠાઈ પૂરતી મર્યાદિત નથી રહી.

ભોજન કક્ષની બહાર પણ અમુક ચીજ-વસ્તુ મૂળ કયાંની એને લઈને અફરાતફરી જામે છે.

ઉદાહરણ તરીકે, એક ચોક્કસ પ્રકારની ડિઝાઈનમાં બનેલા અને વજનમાં હળવા તેમજ પહેરવામાં સરસ મજાનાં લાગે એવાં ચામડાના ચપ્પલ મહારાષ્ટ્રના કોલ્હાપુર શહેરની દેન 'શોધ' ગણાય છે. આ પગરખાં 'કોલ્હાપુરી ચપ્પલ' તરીકે જાણીતા છે. મહારાષ્ટ્રનાં સાંગલી-સતારા-શોલાપુરથી લઈને છેક કર્ણાટકમાંય એ જ પ્રકારના બનતાં ચપ્પલ 'કોલ્હાપુરી' તરીકે વેંચાવા લાગ્યા ત્યારે મૂળ કોલ્હાપુરના ચપ્પલ ઉત્પાદકો-વિક્રેતાઓએ પેટન્ટ- ડિઝાઈન- ટ્રેડમાર્કસની સરકારી એજન્સીમાં ઉગ્ર વિરોધ નોંધાવીને કોર્ટે ચઢવાની ચીમકી આપી હતી.

આવું જ ચંદેરી સાડીનું છે. મધ્ય પ્રદેશનું ચંદેરી નગર ત્યાંના રેશમ જેવાં કાપડ અને એમાંથી તૈયાર થતી વિશિષ્ટ પ્રકારની સાડી માટે જાણીતું છે. આવી ચંદેરી સાડી પણ વિવાદમાં અટવાઈ છે, કારણ કે મધ્ય પ્રદેશની બહાર સુરત- બનારસમાં અમુક વણાટની સાડીના ઉત્પાદકોને પણ 'ચંદેરી સાડી'નો GI ટેગ મળ્યો પછી ચંદેરી નગરના મૂળ સાડી બનાવનારાએ એનો જોરદાર વિરોધ કર્યો છે. આ તકરાર પણ GI એજન્સી સુધી પહોંચી છે.

સાડીને લઈને એક નવી જ ચડભડ પણ હમણાં બહાર આવી છે. પશ્ચિમ બંગાળની ફેમસ 'ટાંગાઈ ' સાડીને જે GI ટેગ મળ્યો છે એની સામે પાડોશી બાંગ્લાદેશે સખત વિરોધ નોંધાવતા કહ્યું છે કે સાડી મૂળ તો બાંગ્લાદેશના ટાંગાઈ નામના જિલ્લાના કારીગરોની દેન છે માટે અમે GI ટેગના ખરા હક્કદાર છીએ- ભારત નહીં !

આવા જ GI ટેગના વિવાદમાં 'મૈસૂર અગરબત્તી'ના ખરા ઉત્પાદકો પણ અટવાયા છે. આ બધા વચ્ચે આસ્થાળુઓ માટે અતિપવિત્ર ગણાતા તિરુપતિ દેવસ્થાનના પ્રસાદ એવાં લાડુને પણ પેટન્ટ GI ટેગની લડાઈમાં અટવાવું પડ્યું છે. કોર્ટ-કચેરીની લાંબી બબાલ પછી તિરુપતિ દેવસ્થાન અને આન્ધ્ર સરકારને હવે સત્તાવાર GI ટેગનાં 'દર્શન' થયા છે..!

હમણાં જ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના કુંભમેળાને ઐતિહાસિક સફળતા મળી એ જોયા પછી ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશવાળા પણ 'કુંભમેળો તો મૂળ અમારો !' એવો દાવો કરીને એના GI ટેગ માટે 'ઢિસુમ... ઢિસુમ' શરૂ ન કરે તો સારું ! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## સાન ઓગસ્ટિન - સ્પેનમાં પણ અમેરિકા પીછો નથી છોડતું...

**અમેરિકાનો** સોટ પાવર આખી દુનિયા પર છેલ્લી સદીમાં એવો ફરી વળ્યો છે કે ત્યાંની બ્રાન્ડ્સ, ત્યાંની લાઇફ-સ્ટાઇલ, ત્યાંનું મીડિયા, બધું જ બધે જ જોવા મળી જાય છે. અને એવામાં હાલમાં ચાલી રહેલ જટિલ આંતરરાષ્ટ્રીય પોલિટિકલ માહોલમાં સાશિયલ મીડિયા એકો-ચેમ્બર્સમાં જે પણ વાંચવા કે સાંભળવા મળે છે તેના પર શંકા થાય છે. ખાસ તો એટલા માટે પણ કે બધે જ ઓપિનિયનની ભરમાર છે, પણ રોજ ઊઠીને પચાસ લોકોનાં અલગ અલગ અભિપ્રાયો મેળવીને કશું નવું જાણવા, સમજવા કે વિચારવા તો ભાગ્યે જ મળે છે. એવામાં માહિતી ક્યાંથી આવે છે, તેનો સોર્સ શું છે, તેની ઇમ્પેક્ટ શું છે, અને મારા અંગત ખૂણા સાથે તેને કંઇ લેવા-દેવા છે કે કેમ, એ પોઇન્ટ ઓફ વ્યુથી ચાલીને કોન્ટેન્ટ કન્ઝ્યુમ કરવાનું નક્કી કરેલું છે તે માનસિક શાંતિ માટે ઘણું ફાયદાકારક નીકળ્યું છે. ખાસ કરીને ન્યૂઝનું ડાયેટ એકદમ જરૂરિયાત અને પસંદગી સાથે ક્યુરેટ કરીને પણ બિનજરૂરી સ્ટ્રેસથી દૂર રહી શકાય છે. અમેરિકાને લગતા ન્યૂઝ આજકાલ એ જ કેટેગરીમાં આવે છે. જોકે અમેરિકન ન્યૂઝ મર્યાદામાં મેળવો એનો અર્થ એ નહીં કે અમેરિકાથી છટકીને ક્યાંય જઈ શકાય.

સ્પેનિશ કનેરિયન ટાપુઓ પર પણ અમેરિકન વેસ્ટર્ન સ્ટાઇલ એક ગામ બનાવીને તેને થીમ પાર્કમાં ફેરવી દેવામાં આવેલું જોવા મળ્યું. તેના વિષે પહેલાં જ્યારે વાંચેલું ત્યારે એક સાથે ક્લિન્ટ ઇસ્ટવૂડની ફિલ્મો, હાલમાં બનેલી સાયન્સ ફેન્ટસી 'વેસ્ટ વર્લ્ડ' અને ૨૦૧૪માં કરેલા લાંબા અમેરિકન પ્રવાસમાં જોયેલાં વેસ્ટર્ન સ્ટાઇલ ગામ, બધું યાદ આવી ગયું. માસપાલોમાસ પાસે સાન ઓગસ્ટિન ગામ પહોંચવામાં તો અમને વાર ન લાગી, પણ ત્યાં જઈને અમે તરત જ કોઈ ફિલ્મ સેટ પર પહોંચી ગયાં હોઈએ એવું લાગતું હતું. આમ જોવા જાઓ તો માટા ભાગના અમેરિકન ફિલ્મ સ્ટુડિયો ટૂર્સમાં યુરોપના ખૂણાંઓ રિક્રીયેટ કરવાનો પ્રયત્ન દેખાય છે. એ જોતાં ઓલમોસ્ટ આફ્રિકા નજીક આ ટચૂકડા ટાપુ પર એક જુનવાણી અમેરિકન કાઉબોય ટાઉન જોઈને નવાઇ લાગે તે સ્વાભાવિક છે.


હવે એક દિવસમાં અમે અહીંથી ઘર તરફ પાછાં નીકળવાનાં હતાં. ક્રિસમસનો જર્મન માહોલ અમારી રાહ જોઈ રહ્યો હતો. એવામાં છેલ્લા દિવસે માસપાલોમાસ અને લા પાલ્મા વચ્ચે અમારે જેટલું પણ જોવાનું બાકી હતું તે બધું જોવા નીકળી પડ્યાં. અહીં હજી ઘણી હાઇક બાકી રહી જવાની હતી. એટલું જ નહીં, અહીં રાત્રે એસ્ટ્રોનોમી બિલ્ડિંગની ટેકરી જોવાનું પણ શક્ય નહોતું બન્યું. ખાસ તો અહીં રાતનું અંધારું જરા વધુ પડતું ઘેરું હોય છે. એવામાં એપાર્ટમેન્ટની બાલ્કનીમાંથી જ તે તારાઓ અને ચંદ્ર દેખાતો હતો તે જોવાની અલગ મજા હતી. ઘણા લાંબા સમય પછી, કે કદાચ ફિલ્મોની બહાર પહેલી વાર અહીં તૂટતો તારો પણ જોવા મળ્યો હતો. છતાંય આખો દિવસ સાઇટસીઇંગમાં ચાલ્યા પછી રાત્રે એવું ઠૂસ થઈ જવાતું કે ફરી ઘોડે ચડીને એસ્ટ્રોનોમિકલ અનુભવો કરવા જવાની એનર્જી જ નહોતી બચી.

છેલ્લે દિવસે અમેરિકન ટાઉન જવા માટે અમે બધાં ઉત્સાહમાં આવી ગયેલાં. ખાસ તો એટલા માટે પણ કે અહીં ઘણી સ્પેનિશ ફિલ્મોમાં અમેરિકન વેસ્ટર્ન તરીકે આ લોકેશન ખરેખર વપરાય છે તે જાણીને વધુ નવાઈ લાગી. એટલા માટે પણ કે આ કોઈ સ્ટુડિયો નહીં પણ ટૂરિસ્ટ માટેનો થીમ પાર્ક છે. ખરેખર ફોકસથી આપવામાં આવતો થિમેટિક અનુભવ આજકાલ બધે જ નજરે પડે છે. એ દૃષ્ટિએ જોવા જાઓ તો ધાર્મિક મેળાઓથી લઈને કલ્ચરલ ગામડાંઓ પણ ઐતિહાસિક કે સ્પિરિચ્યુઅલ થીમ પાર્ક જેવાં જ લાગવા માંડે છે.

અહીં માથાદીઠ ૨૫ યુરો આપ્યા પછી કંઇક નવું અનુભવવા મળે તો સારું એ પણ ચર્ચા થઈ. ખાસ તો એટલા માટે કે અહીં ગાયો, કાઉબોય્ઝ, ઘોડાઓ બધું જોઈને થોડી વારમાં તો રીપીટેટિવ લાગવા માંડયું હતું. તે સમયે પણ એક ખૂણામાં કોઈ ક્રૂ કોઈ સ્પેનિશ પ્રોડક્શન માટે કામ કરી રહી હતી. ત્યાંની મુખ્ય સ્ટ્રીપ પરની પહેલી લટાર દરમ્યાન તો ટેરન્ટિનોની ફિલ્મ 'જેન્ગો અનચેઇન્ડ' પણ યાદ આવી. બાર્બર શોપ, લુહારની વર્કશોપ, પબ, સ્કૂલ, બધું જ પ્રમાણમાં જીવંત લાગતું હતું. અને દરેક દૃશ્યના બેકગ્રાઉન્ડમાં સતત વેસ્ટર્ન મ્યુઝિક માહોલ જમાવતું હતું. અમારી સાથે ત્યાં પ્રવેશેલાં લોકોએ એકવાર સ્ટ્રીટનું ચક્કર લગાવી લીધું પછી એક સ્કિટની શરૂઆત થઈ. અમે લાઇવ પરફોર્મન્સ જોવા ગોઠવાયાં જ્યાં અમેરિકન કાઉબોય્ઝ પર મેક્સિકન વિલેજર્સનો એટેક થયો અને બંને ગ્રૂપ વચ્ચે ફિલ્મી લડાઈ થઈ.


એક રીતે જોવા જાઓ તો આ ઓલમોસ્ટ વાસ્તવિક લાગતા ગામને સીધું જ સ્ટેજ બનાવી દેવામાં આવેલું. ટાઉન શેરિફ આવીને આ લડાઈ રોકે છે અને સીન પૂરો થઈ જાય છે. આ પહેલાં અમેરિકન સ્ટુડિયોઝની મુલાકાતો લીધી હોવાં છતાં આ પ્રકારનો થીમ પાર્ક પહેલી વાર જોવા મળી રહ્યો હતો. પબની અંદર ચાકૂ ફેંકની ગેમ ચાલી રહી હતી. એક જગ્યાએ કોમેડી શો અને બીજી જગ્યાએ ખાણી-પીણી માટે બૂફે પણ હાજર હતું. અહીં ધારો તો આખો દિવસ વિતાવી શકાય તેમ હતું. અત્યંત ફિલ્મી અડધા દિવસમાં અમે થોડું થાકી પણ ગયેલાં. કદાચ અમે આ પ્રકારના અનુભવ માટે પૂરતાં તૈયાર ન હતાં. અહીં મોટું યંગ ગ્રૂપ લઈને ધમાલ કરવા જવાનો પ્લાન પણ હાથમાં રાખવા જેવો છે. આ પ્રકારનો લાઇવ અનુભવ ઘણો થ્રિલિંગ થઈ ગયો હતો.

બાકીના સમયમાં અમે લા પાલ્માનું ભવ્ય કથિડ્રાલ જોઈને થોડું શોપિંગ કરવા નીકળી ગયેલાં. અહીંનું સ્વાદિષ્ટ ઓલિવ ઓઇલ અને ડોનટ અને કૂકીના હાઇબ્રિડમાં હવે ઘણી મજા આવવા લાગી હતી. એવું કેમ થાય કે જ્યારે કોઈ જગ્યા છોડવાનો સમય આવી ગયો હોય ત્યારે જ ત્યાં પહેલાં કરતાં પણ વધુ મજા આવવા લાગે. ગ્રાન કનેરિયાનો અનોખો અનુભવ દાઢમાં લઈને અમે ઘરે આવ્યાં પછી નેક્સ્ટ વેકેશનનો પ્લાન બનતાં વાર ન લાગી. હવે પાર્ટી જાપાન જવા માટે બુક્ડ છે. ■










**મનની અદ્‌ભુત શક્તિઓ જ્યારે જાણી ત્યારે હું એક એવા નિષ્કર્ષ પર પહોંચ્યો હતો કે આ જગતમાં દૈવી જેવું કશું જ નથી. બધો જ ફક્ત મનની શક્તિનો ચમત્કાર છે.**

થોડી વાર પછી જગજીત હાથમાં ભીના રોલ સાથે બહાર આવ્યો. એના અસલી મૂડમાં અમારી સામે જોઈ બોલ્યો:

'ક્યોં બે, કબ આયે?'

અમે કંઈ જવાબ આપીએ તે પહેલાં જ એણે ભયાનક ચીસ પાડી. અમે બંને ચમક્યા. મેં એની તરફ જોયું ત્યારે એ પોતાના બંને હાથમાં ડેવલપ કરેલો ભીનો રોલ પકડી થરથર કાંપતો હતો. એના ચહેરા પર ભયાનક ભયની છાયા હતી. હું અને પ્રમોદ એની તરફ ધસ્યા. એણે મારા હાથમાં રોલ આપ્યો અને એ ચક્કર ખાઈ જમીન પર ફસડાઈ પડ્યો. મેં રોલમાં જોયું તો.

રોલની દરેક ફ્રેમ પર પેલા અઘોરીનો ભયાનક ચહેરો અંકાયેલો હતો ! .

બીજી જ ક્ષણે મારો હાથ પણ ધ્રૂજવા લાગ્યો..

પ્રમોદને દોડાવી પહેલાં તો ડોક્ટરને બોલાવ્યો. ડોક્ટર આવ્યો ત્યાં સુધી જગજીત ભાનમાં આવી ચૂક્યો હતો, પણ એની હાલત ખૂબ જ ખરાબ થઈ ચૂકી હતી. મને ઓળખતો ન હોય એમ મારી સામે તાકી રહ્યો હતો. આંખો ભયથી ફાટી પડશે એમ પહોળી થઈ ગઈ હતી. ડોક્ટરને સાચી વાત કહેવી કે કેમ એ એક વિમાસણ હતી. પ્રમોદને મેં ડોક્ટરને એમ કહેવા કહ્યું હતું કે, 'દર્દીને વીજળીનો ઝાટકો લાગ્યો છે.'

બેલૂર ખાતે જે ડોક્ટર પાસે દવા કરાવી હતી એને પણ અમે અઘોરીબાવાની વાત નહોતી કરી. અઘોરીની વાતો ડોક્ટરને સમજાવવી મુશ્કેલ હતી..

હવે આ બીમારી વિશે જગજીતની મા અને પત્નીને પણ જાણ કરવી જરૂરી હતી. એક વિચાર એવો પણ આવ્યો કે બધું કામ પડતું મૂકીને પાછા મુંબઈ-ઘેર ચાલ્યા જઈએ.

બાહ્ય રીતે હું થોડો સ્વસ્થ દેખાતો હતો, પણ અંદરથી તો હું ખૂબ હલબલી ગયો હતો. આવી સ્ટેથોસ્કોપ, થર્મોમીટર અને ફિલ્મના રોલની વાત મને બીજા કોઈએ કરી હોત તો એને હું માનવા તૈયાર ન જ થાત. એને 'બનાવટ' કહી ઉતારી પાડત. આવી વાતો કરનારને 'બેવકૂફ' કહી મેં હસી કાઢ્યો હોત.

- પણ અહીં પરિસ્થિતિ સ્પષ્ટ હતી. બધું મારી આંખ સામે જ બન્યું હતું.

સાત વર્ષ પહેલાં હું ચૈતન્યાનંદથી છૂટો પડી ઘેર આવ્યો એ પછી ચૈતન્યાનંદે આપેલી શક્તિનો ખરો પ્રભાવ હું અનુભવવા લાગ્યો હતો. શરૂઆતમાં તો એ શક્તિ મને વરદાન જેવી લાગતી હતી, પણ પાછળથી જણાયું કે એ શક્તિ એક શાપ સમાન છે. કોઈના મનની વાત જાણવી સહેલી છે, પણ એને પચાવવી મુશ્કેલ છે. વિચાર કરો કે તમે અન્યના મનની વાત જાણી શકવા શક્તિમાન બન્યા છો પણ અન્ય-તમારાં સગાં, મિત્રો વગેરે તમારા વિશે જે વિચારે છે એને પચાવી શકવા-સહી શકવા તમે સમર્થ છો ખરો?

મારી હાલત એક એવા પાગલ જેવી બની ગઈ હતી કે જેને બધે જ પોતાના દુશ્મન દેખાતા હોય! પાગલ થઈ જવાની અણી પર હતો ત્યારે જ મને ફરી અંબિકાદીદીનો મેળાપ થયો. એ ફરી મુંબઈ આવ્યાં હતાં.

(એક ખાસ નોંધ: અહીં જે ચૈતન્યાનંદજી અને અંબિકાદીદીનો ઉલ્લેખ થયો છે એ બન્ને વિશે મારા પુસ્તક 'ચમત્કારને નમસ્કાર'માં વિસ્તૃત ઓળખ અને જાણકારી આપી છે)

હું અંબિકાદીદીને ફરી મળ્યો ત્યારે એ થોડા સૂકાયાં હતાં, પણ વધુ પ્રભાવશાળી અને પ્રતિભાવાન બન્યાં હોય એમ મને લાગ્યું. મારી સ્થિતિ એથી ઊલટી હતી એટલે એમને મળતાં પણ મેં સંકોચ અનુભવ્યો. એમણે મને પ્રથમ સમાચાર શ્રી ચૈતન્યાનંદના અવસાનના આપ્યા. ખૂબ જ દુઃખી થઈ મેં એ સમાચારને સાંભળ્યા હતા.

'એમણે મારે માટે કોઈ સંદેશો આપ્યો હતો?' મેં પૂછ્યું.

'એમણે તમારી પાસે ખૂબ આશાઓ રાખી હતી.'

'હું તો નિરાશ બન્યો છું.' મેં વ્યથિત થઈ એમને મારી મનઃસ્થિતિ કહી.

થોડી વાર પછી દીદીએ કહ્યું: 'કર્ણપિશાચીની સાથે સાથે જ એમણે તમને કલ્પનાયોગ પણ શીખવ્યો હતો એ શા માટે ભૂલી જાવ છો?' મને યાદ આવ્યું પણ હું ચૂપ બેસી રહ્યો. દીદી બોલ્યાં:

'અન્યના મન કરતાં પોતાના મનને જાણવું જ વધારે જરૂરી છે. એટલે જ તમને ગુરુજીએ કલ્પનાયોગ શીખવ્યો હતો. ગુરુજીની પણ એ જ ઇચ્છા હતી કે તમે કલ્પનાયોગને સાધ્ય કરો. એ જ તમારા મનને બળવાન બનાવશે.'

આમ છતાં દીદીએ કહી એટલી એ વાત સહેલી નહોતી જ. કર્ણપિશાચિનીના મોહમાંથી છૂટતાં અને કલ્પનાયોગને સાધતાં બીજા સાત વર્ષ નીકળી ગયાં. આમ છતાં, જેમ જેમ મનની શક્તિઓ વધવા લાગી તેમ તેમ જગતનાં અનેક રહસ્યો આંખ સામે ખૂલવાં લાગ્યાં.

શરૂઆતમાં ચૈતન્યાનંદજીએ કરેલી સંસારમાં રહેવાની આજ્ઞા ખૂબ જ ખટકતી હતી, પણ પાછળથી એ પાછળનો એમનો હેતુ પણ કળાવા લાગ્યો હતો. જંગલમાં કદાચ વધુ શાંતિથી જીવી શકાતું હશે, પણ માણસો વચ્ચે રહીને, માણસોને જે રીતે સમજી શકાય છે એ રીતે જંગલમાં એકાંતમાં રહી સમજી શકાતાં નથી. ચમત્કારો પાછળના ધતિંગ, ધર્મગુરુઓની દંભી વાતો, ધર્મના પડદા પાછળ અધર્મ અને માનવીની અંધશ્રદ્ધા, કેટકેટલા પંડિતો, વિદ્વાનો, આચાર્યો, સંતો, ભક્તો સાથે જીભાજોડી કરી મનની અને ફક્ત મનની અદ્‌ભુત શક્તિઓ જ્યારે જાણી ત્યારે હું એક એવા નિષ્કર્ષ પર પહોંચ્યો હતો કે આ જગતમાં દૈવી જેવું કશું જ નથી. બધો જ ફક્ત મનની શક્તિનો ચમત્કાર છે. આ પ્રમાણે મેં કેટલાય ધુતારાઓને ખુલ્લા પણ પાડ્યા હતા.

- પણ તે દિવસે ન ઉકેલાય એવો સવાલ મારી સામે આવી ઊભો હતો. ડોક્ટરે જગજીતને તપાસ્યા પછી થોડી દવાઓ લખી આપી હતી. જગજીત ઊંઘતો હતો. મેં ડાર્કરૂમમાં જઈ બીજા રોલ પણ તપાસ્યા. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન જે રોલ જગજીતે એક્સપોઝ કર્યા હતા તેમાં ક્યાંક ને ક્યાંક પેલા અઘોરીની આકૃતિ દેખાતી હતી. ક્યાંક ઝાંખી, ક્યાંક સ્પષ્ટ, ક્યાંક ફક્ત એનો ચહેરો દેખાતો હતો તો કેટલાકમાં એ આંખો દેખાતો હતો. મારા અને પ્રમોદના એક્સપોઝ કરેલા રોલમાં ક્યાંય કોઈ ખરાબી નહોતી.

મારી કેટલીયે માન્યતાઓ, કેટલાય વિચાર, કેટલાય સત્ય કડડભૂસ કરતાં તૂટી પડ્યાં હતાં.

અલબત્ત, આ રહસ્યનો ઉકેલ એ પછી છેક ત્રણ વર્ષે મને મળ્યો હતો..

અહીં મારે એક આડ-વાત કરવી છે...

એ પ્રસંગ મુંબઈનો હતો. એક લગ્ન સમારંભની તસવીરો ઝડપવાનો ઓર્ડર મને મળ્યો હતો. ઓર્ડર કન્યા પક્ષ તરફથી હતો. કન્યાને હું ઓળખતો હતો. કન્યાવાળી પાર્ટી માલદાર હતી અને કુટુંબ વિશાળ હતું એટલે તસવીરો પણ ખૂબ ઝડપવાની હતી. આગલી રાતના મોડે સુધી કન્યાપક્ષવાળાને ત્યાં રાસ-ગરબાની તસવીરો ઝડપી-પાછો વહેલી સવારથી વિધિઓની તસવીરો ઝડપવા લાગ્યો હતો. ખડે પગે ચાલેલું આ કામ મોડી રાત સુધી કન્યા વિદાય પછી પણ ઘેર કોડીઓ રમાઈ ત્યાં સુધી ચાલ્યું.

કન્યાના મા-બાપ જેટલો હું પણ થાકીને લોથપોથ થઈ ગયો હતો. બે દિવસ પછી રોલ ડેવલપ કર્યા પછી સુકાયા ત્યારે મેગ્નીફાયર નીચે એને તપાસતો હતો ત્યારે ચારેક તસવીરો બગડી હોય એમ મને લાગ્યું. નેગેટિવમાં તો સ્પષ્ટ દેખાતું નહોતું એટલે મેં એની પ્રિન્ટો કાઢી.

પહેલી તસવીર પોંખવા સમયની હતી. સાસુ પોંખે તે પહેલાં કન્યા, દરવાજે આવેલા વરરાજાને હાર પહેરાવે એવો રિવાજ છે. મેં એન્લાર્જરમાં નેગેટિવ મૂકી ઈઝલ પર છાયા હોઈ ત્યારે પણ કશું સ્પષ્ટ સમજાયું નહીં. મેં ફૂલ સાઈઝની પ્રિન્ટ કાઢી, પ્રિન્ટનો કાગળ ડેવલપરમાં નાખી ફેરવતો રહ્યો. એકાદ મિનિટ પછી તસવીર આકાર ધારણ કરવા લાગી. બીજી મિનિટે તો એ સ્પષ્ટ થઈ આવી. મેં ડાર્કરૂમની લાલ સેઈફ લાઈટમાં એને જોઈ અને ચમક્યો. તસવીર ખૂબ જ સ્પષ્ટ અને સરસ હતી. ફક્ત વરરાજાનું માથું જ દેખાતું ન હતું! હાઈપોમાં નાખી પ્રિન્ટ ફિક્સ કર્યા પછી મેં એને બત્તી સળગાવી જોઈ, મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. માથું અજબ રીતે અદશ્ય હતું. માથાની પાછળનો માણસ સ્પષ્ટ દેખાતો હતો. વરરાજાના માથાની જગ્યાએ કંઈક ધૂંધળી છાયા જેવું હતું!

બીજી તસવીર હસ્તમેળાપના સમયની હતી. એની પણ મેં પ્રિન્ટ કાઢી. એ તસવીરમાં વરરાજાના હાથ ડબલ દેખાઈ રહ્યા હતા અને માથાની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિનું માથું હતું.

ત્રીજી તસવીર રિસેપ્શન સમયની અને ચોથી તસવીર કન્યાવિદાયના સમયની હતી. એ બંને તસવીરોમાં પણ વરરાજાની જગ્યાએ જ કંઈક તકલીફ હતી. ડબલ એક્સપોઝ (તસવીર પર તસવીર) થયું હોય એમ વરરાજા પર એક અન્ય પુરુષ-મનુષ્યાકૃતિ દેખાતી હતી.

મને ડબલ મૂંઝવણ થઈ. એક તો આનું રહસ્ય શું હશે તે સમજાતું નહોતું. કેમેરા કે ફિલ્મ કે મારા લીધે આવી ન સમજાય એવી ગરબડ થઈ હોય એ અસંભવિત હતું. ઉપરાંત કન્યાપક્ષવાળાને હવે હું એમની તસવીરોનું આલ્બમ કેવી રીતે આપીશ એ પણ સવાલ હતો! પોંખતાં પહેલા કન્યા વરરાજાને હાર પહેરાવે છે તે અને હસ્તમેળાપના સમયની તસવીરો તો આલ્બમમાં ખાસ જોઈએ જ. એ ન હોય તો મારે જવાબ શું આપવો?

કંઈ ઉકેલ ન સૂઝતાં મેં ત્રીજી તસવીરોની પ્રિન્ટો તૈયાર કરી નાખી. બીજા દિવસે કન્યાને ત્યાં ફોન કરી જાણ કરી કે 'તસવીરો તૈયાર છે, પણ આલ્બમમાં ચોડતાં પહેલાં જો વર-કન્યા એ તસવીરો જોઈ લે તો સારું.'

કન્યાના પિતાએ કહ્યું કે એ બંનેને સાંજે મારે ત્યાં મોકલશે. આ ફોન કરવા પાછળ મારો આશય એટલો જ હતો કે હું જાણવા ઈચ્છતો હતો કે વરરાજા સલામત તો છે ને? કન્યાના પિતાનો જવાબ સાંભળ્યા પછી મને શાંતિ થઈ.

સાંજ પછી કન્યા એકલી જ મારા ઘેર આવી.

અમારો પરિચય તો હતો જ. મેં પૂછ્યું: 'કેમ એકલાં?'

એણે હસીને કહ્યું: 'એ એમના ઓફિસના કામમાં રોકાયેલા છે.'

મેં એને તસવીરો બતાવી. વીસેક મિનિટ તસવીરો જોયા પછી એ બોલી: 'આમાં હું એમને હાર પહેરાવું છું તે અને હસ્તમેળાપની તસવીરો ક્યાં છે?'

'એ બગડી ગઈ છે.' મેં સંકોચથી કહ્યું.

'એમ કંઈ ચાલે? એ તસવીરો તો ખાસ જોઈએ જ ને?'

'ઊભા રહો એ તસવીરો હું તમને બતાવું છું' એમ કહી મેં એમની સામે પેલી ચારે ય તસવીરો મૂકી દીધી. થોડી વાર એ તસવીરોને તાક્યા પછી એણે મને પૂછ્યું:

'આ કેવી રીતે થયું છે?'

'હું પણ તમને એ જ પૂછવા માગું છું.'

કન્યા સાયકોલોજીમાં પીએચ.ડી. થયેલી હતી. એની સાથે ઘણીવાર માનસશાસ્ત્રી વિષે મેં ચર્ચાઓ પણ કરી હતી.

'આ તસવીરમાં આ બીજો ચહેરો દેખાય છે ખબર છે કોનો છે?' એમ તસવીર જ્યાં ઝાંખી છાયા દેખાતી ત્યાં આંગળી મૂકી એણે મને પૂછ્યું.

'મને કેવી રીતે ખબર પડે.?'

'એ ચહેરો દિનેશનો છે' કંઈક કંપતા અવાજે એ બોલી.

'ઓહ!' મારા મોઢામાંથી ઉદ્‌ગાર સરી પડ્યો. દિનેશ વિશે એણે મને વાત કરી હતી. એ જ્યારે એસ.એસ.સી.માં હતી ત્યારે આ દિનેશ એની બાજુમાં રહેતો હતો. એ કન્યાએ પ્રથમ પ્રેમ એ દિનેશ સાથે કર્યો હતો. લગ્ન કરવાનું એકબીજાએ વચન પણ આપ્યું હતું, થોડા જ દિવસ પછી ટાઈફોઈડની લાંબી બીમારી બાદ દિનેશનું અવસાન થયું હતું.

'તમને ખબર છે.' એ ક્યાંક દૂર જોતી હોય એમ દીવાલ પર આંખો ટેકવી બોલી:

'હું જ્યારે એમને વરમાળા પહેરાવતી હતી ત્યારે મને દિનેશ યાદ આવી રહ્યો હતો. દિનેશને અંતરમાંથી હું ભુલાવી શકી નથી. હસ્તમેળાપ સમયે પણ એ જ મને યાદ આવ્યો હતો ! .'

એ છોકરી દૃઢ મનોબળવાળી હતી. એટલે વાંધો ન આવ્યો. એની જગ્યાએ અન્ય કોઈ છોકરી હોત તો, ભૂતની ભ્રમણામાં એવી ફસાઈ હોત કે... હું કલ્પી નથી શકતો.

એ પછી એકાદ વર્ષે અમારી 'યુવદર્શન'ની ઓફિસમાં તે સમયે કામ કરતો મારો સહકાર્યકર મહિમ ગાંધી એક વિદેશી સામયિકમાંથી એક લેખ મને બતાવવા લાવ્યો હતો. એ લેખ 'થોટોગ્રાફ્સ'ની વિશે હતો. આ લેખે મારા મનનાં ઘોળાતા ઘણાં રહસ્યો ઊકેલી નાખ્યાં.

ટેડ સીરીઓસ નામના એક અમેરિકને કેમેરા સામે ઊભા રહીને પોતાના વિચારોના ફોટોગ્રાફ્સ લેવડાવ્યા હતા. આ પ્રયોગો 'લાઈફ' મેગેઝિન ઉપરાંત ત્યાંના કેટલાક વૈજ્ઞાનિકોએ પણ ચકાસ્યા હતા. આ પ્રયોગો જો કે સો ટકા સાચા પુરવાર થયા ન હતા, પણ મનની વિશિષ્ટ શક્તિ વિશે જરૂર પ્રકાશ પાડતા હતા.

એ લેખ પછી ફરી મનની શક્તિ વિશેના મારા વિશ્વાસમાં ભરતી આવી. ત્યાર પછી હું એમ માનતો હતો કે મન-ફક્ત મન પર અથવા ચેતનયુક્ત પદાર્થ પર પણ પોતાનો પ્રભાવ પાડે છે. હકીકતમાં તો આ વિશ્વમાં જડ પદાર્થ જેવું કશું નથી. આપણને જડ લાગતો પદાર્થ પણ ચેતનાથી ધબકતો હોય છે. આજે આપણે અણુ-પરમાણુના વિજ્ઞાનને જાણીએ છીએ. ઈલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટોન વિશે પણ જાણતા થયા છીએ. જડ દેખાતા ટેબલ ખુરશીમાં પણ આ પરમાણુની અજબ ચેતના ધબકે છે એ આપણે જાણીએ છીએ.

એ પછી મેં ફિલ્મ પર જે પ્રયોગો કર્યા, મનની અદ્‌ભુત શક્તિની સીમાના સીમાડાઓ એટલા વિસ્તર્યા કે જાણે એ બ્રહ્માંડના ગર્ભને પણ આંબી ગયા. આ જ્ઞાન પ્રાપ્ત કરવામાં મને કલ્પનાયોગ એટલો કામ લાગ્યો કે ત્યારે જ મને શ્રી ચૈતન્યાનંદે આપેલા એ અદ્‌ભુત વરદાનની કિંમત સમજાઈ.

આ વિશ્વમાં સર્જન અને સંહાર, જન્મ અને મૃત્યુનું એક આદિ નાટક ચાલી રહ્યું છે. ચાલ્યા જ કરશે. આ નાટક અહેતુક કે ફક્ત મનોરંજન માટે નથી. એ સહેતુક છે, એ કંઈક નીપજાવવા ઇચ્છે છે. એ કેવું નીપજે છે એ તો આ નાટકમાં ભાગ લેનારા પર આધાર રાખે છે.

સર્જન માટે સૌ પ્રથમ કલ્પના આવશ્યક છે. કોઈ પણ વસ્તુ કલ્પના સિવાય નિર્માણ થઈ શકતી નથી. આ કલ્પના આપણું મન કરે છે. આ મન બે રીતે કામ કરે છે. એ સર્જન કરવા માટે હંમેશાં તત્પર રહે છે. યોગ્ય બુદ્ધિ, સંસ્કાર અને ભાવના હોય તો અને જેવા હોય તેવા- એ મનને સહાય કરી સર્જન કરે છે. કવિ કવિતા લખે છે, ચિત્રકાર ચિત્ર દોરે છે, આ બધાં જ સર્જન પાછળ મન રહ્યું છે, એ નક્કી.

આ મન મંત્રશક્તિ દ્વારા પણ સર્જન કરી શકે છે. ત્યારે એને ભૌતિક પદાર્થની જરૂર પડતી નથી. જેમ કે એક માંત્રિક પોતાની મંત્રશક્તિ દ્વારા અદૃશ્ય રીતે સૂર્યના કિરણોને ભેગા કરી અગ્નિ પ્રગટાવી શકે છે એવી જ રીતે એક વૈજ્ઞાનિક ફોસ્ફોરસની શોધ કરી દીવાસળી બનાવી અગ્નિ પ્રગટાવવાનું કામ સહુ માટે સહેલું બનાવી શકે છે. આ જ મનની શક્તિ જો માનવીના કાબૂમાં ન રહે તો એ યંત્રની કમાનની જેમ છટકીને બેફામ રીતે વર્તે છે. ત્યારે એ અજબ તમાશા કરે છે. આને આપણે ભૂત-પ્રેત સાથે સાંકળી લઈએ છીએ. એ આગના ભડકા બની આંખ સામે આવે છે.

આપણે નબળું મન અને સબળું મન એવો પ્રયોગ અનેક વાર કરીએ છીએ. હકીકતમાં આ ખોટું છે. મન નબળું-સબળું હોતું નથી. મન બધે જ એક સરખું શક્તિમાન છે. એનો ઉપયોગ કરનાર અને એને કાબૂમાં રાખનારા આપણા બુદ્ધિ અને સંસ્કાર જ નબળા-સબળા હોય છે. વીજળીનો પ્રવાહ તો એક સરખો જ શક્તિશાળી હોય છે પણ કેટલા વોલ્ટનો બલ્બ લગાડ્યો છે એના પર પ્રકાશનો આધાર રહે છે. વીજળીનો ખુલ્લો રહી ગયેલો વાયર જેમ ખતરનાક છે એમ નિયંત્રણ વગરનું મન પણ ખતરનાક બની શકે છે. ક્યારેક ભયના કારણે કે અન્ય કોઈ કારણસર મન પરનું નિયંત્રણ માનવી ખોઈ બેસે છે ત્યારે આ મન ભયાનક બને છે. એ ઇચ્છે તો દીવાલ પરની ચાલતી ઘડિયાળ અટકી પડે છે, એ ઇચ્છે તો આકાશમાંથી વિમાન તૂટી પડે છે. એ ઇચ્છે તો કોઈ મૃત્યુ પામે છે, એ ઇચ્છે તો જડ પદાર્થ પણ એની ઇચ્છા પ્રમાણે વર્તે છે.

ક્યારેક મનની અજબ શક્તિના કારણે મનમાં ઉદ્‌ભવતા વિચારો માટે પણ સેન્સીટિવ બની શકે છે.

થોટોગ્રાફ્સની પાછળ આ જ સિદ્ધાંત કામ કરતો હતો.

આપણે ક્યારેક સાંભળીએ છીએ કે કોઈના કપડાં આપોઆપ ફાટે છે, ક્યારેક કોઈના શરીર પર આપોઆપ ચીરા પડે છે, ક્યારેક ઘરનું ફર્નિચર આપોઆપ ખસવા લાગે છે ત્યારે આપણે એને ભૂતપ્રેતનો પ્રભાવ માની લઈએ છીએ. હકીકતમાં તો આ મનુષ્યના અનિયંત્રિત મનની એ ધમાલ હોય છે. જેમ સુનિયંત્રિત, કલ્પનાશીલ મનની શક્તિની કોઈ સીમા નથી, એવું જ અનિયંત્રિત મનની શક્તિઓનું છે.

જોકે, જગજિતની ઘટના બની ત્યારે મને આ મનની અમાપ શકિત વિશે જાણ નહોતી.

એ વખતે હું વિમાસણમાં માથે હાથ દઈ બેઠો હતો. જગજીત ઊછળતો, પછડાતો, બેફામ ગાળો બકતો વધુ ને વધુ એ અઘોરીના ત્રાસની અસર નીચે આવી રહ્યો હતો. બીજા દિવસે મેં અને પ્રમોદે બેંગલોર છોડવાનો નિશ્ચય કરી લીધો. આર્થિક રીતે અમને ઘણું નુકસાન વેઠવું પડે એમ હતું પણ અમે લાચાર હતા.

સામાન તૈયાર કર્યો, પણ અમારી સામે મુખ્ય સવાલ તો જગજીતને કેવી રીતે લઈ જવો એ જ હતો. ક્યારેક તો એ એવા તોફાને ચડતો કે ચાર માણસો પણ એને ઝાલી ન શકતા. આ હાલતમાં પ્લેનમાં કે ટ્રેનમાં મુસાફરી કરવી યોગ્ય નથી હોતી. અમે કોઈ એવી મોટી કાર કે સ્ટેશનવેગનની શોધમાં હતા કે જેમાં અમે જગજીતને આરામથી લઈ જઈ શકીએ.

એટલામાં શિવાનંદ ત્યાં આવી ચડ્યા. મેં એમને પરિસ્થિતિ સમજાવી. થોડી વાર વિચાર કરી એમણે કહ્યું:

'અહીંથી ચાલ્યા ગયા પછી તમે માનો છો કે એ સારો થઈ જશે?'

'કહેવાય નહીં પણ હવે હું એને એની મા અને પત્નીને સોંપી દેવા ઇચ્છું છું.'

'એમ કરવાથી કશું વળશે નહીં. આપણે એના મનમાંથી પેલા અઘોરીનો ભય કાઢવાની જરૂર છે. આપણે ગમે તેમ કરી પેલા અઘોરીને પકડી અહીં લાવવો જોઈએ. એ અઘોરી જ જગજીતના મનમાંથી એનો ભય દૂર કરી શકશે. આપણે અહીંથી ચાલ્યા ગયા તો આ શક્યતા જ નહીં રહે.'

મેં પ્રમોદ સામે જોયું, એણે કહ્યું:

'સ્વામીજી ઠીક કહે છે, ભય હોય કે ગમે તે હોય આપણે અઘોરીને પકડી એની માફ માગી જગજીત પાસે માફી મગાવી એની પાસેથી જ આને જીવતદાન અપાવવું પડશે.'

જગજીતની ફિલ્મના રોલ પર અઘોરીની તસવીરો જોયા પછી મને પણ લાગ્યું હતું કે એ અઘોરીના પગ પકડી માફી માગી લેવી જોઈએ.

મેં કેટલીક નેગેટિવો લઈ એ અઘોરીની તસવીરોની પ્રિન્ટ કાઢી. અમે બંનેએ અલપઝલપ પાંચેક મિનિટ જ એને જોયો હતો. એના પ્રચંડ શરીર અને ભયાનક ચહેરાની કેટલીક અસ્પષ્ટ રેખાઓ સિવાય કશું જ યાદ નહોતું, પણ તસવીરો જોઈને તો હું વધારે ચોંકી ઊઠ્યો. એનો ચહેરો ખૂબ ભયાનક હતો. ગાલ પરથી શરૂ થતો એક લાંબો ચીરો છેક કપાળ પાસેના વાળ સુધી પહોંચ્યો હતો. ગળામાં જે માળા પહેરી હતી તેમાં રુદ્રાક્ષની સાથે જ હાડકાંના નાના ટુકડા પણ પરોવેલા હતા. જમણો કાન બૂટ પાસેથી ચિરાયેલો હતો.

જગજીત ઘેનની દવાની અસર નીચે ત્યારે સૂતો હતો. મેં પ્રમોદને સૂચના આપી કે ડોક્ટરને કહી એને ઘેનની નીચે ઊંઘતો જ રાખે, હોટલના મેનેજરને પણ જગજીતની થોડી ભલામણ કરી. જગજીતના ધમપછાડાથી એ ગભરાયો હતો. અમને વહેલી તકે હોટલ ખાલી કરવાની એણે નમ્રતાપૂર્વક સૂચના પણ આપેલી, પણ અમારી સમજાવટથી એ બે-ત્રણ દિવસ માટે થોભી જવા તૈયાર થયો હતો.

- અને હું અને શિવાનંદ એ અઘોરીને શોધવા મૈસૂર ઊપડ્યા.

(ક્રમશઃ)■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મોજાની ગંધ મચાવે હાહાકાર

ઉનાળો શરૂઆતથી જ ટ્વેન્ટી -૨૦ રમે છે અને ચરમસીમાએ પહોંચ્યો છે. અત્તર તથા પરફ્યુમની ખરીદી વધી છે. દેખાદેખીના જમાનામાં ખાલી કપડાં જ ટનાટન પહેરીએ તે નહીં ચાલે. નીચે બૂટ પણ જોઇશે. હા જો કે અંદર પહેરેલા મોજાં કોઈ જોતું નથી. ભલેને બંને અંગુઠા મોજાની બહાર નીકળી અને જલસા કરતા હોય.મોજા ઉપર પટ્ટીમાં જ સારા દેખાતાં હોય છે. બાકી સસ્તા સેલમાંથી લીધેલા હોય એટલે જેવું ખેંચીને પહેરો કે તરત આગળથી અંગૂઠો અને પાછળથી એડી ડોકિયા કરવા માંડે. તળિયાએ જાણે પ્રતિજ્ઞા લીધી હોય કે ભલે મોજાં પહેરાવો,મારી પર આવરણ ઢાંકો પરંતુ હું તો બૂટની સગથળીને સ્પર્શ કરી જ એટલે તે પણ બે ચાર કાણા દ્વારા સગથળી સ્પર્શનો આનંદ માણે.

સવારના પોરમાં નીકળેલો માણસ રાત્રે ઘેંસ જેવો થઈ અને ઘરે જતો હોય છે.આ દરમિયાન માથાથી લઈ અને સમગ્ર શરીરના તમામ અંગનો પરસેવો છેલ્લે તળિયે જઈ અને અટકતો હોય છે. ૫૦૦ ગ્રામ વજનના બૂટનું પરસેવો પી અને ૨૦૦ગ્રામ વજન વધી ગયું હોય છે. રાત્રે જ્યારે બૂટ કાઢે ત્યારે તેમાથી મોજું પરસેવાથી રેબઝેબ થઈ બેભાન હાલતમાં મળી આવે. અને કોઈ પણને બેભાન કરવા માટે સક્ષમ પણ હોય. ઘણીવાર તો તે ઓળખ, સાબિતીનું કામ કરે છે.

તમારા ઘરમાં તમે મોજાં કાઢો એટલે ત્રીજા ઘરમાં ખબર પડે. ભાભી તરત જ કહે કે 'રમણીકભાઈ ઓફિસેથી ઘરે આવી ગયા છે. જાવ, તમે તમારું કામ પતાવી આવો'. જોકે ઘણા સમજુ લોકો મોજા કાઢતા પહેલા ઘરે સુગંધિત અગરબત્તી જરૂર કરે છે. આપણને એવું થાય કે રાત્રે ૧૦ વાગ્યે પણ આ લોકો કેવા ભક્તિ ભાવથી પ્રભુને ભજે છે. હકીકતમાં તો એ આડોશપાડોશનો ખ્યાલ રાખી અને બે-ચાર અગરબત્તીનો ભોગ ધરાવે છે.

હમણાં એક મારા સબંધની ઓફિસે હું ગયો હતો તો બહાર હું શૂઝ કાઢવા ગયો તો મને કહ્યું કે 'ના, ના રહેવા દ્યો પહેરીને જાઓ'. પરંતુ મેં એમને કહ્યું કે 'આ અગાઉ હું જ્યારે



પહેરીને અંદર ગયો હતો ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે અમે બૂટ ચપ્પલ બહાર કાઢીએ છીએ. અંદર મંદિર છે એટલે આ વખતે કહેવાનો મોકો ન આપવો એમ સમજી અને હું બહાર કાઢું છું'.તો મને કહે:

'તમારી વાત સાચી, પરંતુ અમુક લોકો બૂટ બહાર કાઢે છે પછી મોજાં પહેરીને અંદર જતા આખો દિવસ પોતાની હાજરી મોજાંની દુર્ગંધ દ્વારા છોડતા જાય છે. અંદર મંદિર હતું તે પણ બહાર લઈ લીધું, કારણ કે મોજાંની દુર્ગંધથી ભગવાન ત્રાહિમામ પોકારી જાય અને આડો અવળો શ્રાપ આપી દે. કોકના પાપે આપણે દંડાવવું પડે તેના કરતાં ભલે બૂટ પહેરીને અંદર આવે. અમે તો અમુક મહેમાનો પાછળ એક સ્ટાફ એપોઇન્ટ કર્યો છે. જે મહેમાનની સાથે જ રૂમ સ્પ્રે લઈ અને દર બે મિનિટે સ્પ્રે છાંટતો જાય. મહેમાન ને એમ થાય કે ભવ્ય સ્વાગત થયું અને આપણે બેભાન થતા બચી જઈએ.

અમારા એક ભાઈબંધને આવી બહુ ખરાબ ટેવ હતી. તે એક ને એક મોજાં ચાર-પાંચ દિવસ પહેરે અને બીજા દિવસથી તો આજુબાજુમાં કોઇ કૂતરું મરી ગયું હોય તેવી દુર્ગંધ ફેલાય. અમે તેને વારંવાર કહ્યું પરંતુ હઠીલી વહુ ની જેમ માને જ નહીં. અંતે અમે મિત્રોએ નક્કી કર્યું કે ફાળો કરીને પણ મિત્ર ને નવાં મોજાં અપાવીએ. ખરેખર અમે બધાએ એક સરસ મજાંની જોડી અપાવી બીજે દિવસે ચા-પાણી નાસ્તા માટે એક જગ્યાએ ભેગા થયા તો ફરી તે દુર્ગંધે અમને ઘેરી લીધા.

અમે એને કહ્યું કે 'તને હવે નવા મોજાં અપાવ્યા પછી પણ તું જુના શું કામ પહેરે છે?'તો તરત જ એણે શૂઝ કાઢી અને નવાં મોજાં દેખાડ્યાં :

'મને ખબર જ હતી કે તમે નહીં માનો જુઓ નવા પહેર્યા છે અને સાબિતી રૂપે જુના હું આ ખિસ્સામાં સાથે લાવ્યો છું'.

અમે દિલથી માર્યો અને ત્યાં ને ત્યાં મોજાને ખાડો કરી અને દાટી દીધાં. આમ તો આવા કૃત્ય બદલ મિત્રને દાટી દેવાનું મન થાય, પરંતુ મોજાથી મન મનાવી લીધું.

હમણાં એક ડોક્ટરને ત્યાં ઓપરેશન થિયેટરમાં હજી તો દર્દીને લઇ ગયા અને સી સી સુંઘાડવાવાળા ડોક્ટર તૈયારી કરે તે પહેલા જ દર્દી બેભાન થઈ ગયો. બહુ છાનબીન પછી ખબર પડી કે ઓપરેશન થિયેટરમાં જે નર્સિંગ સ્ટાફ હતો એણે એના મોજાં દર્દીને સુંઘાડ્યા હતાં. ઓપરેશન પતી ગયું પછી દર્દી ચાર કલાકે ભાનમાં આવ્યો.

હું તો કહું છું કે જો પરસેવો બહુ થતો હોય અને દુર્ગંધ આવતી હોય તો એક સ્પ્રેની બોટલ ખીસ્સામાં રાખવી જોઈએ. દર બે કલાકે કાઢી અને મોજાં પર છંટકાવ કરવો. શરીર પર ના છાંટો તો ચાલશે, પરંતુ જ્યાં ત્યાં શૂઝ કાઢવાના હોય ત્યારે સમગ્ર વાતાવરણમાં હાહાકાર મચી જાય એના કરતાં મોજાં પર સ્પ્રે કરતો રહેવો. જોનાર લોકોને એમ થાય કે ધનવાન ખાનદાનનો જમાઇ લાગે છે. પગના તળિયે પણ સ્પ્રે કરે છે.

તમારાં માટે મોજાં ડંખ ન પડે તે માટે આશીર્વાદરૂપ હોઈ શકે,પરંતુ બીજાં લોકો તમારી હાજરીથી તમારાં આખા ખાનદાનને ખોટી રીતે યાદ ન કરે તે એટલું જ જરૂરી છે. ■

**વિચારવાયુ:**

*પત્ની: (ઇન્સ્પેક્ટર સાહેબને) મારા પતિ ક્યારે મળશે.*

*ઇન્સ્પેક્ટર: એમનાં મોજાં મળ્યાં છે. પોલીસ ડોગ ને સૂંઘાડયા છે. કૂતરો બેભાન છે. ભાનમાં આવે એટલે તપાસ આગળ વધારીશું.*

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ક્યારેક કોઈ ઘટના બને ને લો, ફેશન બદલાઈ ગઈ!


ડોનલ્ડ ટ્રમ્પ



લોરેન્ઝો શૂઝ

થોડા સમય પહેલા અમેરિકાના પ્રમુખની ઓવલ ઓફિસમાં મોટી બબાલ થઇ ગઈ. અમેરિકી પ્રેસિડેન્ટ અને યુક્રેનના પ્રેસિડેન્ટ એકબીજાને સંભળાવી દેવાના ચક્કરમાં બાખડી પડ્યા. એ પહેલા જ્યારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી મીટિંગ માટે ઓવલ ઓફિસ પહોંચ્યા ત્યારે એમનો પહેરવેશ પ્રોટોકોલ મુજબનો નહોતો. સામાન્ય રીતે અમેરિકા અને યુરોપના ઉચ્ચસ્તરીય નેતાઓ એકબીજાને મળે ત્યારે સૂટ-બૂટ પહેરીને મળતા હોય છે. ઝેલેન્સકી પાસે સૂટ ન પહેરવાના પોતાનાં કારણ હતા અને સામે પક્ષે પ્રોટોકોલનું પાલન કરવાની વાત પણ સાચી હતી. આપણે એ વિવાદમાં ઊંડા નથી ઊતરવું, પણ જરા વિચાર કરો કે જે રીતે એકાદ ફિલ્મ સુપરહિટ થાય અને કોલેજિયન્સની ફેશનમાં બદલાવ આવી જાય એ રીતે રાષ્ટ્રપ્રમુખો વચ્ચેની આવી એકાદ મીટિંગને કારણે પણ ફેશન બદલાઈ જાય એવું બને ખરું?

એવું થાય તો ભવિષ્યમાં ગંભીર ચર્ચાઓ માટે ભેગા થતા રાષ્ટ્રપ્રમુખો બર્મ્યુડા અને ટીશર્ટમાં આંટા મારતા દેખાય તો નવાઈ નહિ. એન્ડ ઈન ધેટ કેસ, ફેશન પ્રોટોકોલને એકલા હાથે બદલવાનું 'શ્રેય' ઝેલેન્સકીને આપવું પડે.

ખેર, ઇતિહાસમાં અમુક ઘટના ખરેખર એવી બની ગઈ, જેમાં એક જ વ્યક્તિને કારણે ફેશન ટ્રેન્ડ બદલાઈ ગયો હોય અથવા તો કોઈ ફેશન ટ્રેન્ડનું સાવ ભળતા જ કારણોસર બાળમરણ થઇ ગયું હોય.

શરૂઆત અમેરિકન પ્રેસિડેન્ટથી જ કરીએ. તમને જાણીને નવાઈ લાગશે પણ એક સમયે માથે પહેરવાની હેટ પણ અમેરિકન રાષ્ટ્રપતિના ડ્રેસકોડમાં સામેલ હતી. ઇસ ૧૯૬૧માં જ્હોન એફ કેનેડી પ્રેસિડેન્ટ બન્યા ત્યાં સુધી આ વણલિખિત ડ્રેસકોડનું પાલન થતું રહ્યું. 'જેએફકે'ના હુલામણા નામે જાણીતા કેનેડીની ગણના અમેરિકાના સૌથી હેન્ડસમ અને સૌથી 'કૂલ' પ્રેસિડેન્ટ તરીકે થાય છે. કેનેડી રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા ખરા, પણ એમને માથા પર પેલી હેટ પહેરવાનું વળગણ નહોતું. કેનેડી હેટ નહોતા પહેરતા એટલે બીજા ઘણા સજ્જનોએ પણ પોતાના દૈનિક પોષાકમાંથી હેટને કાયમી તિલાંજલિ આપી. રમૂજની વાત એ છે કે કેનેડીની લોકપ્રિયતા એવડી જબ્બર કે હેટ


જ્હોન એફ. કેનેડી

બનાવનારી કંપનીવાળા રીતસર પત્રો લખી લખીને એમને હેટ પહેરવાની વિનંતી કરતા હતા : હેટ પહેરવાનું રાખો માઈ-બાપ, નહિતર તમારી દેખાદેખીમાં અમેરિકન સમાજનો બહોળો વર્ગ હેટને તિલાંજલિ આપશે તો અમારો ધંધો ચોપટ થઈ જશે !

આમ છતાં, કેનેડીને એ સમયના અમેરિકન પ્રમુખો પહેરતા એવી કાઉબોય હેટ પહેરવાનું ક્યારેય ફાવ્યું નહિ એટલે મોટે ભાગે એ ઉઘાડે માથે જ ફરતા. આમ આ એક માણસને કારણે હેટ પહેરવાની ફેશન જ ભૂતકાળની વાત બની ગઈ. કેનેડી પછી આવેલા એક્કેય પ્રેસિડેન્ટે હેટને પોતાના પહેરવેશનો ભાગ બનાવ્યો નથી.

ઓ. જે. સિમ્પસન નામનો કાળી ચામડીનો પ્રોફેશનલ ફૂટબોલ ખેલાડી પાછળથી એક્ટિંગ ક્ષેત્રે પણ ઊતર્યો અને મીડિયા જગતમાં ય પ્રવેશ્યો. આ સિમ્પસન સાહેબ એક કાતિલ ઘટનામાં પણ સંડોવાયેલા છે. સોહામણો સિમ્પસન પહેલેથી પરણેલો, તેમ છતાં ૧૯૭૭માં નિકોલ બ્રાઉન નામની એક શ્વેત યુવતી સાથે પ્રેમમાં પડ્યા. આખરે ૧૯૮૫માં બેય પ્રેમીપંખીડા પરણ્યા. પણ સંબંધોમાં બધું બરાબર નહોતું ચાલતું. બ્રાઉનની બહેનના કહેવા મુજબ લગ્ન પછીના ચારેક વર્ષ દરમિયાન પોલીસને સિમ્પસન દંપતીને ઘરે સાતેક વખત ધક્કો ખાવો પડ્યો. કારણ હતું ડોમેસ્ટિક વાયોલન્સના કોલ્સ! પોલીસને ય કદાચ આ સેલિબ્રિટી કપલના ઝગડા કોઠે પડી ગયા હશે.

પણ એક વાર. પોલીસને સિમ્પસનના ઘરમાંથી એની પત્ની નિકોલ બ્રાઉન અને નિકોલના મિત્ર રોન ગોલ્ડમેનનાં શબ મળી આવ્યા. શંકાની સોય સીધી ઓ.જે. સિમ્પસન તરફ જ તકાતી હતી, પણ પોલીસ પાસે કોઈ પાકો પુરાવો નહોતો, સિવાય કે લોહીના ખાબોચિયામાં ઝબોળાયેલું એક પગલું!

ખૂનીએ શૂઝ બનાવતી ખાસ જાણીતી નહિ એવી કંપની 'બ્રૂનો મેગલી'એ બહાર પાડેલ લેટેસ્ટ મોડેલ 'લોરેન્ઝો'ના જૂતાં પહેર્યાં હતાં. કોઈક રીતે ખૂનીનો એક પગ લોહીના ખાબોચિયામાં પડ્યો હશે, એટલે પોલીસને એટલો પુરાવો મળ્યો. કંપનીનું આ લેટેસ્ટ શૂ મોડેલ હતું. એ સમયે આખા અમેરિકામાં આ મોડેલની માત્ર ૨૮૮ જોડી જ વેચાઈ હતી. તપાસ કરતા માલૂમ પડ્યું કે ખૂનીએ પહેરેલા જૂતાં ૧૨ નંબરના હતા. ખુદ ઓ.જે. સિમ્પસન પણ ૧૨ નંબરના જૂતાં પહેરતો હતો. પોલીસે પૂછપરછ કરી ત્યારે સિમ્પસને તો બેફિકરાઈથી કહી દીધું, 'હું પણ લોરેન્ઝો મોડેલના જૂતાં ખરીદવા વિચારતો હતો ખરો, પણ મને એ બહુ બેહૂદા લાગ્યા એટલે નહોતા ખરીદ્યા! '

સિમ્પસન તો આ કેસમાંથી પુરાવાના આધારે છૂટી ગયો, પણ પેલી શૂમેકર કંપનીની બુન્ધ બેસી ગઈ. એક તો સિમ્પસને લોરેન્ઝોને બેહૂદા શૂઝ કહી દીધા એમાં બ્રાન્ડનું નામ ખરડાઈ ગયું ને બીજું મહત્ત્વનું કારણ એ કે લોરેન્ઝો શૂઝનું નામ એક હાઈ પ્રોફાઈલ મર્ડર કેસમાં સંડોવાઈ ગયું એટલે સ્વાભાવિક રીતે જ લોકો આવી બ્રાંડ ખરીદવામાં ખચકાટ અનુભવતા હતા. સિમ્પસનનું જે થયું એ, પણ લોરેન્ઝો શૂઝના ટ્રેન્ડનું બાળમરણ થઇ ગયું!

વાતની શરૂઆત અમેરિકન પ્રેસિડેન્ટથી કરી, તો એની સમાપ્તિ પણ ત્યાં જ કરીએ. કેનેડીએ હેટને તિલાંજલિ ભલે આપી, પણ ડોનલ્ડ ટ્રમ્પની લાલ રંગની ગોલ્ફ કેપ આજકાલ ખાસ્સી ફેમસ થઇ ગઈ છે. ટ્રમ્પે પોતાની લાલ રંગની ટોપી પર 'Make America Great Again' લખાવ્યું છે. દરેક શબ્દોના પ્રથમ અક્ષરને લઈને આ કેપ 'MAGA' કેપ તરીકે ઓળખાય છે. ટ્રમ્પના સમર્થકો MAGA શબ્દને બહુ મહત્ત્વ આપે છે. બીજી તરફ ટ્રમ્પ વિરોધીઓ માટે રેડ કેપ નફરતનું પ્રતીક બની રહી છે. દૈનિક 'ન્યુયોર્ક ટાઈમ્સે' તો આના પર એક આખો લેખ પ્રગટ કર્યો છે.

બીજી તરફ, સિનસિનાટીની પ્રોફેશનલ બેઝબોલ ટીમનું નામ 'સિનસિનાટી રેડ' છે. આ ટીમના તમામ સભ્યો અને સમર્થકો પણ રેડ કેપ ધારણ કરે છે, પરંતુ 'ન્યુયોર્ક ટાઈમ્સ'ના આર્ટિકલ મુજબ હવે આ ખેલપ્રેમીઓએ રેડ કેપને તિલાંજલિ આપી દીધી છે!

જો આવું ને આવું ચાલ્યું અને ટ્રમ્પની ટેરિફ વોરમાં અમેરિકન્સ દુઃખી થતા રહ્યા તો ટ્રમ્પ આખા અમેરિકામાંથી લાલ રંગની ગોલ્ફ કેપની ફેશનનું એકલા હાથે અચ્યુતમ કરી નાખશે! ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઝઘડો પ્રકાશ ને અંધકાર વચ્ચેનો...



હમણાં જ મેં એક લેખ વાંચ્યો, જે મને પૂરેપૂરો સમજાયો નહીં. કારણ એ નહોતું કે લેખ ખરાબ કે કંટાળાજનક હતો. હકીકતમાં મારી પાસે એ લેખને સમજવાની બેઝિક- મૂળભૂત જાણકારી નહોતી. શું છે કે લેખ, વિજ્ઞાન વિશેનો હતો અને વિજ્ઞાનમાં તો મારી સમજ સાહિત્ય કરતાં ય ઓછી છે, છતાં હું ઘણા દિવસોથી એ વિષય પર વિચારી રહ્યો છું. હું એક બહુ મોટી મૂંઝવણમાં પડી ગયો છું ને મને પ્રો. જયંત નારલીકર જેવા કોઇ મહાન વૈજ્ઞાનિકની સલાહની સખત ને અર્જંટ જરૂર છે.

એ લેખમાં મૂળ તો 'અંધકાર' વિશે ચિંતા હતી કે હજારો વર્ષોથી માણસજાત, માત્ર ચમકતી વસ્તુઓનો જ અભ્યાસ કરે રાખે છે. સૂરજ, ચંદ્ર, તારા અને દૂરની આકાશગંગા વગેરે જેમાં પ્રકાશ છે, ચમક છે, જે આંખોને ગમે છે એની જ પાછળ સૌ પડ્યા છે. ચમકતી વસ્તુઓ જ હંમેશા આપણી જિજ્ઞાસાનો વિષય રહ્યો છે ને આપણને એમ લાગે છે કે આ ચમકતી વસ્તુઓ જ સૃષ્ટિનું ભવિષ્ય બનાવનારી શક્તિઓ છે. વળી જ્યોતિષો પણ એવું જ માને છે.

જુઓને, જ્યોતિષોને પણ મંગળ, શુક્ર, બુધ એ બધાંમાં જ ભવિષ્ય દેખાય છે. હેલીનો ધૂમકેતુ જે ક્યારેક ધરતી પર પડવાનો છે એની ચિંતા આજથી જ આપણને પરેશાન કરી રહી છે. આપણે માત્ર 'ચમક' પ્રત્યે જ ચિંતિત અને જિજ્ઞાસુ છીએ.

પેલા લેખમાં વર્ણવેલી સમસ્યા એ છે કે 'અંધારું' જ દરેક ચમકતી વસ્તુઓને લપેટીને બેઠું છે, આકાશમાં જે 'અંધકાર' બધે વ્યાપક ને વિશાળ છે એનો તો આપણે કદી અભ્યાસ તો શું ઉલ્લેખ પણ કરતા નથી. આપણે હંમેશાં કાળા પડછાયાને અવગણીએ છીએ. એને સાવ નકામો માનીએ છીએ. આપણે ક્યારેય એવું નથી વિચાર્યું કે અંધકાર છે તો પ્રકાશના કિરણોની કિમત છે. અંધારું પણ એટલું જ જરૂરી છે.

પેલા સમગ્ર લેખમાં 'અંધકાર'નાં તત્ત્વો વિશે ચર્ચા હતી, એ તત્ત્વો જે સમગ્ર બ્રહ્માંડમાં પરસ્પર જોડાયેલાં છે એટલે કે બ્રહ્માંડમાં 'ચમકતી વસ્તુ'ઓ એકબીજા સાથે એટલી જોડાયેલી નથી જેટલો અંધકાર બધે જ જોડાયેલો કે ફેલાયેલો છે. લેખનું કહેવું એવું હતું કે આ સૃષ્ટિના ભવિષ્યનું નિર્માણ હવે અંધકાર કરશે. હવે એ સમય પાકી ગયો છે કે જ્યારે માણસે એવી વસ્તુઓનો અભ્યાસ કરવો જોઈએ જેમાં ચમક નથી માટે આપણે અંધકાર તરફ વધારે ધ્યાન આપવું જોઈએ.

મેં પહેલા જ કહ્યું ને કે લેખ, વિજ્ઞાન વિશેનો હતો અને વિજ્ઞાનમાં મારી સમજ બહુ ઓછી છે, પણ હું ત્યારથી વિચારી રહ્યો છું કે વાત તો ખરી કે માનવજાતનો આખો ઈતિહાસ ચમકદાર વ્યક્તિત્વની ચર્ચા ને અભ્યાસથી ભરેલો છે. આપણે વચ્ચે અંધકારને ભૂંસી નાખ્યો છે. રૂપિયો ચમકે છે, પણ એક ચમકતા રૂપિયા અને બીજા ચમકતા રૂપિયાની વચ્ચે જે ગરીબીની કે અભાવની શૂન્યતા છે, એ આપણને કદી દેખાતી નથી. બે જણાંના પ્રેમ વચ્ચે પસંદ-નાપસંદ અને નફરતનું ગજબનું અંતર હોય છે, જેને આપણે અવગણીએ છીએ. મેં જુદા જુદા ક્ષેત્ર વિશે વિચાર્યું ત્યારે મને સમજાયું કે બધે અંધકાર એટલા માટે હાજર છે. જે મહાન માણસો છે જેમ કે- ગાંધીજી કે આઈનસ્ટાઈન, એ લોકો પણ અંધકારને ઓળખવાનો પ્રયત્ન કરે છે માટે જ એ લોકો હંમેશાં દુનિયાનાં અધૂરાં અને બાકી કામ પૂરાં કરે છે.

બીજા શબ્દોમાં હવે વિલનને હીરો બનાવવો. બધા ગ્રહોને છોડીને માત્ર રાહુ-કેતુ પર ધ્યાન આપવું, કારણ કે એ બન્ને અંધકારના પ્રતીક છે. આપણા દેશમાં આ કામ જલ્દીથી અને વધારે પ્રમાણમાં થવું જોઈએ, કારણ કે આપણા દેશના બેશૂમાર પૈસાની વચ્ચે જે કાળું નાણું છે ને એમાં ને નેતાગીરીમાં એક ચારિત્ર્યહીન અંધારું ફેલાયેલું છે. એનું શું?! ■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સખી | બાણ |
| શશી | ઈન્દ્રાણી |
| શચિ | દીવાની જ્યોતિ |
| શર | બહેનપણી |
| સગ | ચંદ્ર |

## ઓળખાણ પડી?

૧૯૫૪માં વિશ્વ સ્તરે પ્રભાવ પાડી ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન સ્પર્ધામાં દેશનું નામ કરનારા ખેલાડીની ઓળખાણ પડી?



અ) નંદુ નાટેકર
બ) પ્રકાશ પાદુકોણ
ક) દેવિન્દર આહુજા
ડ) વિન્સેન્ટ લોબો

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | ૨ સા | ફ | ૩ રી | | ૪ સ | ૫ મા | ૬ ન | ધ | ર્માં |
| ૭ લા | લ | | ૮ ત | ૯ લ | પા | પ | ડ | | |
| ૧૦ કા | સ | ળ | | ૧૧ ક | ડું | | ૧૨ ત | ર | ૧૩ સ |
| ત | | | ૧૪ ત | વો | | ૧૫ વ | ર | | હ |
| | ૧૬ આ | ભા | ર | | ૧૭ ન | હિ | | ૧૮ મ | ધ |
| ૧૯ સ | ર | | ૨૦ ફ | ર | વા | | ૨૧ પ | | ર્મ |
| ૨૨ હે | ત | | દા | | સ | | ૨૩ લ | બા | ચા |
| લ | | ૨૪ કા | રી | | ૨૫ વા | ડ | કા | | રિ |
| ૨૬ ગા | | ર | | ૨૭ વા | | | ૨૮ રો | ૨૯ હિ | ણી |
| ૩૦ હ | ર | ણ | | ૩૧ હ | વા | લો | | ત | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | | | | ૧૦ | |
| ૧૧ | | | ૧૨ | | | ૧૩ | ૧૪ | | |
| | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | | ૨૧ | | | | | |
| | ૨૨ | | | | | | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | | ૨૬ | ૨૭ | | | ૨૮ | | |
| | | ૨૯ | | | | ૩૦ | | | |
| | | ૩૧ | ૩૨ | | | | | ૩૩ | |
| ૩૪ | | | | | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. જોઇએ તો લઇ લો (૪)
૪. સૌંદર્ય, સુંદરતા (૫)
૮. કસોટી, પરીક્ષા (૩)
૧૦. સાહેબ (૨)
૧૧. નમેલું (૨)
૧૨. સોળે સાન, વીસે --- (૨)
૧૩. વિદ્યાપીઠના અધ્યક્ષ (૨)
૧૫. નાદાન, મૂર્ખ, અવિચારી (૪)
૧૭. અચાનક, ઓચિંતા (૩)
૧૯. સેમ્પલ (૩)
૨૧. હોળીની સાથેનો તહેવાર (૩)
૨૨. સ્વર્ગની અપ્સરા (ઊ.) (૨)
૨૫. ખાડો, ખાણ (૨)
૨૬. આભાર, પાડ, વગ (૩)
૨૮. કાયદા પહેલાં--- બને (૩)
૩૦. એક વનસ્પતિ-ઔષધિ (૨)
૩૧. ભાર, તોલમાપ (૩)
૩૩. આછો, (૨)
૩૪. મોટા માણસોનું સંગઠન (૪)
૩૫. જેનો પાર ના આવે તે (૫)

### ઊભી ચાવી

૧. જનોઇ આપવી તે (૫)
૨. પાછું (૩)
૩. 'લખવું'નું આજ્ઞાર્થ (૨)
૫. નાનો મંકોડો (૩)
૬. અંગ્રેજીમાં હા કહો (૨)
૭. તાડી કે નીરો આમાંથી બને (૪)
૯. ગરીબનો બેલી (૪)
૧૨. બે ખેતર વચ્ચે હોય (૨)
૧૪. દુઃખતી--- ના દબાવવી (૨)
૧૫. દ્રાક્ષ (૩)
૧૬. જબરદસ્તીથી કામ કઢાવનાર (૪)
૧૮. ધ્રાસ્કો, કપડાનો ટુકડો (૨)
૨૦. મુરત, શુભ સમય (૩)
૨૩. રખડવાની આદતવાળી વ્યક્તિ (૩)
૨૪. મોટી મોટી ડિંગ હાંકનાર (૫)
૨૫. ખબર, સૂઝ, સમજ (૪)
૨૭. પવિત્ર (૩)
૨૯. સિંહ (૩)
૩૦. રૂઆબ, દાબ, ડર (૩)
૩૨. માણસો, લોકો (૨)
૩૩. મહેમાનને --- સુધી વળાવવા (૨)

## ગુજરાત મોરી મોરી રે

સિંચાઈ માટે પાણી પૂરું પાડતા અને અણુશક્તિ મથક ધરાવતા તાપી નદી પર બાંધવામાં આવેલા બંધ - ડેમનું નામ જણાવો.

અ) હીરાકુડ બ) ઈન્દિરા સાગર ક) તેહરી ડ) કાકરાપાર

## જાણવા જેવું

હીરો ખનિજ કોલસાનું સ્વરૂપ છે. દબાયેલી સ્થિતિમાં કરોડો વર્ષો સુધી રહેવાથી ઝાડમાંથી ખનિજ કોલસો બને છે. વધુ દબાણ અને વધુ સમય મળવાથી તેમાંથી કાર્બનનું ગ્રેફાઇટ નામનું સ્ફટિક રૂપ મળે છે. આ ગ્રેફાઇટનું બેહદ તાપ અને દબાણની અસરથી રૂપાંતર થવાથી શુદ્ધ પારદર્શક સ્ફટિક રૂપમાં હીરો બને છે.

## સુડોકુ-૮૦૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૩ | | | | | |
| | | | | | ૫ | ૯ | | |
| | | | ૮ | | ૧ | ૬ | ૫ | ૪ |
| ૫ | ૨ | | | | | | ૭ | ૩ |
| | | | | | | | | |
| ૬ | ૮ | | | | | | ૪ | ૧ |
| ૭ | ૫ | ૪ | ૧ | | ૨ | | | |
| | | ૨ | ૪ | | | | | |
| | | | | | ૬ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૮ | ૫ | ૪ | ૧ | ૭ | ૩ | ૨ |
| ૫ | ૩ | ૭ | ૨ | ૯ | ૬ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૬ | ૯ | ૫ |
| ૬ | ૮ | ૫ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૪ |
| ૧ | ૪ | ૩ | ૭ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ |
| ૨ | ૭ | ૯ | ૩ | ૬ | ૪ | ૧ | ૫ | ૮ |
| ૮ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ | ૨ | ૬ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ |

## ચતુર આપો જવાબ

મુખ્યત્વે મચ્છર કરડવાથી થતા રોગનું નામ જણાવો જેમાં શરીરના અવયવો બેડોળ બની જતા ખૂબ દુખાવો થાય છે.

માથું ખંજવાળો

અ) હાથીપગો
બ) ગોનોરિયા
ક) સંધિવા
ડ) અછબડા

## નોંધી રાખો

દરરોજ જીત મળે એ જરૂરી નથી પણ દરરોજ કરેલી મહેનત તમને જીત મેળવવાની દિશામાં જરૂર આગળ વધારે છે.

## માઈન્ડ ગેમ

૫૦૦ની ૨૫% રકમને ચાર વડે ગુણ્યા બાદ એના બમણા કરવાથી કઈ સંખ્યા મળે એ ગણતરી કરીને જણાવો.

અ) ૫૨૫ બ) ૬૦૦
ક) ૧૦૦૦ ડ) ૧૨૦૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વર્ણ | રંગ |
| વલખાં | ફાંફાં |
| વલણ | વૃત્તિ |
| વસમું | મુશ્કેલ |
| વહાર | મદદ |

ગુજરાત મોરી મોરી રે
ખંભાત

ઓળખાણ પડી
વિજય અમૃતરાજ

માઈન્ડ ગેમ
૪૫૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ડિપ્થેરિયા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નુતન વિપીન (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) ૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતિન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અલકા વાણી (૪૨) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૨) ગીતા ઉદ્દેશી (૪૩) પ્રતિમા પમાણી

## સ્પોર્ટ્સ મૅન

સારિમ અન્ના
feedback@bombaysamachar.com

# ક્રિકેટ ક્રેઝી પ્રણવ શતરંજનો નવો ઊગતો સિતારો છે

### ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડ જુનિયર ચેસ ચૅમ્પિયનશિપ જીતનાર પ્રણવ છે ટ્રેવિસ હેડ અને વિરાટ કોહલીનો ફૅન






પ્રણવ વેન્કટેશે શતરંજના મહોરાં પહેલી વાર સાડા પાંચ વર્ષની ઉંમરે જોયા હતા. ત્યારે એક વાર તે ચેન્નઈમાં એક સંબંધીને ઘરે ગયો ત્યારે તેણે ચેસ બોર્ડ પર જાનવરોના ચહેરાવાળા મહોરાં જોઈને તે ચોંકી ગયો હતો. હાથી, ઘોડા અને ઊંટના ચહેરાવાળા મહોરા તેમ જ પ્યાદા જોઈને તે વિચારવા લાગ્યો હતો કે આ તે કઈ રમત છે?

પ્રણવે જોયું કે તેના પિતા વેન્કટેશ તેના આઠ વર્ષીય કઝિન સામે હારી ગયા હતા. પ્રણવે પહેલી જ વાર ચેસનો મુકાબલો જોયો જે તેના પપ્પાનો હતો અને એમાં તેણે તેમને હારતા જોયા હતા. આ તેનાથી સહન ન થયું. તેણે ઘરે પહોંચ્યા પછી જીદ કરી કે તેને એવું ચેસ બોર્ડ જોઈએ છે.

પ્રણવના પિતાએ સંબંધીને ત્યાં હતું એવા જ ચેસ બોર્ડની તલાશ કરી, પણ ક્યાંય ન મળ્યું. છેવટે તેમણે રાબેતામુજબનું ચેસ બોર્ડ પ્રણવને લઈ આપ્યું અને તેને ચેસ રમતા શીખવ્યું. ચેસ બોર્ડ પર ચાલ કેવી રીતે ચાલવામાં આવતી હોય છે એ વેન્કટેશે પુત્ર પ્રણવને શીખવવાની શરૂઆત તો કરી, પણ પ્રણવના મગજમાં શરૂઆતથી જ ક્રાંતિકારી ફેરફારો જેવા પરિવર્તન આવ્યા હતા. પિતાએ શીખવેલી ચાલ તો તેણે ધ્યાનમાં રાખી, તે એક ડગલું આગળ ચાલીને વધુ ચતુરાઈપૂર્વક રમવા લાગ્યો હતો. પ્રણવ ખાસ કરીને નાઇટ એટલે કે ઘોડાની ચાલથી ખૂબ પ્રભાવિત થયો હતો.

પ્રણવ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘આ રમતમાં જે પ્રકારનો હિસાબ-કિતાબ લગાવવામાં આવે છે એ પહેલી વાર જાણીને મને ખૂબ આનંદ આવ્યો અને એને કારણે શતરંજ પ્રત્યે મારો પ્રેમ સતત વધતો ગયો હતો.’

પ્રણવ અત્યારે માત્ર ૧૮ વર્ષનો છે અને ચેસનો જુનિયર વર્લ્ડ ચૅમ્પિયન છે.

જેમ ચેન્નઈનો ૧૮ વર્ષીય ડી. ગુકેશ ચેસ જગતના મુખ્ય ખેલાડીઓમાં વિશ્વ વિજેતા છે એમ બેન્ગલૂરુમાં જન્મેલો પ્રણવ વેન્કટેશ જુનિયર ખેલાડીઓમાં શહેનશાહ છે.

પ્રણવ મૉન્ટેનેગ્રોના દરિયા કિનારા નજીક વસેલા પૅટ્રોવક શહેરમાં ૨૦૨૫ની આઠમી માર્ચે ચેસમાં જુનિયર વર્લ્ડ ચૅમ્પિયનનો ખિતાબ જીત્યો હતો. પૅટ્રોવકથી ચેન્નઈ સુધીની વિમાની સફર એટલી બધી લાંબી હતી કે એમાં પ્રણવ પૂરી ઊંઘ નહોતો કરી શક્યો એટલે તેની સાથે જ્યારે મુલાકાત થઈ ત્યારે તેની આંખો ખૂબ ભારે હતી, કારણકે એમાં ઘણી ઊંઘ ભરેલી હતી. તે વારંવાર ઝબકી લેતો હતો. જોકે પૂરો સજાગ થતો ત્યારે તેના ચહેરા પર વિશ્વ ખિતાબ હાંસલ કર્યાની ખુશી છલકાતી નહોતી. તેણે પૂર્ણ આત્મવિશ્વાસથી કહ્યું, ‘આ સફળતાથી કદાચ મને હવે વધુ સ્પર્ધાઓમાં ભાગ લેવાનું આમંત્રણ મળશે. મને આશા છે કે આ વર્ષે ભારતમાં યોજાનારા વિશ્વ કપમાં રમવાનો મને અવસર મળશે. ઇલો-૨૭૦૦ રેટિંગનું લેવલ પાર કરવાનું તેમ જ વર્લ્ડ ચૅમ્પિયનશિપના ચક્ર માટે ક્વૉલિફાય થવાનું પણ લક્ષ્ય મેં રાખ્યું છે.’

જોકે પ્રણવ સામે એક નાની સમસ્યા પણ છે. એ સમસ્યા સ્પૉન્સરશિપની છે. આઇટી પ્રોફેશનલ વેન્કટેશે ટીનેજ પુત્ર પ્રણવના સપનાં સાકાર કરવા માટે આર્થિક સંઘર્ષોનો સામનો કરવો પડી રહ્યો છે.

વેન્કટેશ કહે છે, ‘હું ચેન્નઈમાં તેમ જ આસપાસના સ્થળે યોજાતી ચેસની સ્પર્ધાઓમાં પ્રણવ ભાગ લઈ શકે એ માટે તેને મારી બાઇક પર લઈ જતો અને લઈ આવતો હતો. જોકે એમાં એક ખતરો હતો, કારણકે અમે થાકી ગયા હોવાથી થાકને કારણે સફર દરમ્યાન અમને ઊંઘ આવી જતી હતી એટલે મેં કાર ખરીદી, પણ મારા માટે એ કાર સફેદ હાથી બની ગઈ એટલે મારે એ વેચી નાખવી પડી હતી.’

જોકે વેન્કટેશનું એવું પણ માનવું છે કે તેમની સાથે ચમત્કાર પણ થયા છે. જ્યારે તેમને આશા નહોતી ત્યારે તેમને સમયસર મદદ પણ હાંસલ થઈ હતી. તેઓ કહે છે, ‘એક વાર મને માઇક્રોસેંસે મદદ કરી હતી. પ્રણવ જ્યારે ગ્રૅન્ડમાસ્ટરનો ખિતાબ મેળવવા માટે સર્બિયા જઈ રહ્યો હતો ત્યારે ચેસબેઝ ઇન્ડિયાએ એક જાણીતી ઍપ મારફત મદદ અપાવી હતી. પ્રણવે હાલમાં જે સ્પર્ધામાં પૈસા જીત્યા એ તેની તાલીમ માટે વાપરવામાં આવશે. ચેસમાં વિશ્વ સ્તરના ખેલાડી બની રહેવું અને એમાં સુધારો લાવતા રહેવું ખૂબ મોંઘું બની જતું હોય છે. એટલે જ અમે કોઈ સ્પૉન્સરની તલાશમાં છીએ.’

પ્રણવ પાંચ વખત વિશ્વ વિજેતા બનેલા વિશ્વનાથન આનંદની વેસ્ટબ્રિજ આનંદ ચેસ ઍકેડેમીનો સ્ટુડન્ટ છે. તે ગયા વર્ષની શરૂઆતથી જ ગ્રૅન્ડમાસ્ટર શ્યામ સુંદર સાથે ચેસના ઉપલા સ્તર માટેની તાલીમ લઈ રહ્યો છે.

શ્યામ સુંદરના મતે ‘પ્રણવ ખૂબ જ ગતિશીલ, ચાલાક તેમ જ ઉપાયો શોધવામાં એકદમ કુશળ ખેલાડી છે. ચેસના બોર્ડ પરના હિસાબકિતાબમાં તે પાવરધો છે. તે જે ઝડપથી રણનીતિને માપી લે છે એ તેની સૌથી મોટી તાકાત છે. છેલ્લા થોડા મહિનામાં તેનામાં બહુ મોટો સુધારો થયો છે. તે ઓપનિંગ પણ બહુ સારું કરે છે અને પછી રણનીતિ બનાવીને હરીફને માત આપવામાં કોઈ કસર બાકી નથી રાખતો.’

પ્રણવ વેન્કટેશ હંમેશાં ભલભલા મુકાબલા માટે તૈયાર રહેતો હોય છે અને જીતવાની મક્કમતા સાથે જ રમતો હોય છે. તે લૉન્ગર ટાઇમ કન્ટ્રોલમાં સુધારો લાવવાના પ્રયત્નમાં છે એટલે શૉર્ટ ટાઇમ કન્ટ્રોલમાં શાનદાર પર્ફોર્મ કરી રહ્યો છે.

પ્રણવ માત્ર ચેસ રમવામાં કે શીખવામાં જ રચ્યોપચ્યો રહે છે એવું નથી. તેને ક્રિકેટનો પણ જબરો શોખ છે. વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ તેના ફેવરિટ ક્રિકેટર છે. તેમનો તે પ્રખર ચાહક છે અને તેમની મૅચો જોવાની તક નથી ચૂકતો. પ્રણવ ક્રિકેટ પણ બહુ સારું રમે છે. તે શ્યામ સુંદર સાથે ચેસના તાલીમી સત્ર વખતે સમય મળે ત્યારે ટર્ફ ક્રિકેટ રમી લેતો હોય છે.


પ્રણવ સાત-આઠ વર્ષની ઉંમરથી જ ટૂર્નામેન્ટ જીતતો આવ્યો છે. ૨૦૨૨માં ૧૫ વર્ષની ઉંમરે તે ગ્રૅન્ડમાસ્ટર બન્યો હતો. હાલમાં તેના નામે ૨૬૨૮ ઇલો રેટિંગ છે.


પ્રણવની પહેલાં ફક્ત ત્રણ ભારતીય ખેલાડીઓ વર્લ્ડ જુનિયરનો ખિતાબ જીત્યા હતા. પ્રણવે તાજેતરની સ્પર્ધામાં એક પણ ગેમ હાર્યા વિના ૯/૧૧ પૉઇન્ટ સાથે જુનિયર વિશ્વ ખિતાબ હાંસલ કર્યો હતો. ■


## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ચોક : પોળના આવાસનું હૃદય







ચોક, પોળના આવાસનું આ એક મહત્ત્વનું અંગ છે. આવાસની લગભગ વચમાં રખાતા, ઉપરથી ખુલ્લા, જરૂરિયાતની દૃષ્ટિએ બહુ ઉપયોગી એવા સ્થાનને ચોક કહેવાય છે. તેનું તળ સામાન્ય રીતે આજુબાજુની ફરસના સ્તરથી થોડું નીચું તથા વરસાદનાં પાણીના નિકાલ માટે એક તરફ ઢાળવાળું બનાવાતું. આ ચોકનું માપ આશરે ૧૦ ચોરસ મીટર જેટલું રખાતું. પોળના આવાસની સરેરાશ પહોળાઈ ૩.૫૦ મીટર જેટલી રહેતી હોવાથી ચોકની પહોળાઈ સામાન્ય સંજોગોમાં ૨.૫૦ મીટર જેટલી રહેતી. તેની લંબાઈ ૩.૦૦થી ૪.૦૦ મીટરના ગાળામાં, આવાસની લંબાઈના પ્રમાણમાં, તેમ જ તેની ઉપયોગિતાને આધારે નક્કી થતી.

વિશ્વનું પરંપરાગત રહેણાક સ્થાપત્ય, જીવન તથા સંજોગોને પ્રતિબિંબિત કરવા સફળ રહ્યું છે. તેમાં પણ આ પ્રકારનાં સ્થાપત્યનાં કેટલાંક અંગ અનેરાં રહ્યાં છે. પોળ-આવાસના ‘ચોક’ સ્થાપત્યની એક અદ્‌ભુત ઘટના છે. તેનું સામાજિક-કૌટુંબિક મહત્ત્વ તો છે જ, પણ સાથે સાથે અંદરના ભાગમાં જરૂરી હવા-ઉજાસ માટે પણ તે ખાસ છે. ગરમ અને સૂકી આબોહવાવાળા પ્રદેશમાં આવાસનું તાપમાન અનુકૂળ સ્તરે જળવાઈ રહે તે માટે ચોક અસરકારક રચના ગણાય છે.

ચોકને કારણે આવાસની અંદર મોકળાશની અનુભૂતિ થઈ શકે છે. બે સમાંતર તથા બંધિયાર કહી શકાય તેવી દીવાલો વચ્ચે આકાર પામતાં પોળના આવાસમાં ચોકની હાજરીથી બંધિયારપણું કંઈક ઓછું અનુભવાય છે. કુટુંબના સભ્યોની રોજની દિનચર્યા જોતાં એમ જણાય છે કે ચોક એ આવાસનું કેન્દ્ર સ્થાન છે. આ સ્થાન સાથે કુટુંબની દરેક વ્યક્તિ એક યા બીજા સ્વરૂપે સંકળાયેલી રહે છે. આવનજાવનના માર્ગમાં તો ચોક આવે જ છે, પણ સાથે સાથે જે તે રોજિંદી ક્રિયા માટે પણ તે અનુકૂળ માહોલ ઊભો કરે છે. તેમાં પણ ખાસ કરીને કુટુંબની સ્ત્રી માટે ચોક વરદાન સમાન છે.

ઘરની સ્ત્રી દિવસના મોટા ભાગના સમય દરમિયાન આ સ્થળ સાથે સંકળાયેલી રહે છે અને અહીંથી જ તે જાણે સમગ્ર આવાસનું નિયમન કરે છે. રસોઈસ્થાન પણ ચોકને અડીને હોય છે. બાળક પોતાના અભ્યાસનું ગૃહકાર્ય માતાની દેખરેખ હેઠળ અહીં નજીકમાં જ કરે છે. આ સ્થળે ભોજન પણ લેવાય અને સવારના ચા-નાસ્તા માટે તો જાણે આ ઉત્તમ સ્થાન ગણાય છે. અહીં જ પાણિયારું હોય છે અને અહીં જ ચોકડી પણ ગોઠવાઈ જાય છે. કુટુંબનો કોઈ પણ સભ્ય બપોરે અહીં જ શેતરંજી પાથરીને વામકુક્ષી કરી શકે છે. આમ ચોક રસોઈ, ભોજન, અભ્યાસ, આરામ જેવી મહત્ત્વની ક્રિયા માટે ઉપયોગી અને શાંત પરિસ્થિતિ પૂરી પાડે છે..

કૌટુંબિક સંપર્ક તથા કૌટુંબિક ભાવના દૃઢ કરવા માટે ચોક મહત્ત્વનો ભાગ ભજવે છે. ચોકની હાજરીથી આવાસમાં એક પ્રકારની પારદર્શિતા સ્થપાય છે. અહીં જ સભ્યોનો પરસ્પર આકસ્મિક કે પ્રયોજિત સંપર્ક સ્થપાય છે. ચોક કુટુંબના સભ્યોને પરસ્પર જોડતી અનેરી કડી બની રહે છે. બાળક અથવા સ્ત્રી નવરાશના સમયે અહીં જ સમય પસાર કરવાની ઇચ્છા રાખતા હોય છે કારણ કે હવા-ઉજાસ અને સંપર્ક માટે આ ચાવીરૂપ સ્થાન છે. વળી ચોક ઉપરથી ખુલ્લો હોવાથી તેની હયાતી ઉપરના દરેક માળ પર પણ વર્તાય છે. આ ચોક થકી જ ઉપરના માળ સાથેનો સંપર્ક સ્થપાય છે - જળવાય છે. એમ કહેવાય છે કે પોળ આવાસના ચોકની બનાવટ તથા તેની ઉપયોગિતાનો અભ્યાસ કરવાથી કુટુંબના સભ્યો વચ્ચેનું સમીકરણ કેવું હશે તે જાણી શકાય.

આબોહવાની દૃષ્ટિએ ચોક એક વૈજ્ઞાનિક ઉકેલ સમાન છે. ગરમ અને સૂકી આબોહવાવાળા પ્રદેશમાં રાત્રિના સમયે હવાનું તાપમાન ઓછું રહે છે, હવા ઠંડી થાય છે. તે સમયે આ ઠંડી હવા ચોકમાં એકત્રિત થાય છે અને તેની ઠંડક જાણે સમગ્ર દિવસ દરમિયાન આખા આવાસમાં પ્રસરતી રહે છે. દિવસ દરમિયાન જ્યારે હવાનું તાપમાન વધે ત્યારે ચોકમાં સંગ્રહિત થયેલી હવા ઉપરથી જ ગરમ થાય અને તે ઉપર જ રહે, જ્યારે ઠંડી હવા તેની ઘનતા વધુ હોવાને કારણે નીચેના ભાગમાં જળવાયેલી રહે. આ હવા જ સમગ્ર આવાસમાં ઠંડક પ્રસરાવે. આ ચોક ઉપરથી ખુલ્લો હોવા છતાં તે ગરમીના પ્રવેશને રોકી રાખે છે. આમ થવા પાછળ ચોકનું પ્રમાણમાપ મહત્ત્વનું છે. ચોકના ક્ષેત્રફળના પ્રમાણમાં તેની ઊંચાઈ વધુ હોવાથી સીધો તડકો બહુ થોડીક મિનિટો માટે જ ચોકમાં પ્રવેશી શકે છે. સૂર્યપ્રકાશનો આટલો પ્રવેશ જરૂરી પણ છે. ચોકનું ખુલ્લાપણું આવાસની અંદર વરસાદને પણ આવવા દે છે. આનાથી મકાનની અંદર બેઠાં બેઠાં જ, વરસાદ માણતાં માણતાં ચા-ભજિયાની મજા લોકો લેતાં હોય છે. વળી ચોકથી આવાસને આંતર્ભિમુખપણું મળે છે જેને કારણે પોળ જેવી ગીચ વસ્તીમાં પણ જરૂરી ગોપનીયતા જળવાઈ રહે છે.

ભારતના કેટલાક વિસ્તારોમાં ચોકવાળાં મોટાં પરંપરાગત આવાસ પણ બનાવાયાં છે. આમાં આશરે ૨૫.૦૦ થી ૩૫.૦૦ ચોરસ મીટર વિસ્તારવાળા ચોકની ચોફરત વરંડાની રચના કરાય છે. આ વરંડાની બહારની તરફ ઓરડાઓ બનાવાય છે. આવા ચોકની વચ્ચે તુલસી ક્યારો પણ બનાવવામાં આવે છે. પરિસ્થિતિ પ્રમાણે આ ચોકમાં ઝાડ પણ હોઈ શકે. આવા ચોકમાં એક પ્રકારની ઔપચારિકતા જોવા મળે. આ પ્રકારના ચોક સાંસ્કૃતિક પરિબળોનું પરિણામ કહી શકાય. જ્યારે પોળ આવાસના ચોક સાંજોગિક પરિસ્થિતિને કારણે ઉદ્‌ભવતી ઘટના છે.

પોળના આવાસમાં ચોક એક જીવંત ધબકતું સ્થાન છે, સાથે સાથે તે કુટુંબના સભ્યોનો ધબકાર ઝીલે પણ છે. મારી સમજ પ્રમાણે ચોક એ પોળના આવાસનું હૃદય છે. ■

## વિશેષ

એસ.ચૌધરી
feedback@bombaysamachar.com

# જોજો, ભારતમાં વસંત ફક્ત પુસ્તકોમાં જ રહી ન જાય!

સુંદર અને ભવ્ય માળો બનાવવા માટે પ્રખ્યાત ફિન્સ વીવર, ખૂબ જ દુર્લભ પક્ષી છે, જેની સંખ્યા હવે વિશ્વમાં ૧૦૦૦થી પણ ઓછી છે. આ પક્ષી તાજેતરમાં ઉત્તરાખંડના તરાઈ વિસ્તારમાં ૪૪ વર્ષ પછી જોવા મળ્યું હતું અને તે પણ ફેબ્રુઆરીમાં, સામાન્ય રીતે તે માર્ચ-એપ્રિલમાં જોવા મળે છે. બીજી તરફ હરિપુરા અને બૌર જળાશયોમાં જે પક્ષીઓનો કલરવ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં જ બંધ થઈ ગયો, જે યુરોપ અને મધ્ય એશિયામાંથી નવેમ્બરમાં આવે છે અને માર્ચના અંત સુધી અહીં રોકાય છે. આ વર્ષે તેઓ ફેબ્રુઆરીની શરૂઆતમાં જ પરત ફરી ગયા છે. કેમ? કારણ કે આ વર્ષે ફેબ્રુઆરીમાં જ તેરાઈના તાપમાનમાં ગત વર્ષની સરખામણીમાં ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો હતો. સામાન્ય રીતે આ પ્રદેશમાં ફેબ્રુઆરીમાં તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે અને ઘણીવાર તે ઘટીને ૬-૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે, પરંતુ આ વખતે મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. દેખીતી રીતે જ ક્લાઈમેટ ચેન્જ પક્ષીઓની સ્થળાંતર પદ્ધતિમાં ફેરફાર કરી રહ્યું છે.

પરંતુ તેનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે ભારતમાં શિયાળાનો સમયગાળો સતત ઘટી રહ્યો છે. હદ તો એ છે કે ફેબ્રુઆરીમાં એપ્રિલ જેવું હવામાન લાગે છે -શુષ્ક અને અધિક તાપમાન. જાણે સમય પહેલા વસંત આવી ગઈ હોય અને તે પણ બહુ ઓછા સમય માટે. તેથી, હવામાન નિષ્ણાતો કહે છે કે ભારતમાં વસંત ટૂંક સમયમાં ભૂતકાળ બની જશે. જો આવું થાય, જેની પ્રબળ સંભાવના છે, તો વસંતની તે કવિતાઓનું શું થશે જે કહે છે - ‘કુદરતના આશીર્વાદ છે વસંતનો ખજાનો.’ નોંધનીય છે કે યુરોપિયન



યુનિયનના કોપરનિકસ પ્રોગ્રામમાંથી ઉપલબ્ધ સેટેલાઇટ ડેટા દર્શાવે છે કે ઓન રેકોર્ડ જાન્યુઆરી ૨૦૨૫ સૌથી ગરમ મહિનો હતો, જેણે જાન્યુઆરી ૨૦૨૪ના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યા, જો કે આ બિલકુલ અપેક્ષિત નહોતું, કારણ કે પેસિફિકમાં જે અલનીનોની સ્થિતિ છે, તેનાથી વૈશ્વિક તાપમાન ઠંડું થઈ જાય છે. જાન્યુઆરી ૨૦૨૫ માટે સરેરાશ વૈશ્વિક સપાટીનું હવાનું તાપમાન પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં ૧.૭૫ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. ઉત્તરી કેનેડા, રશિયા અને સ્કેન્ડિનેવિયન દેશોમાં તફાવત વધુ નાટકીય હતું, ૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ.

ઈન્ડિયા મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ (આઇએમડી) અનુસાર, ૧૯૦૧ પછી જાન્યુઆરી ૨૦૨૪ ઓન રેકોર્ડ ત્રીજી સૌથી ગરમ જાન્યુઆરી હતી. સરેરાશ ૧૮.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન અને ચોથું સૌથી સૂકા તાપમાન સાથે. આનો અર્થ એ થયો કે જાન્યુઆરી ૨૦૨૫ માં સરેરાશ તાપમાન લગભગ ૨૦ સેલ્સિયસ રહેશે અને પરિણામે તે તાજેતરના ઇતિહાસમાં સૌથી સૂકો શિયાળો મહિનો હશે. પરંપરાગત રીતે, વસંત ઋતુ માર્ચ અને એપ્રિલમાં આવે છે, પરંતુ જ્યારે ફેબ્રુઆરીમાં જ એપ્રિલ જેવા તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે, જેની પુષ્ટિ વૈશ્વિક હવામાન નિરીક્ષણ એજન્સીઓ દ્વારા પણ કરવામાં આવી છે, ત્યારે તે સંકેત આપે છે કે હવામાન પરિવર્તનનાં પરિબળો શિયાળા અને ઉનાળા વચ્ચેના સમયગાળાને સતત પુનઃવ્યાખ્યાયિત કરી રહ્યા છે. નિષ્ણાતોના મતે, આ વલણ વિસંગતતાઓથી ભરેલું છે - એ સંકેત છે કે ભારતની આબોહવા ધીમે ધીમે પરંતુ મૂળભૂત રીતે બદલાઈ રહી છે, જે ટૂંક સમયમાં દેશની પરંપરાગત વસંત ઋતુને ભૂતકાળની વાત બનાવી શકે છે. વસંતના લુપ્ત થવાના વિનાશક પરિણામો હશે. એવું પ્રોફેસર અંજલ પ્રકાશ કહે છે. તેઓ ભારતીય ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક પોલિસી, ઈન્ડિયન સ્કૂલ ઑફ બિઝનેસ (હૈદરાબાદ)માં સંશોધન નિયામક છે અને યુએન બોડી આઇપીસીસી (ઇન્ટરગવર્નમેંટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ) રિપોર્ટના લેખક પણ છે. તેઓ કહે છે, ‘બદલાતી ક્લાઈમેટ પેટર્નથી એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે એક સમયે કૃષિ ક્ષમતા અને વિકાસનું પ્રતીક ગણાતું વસંત જોખમમાં છે.’

આ ફેરફારો પરંપરાગત ચોમાસા ચક્રને અસર કરી રહ્યા છે. વસંતને ટૂંકું કરે છે અને તેની નરમ લાક્ષણિકતાઓ બદલે છે. તેની અસર માત્ર આબોહવા પર જ નહીં પરંતુ કૃષિ, જૈવવિવિધતા અને સાંસ્કૃતિક પ્રથાઓ પર પણ પડે છે. આ તમામ જોખમ હેઠળ છે. આ ખરાબ અસરોને ટાળવા માટે, તાત્કાલિક સંકલિત પગલાંની જરૂર છે જેથી ઋતુઓની લયને સાચવી શકાય. ફેબ્રુઆરી માટે આઇએમડી એ એવી આગાહી કરી છે કે સમગ્ર દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડશે, જ્યારે બંને મહત્તમ અને લઘુતમ તાપમાન સરેરાશ કરતાં વધુ રહેશે. સ્કાયમેટના મેટરોલોજી અને ક્લાઈમેટ ચેન્જના વાઇસ પ્રેસિડેન્ટ મહેશ પલાવત કહે છે કે આપણે જલ્દી વસંત જોઈ શકીએ છીએ અથવા એવું પણ શક્ય છે કે વસંત બિલકુલ ન આવે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળું હતું, પરિણામે ઓછી હિમવર્ષા અને શિયાળામાં ઓછો વરસાદ થયો. આ સિવાય, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વથી ભેજવાળા પવન ઉત્તરથી ઠંડા પવનને અવરોધિત કરે છે, જેના કારણે લઘુતમ તાપમાન પણ સામાન્યથી ઉપર રહ્યું.

હિમાલય સૌથી વધારે પ્રભાવિત થયો છે, ઐતિહાસિક દૃષ્ટિએ હિમવર્ષા ઓછી થઈ છે. જમ્મુ કાશ્મીરમાં ક્ષેત્રિય હવામાન વિભાગના મુખ્તાર અહમદ કહે છે કે અહીં તો હિમવર્ષા થઈ જ નથી. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૬ થી ૮ ડિગ્રી વધુ છે. શિયાળો ઓક્ટોબરથી માર્ચ સુધી ચાલતો હતો, હવે તે ઘટીને માત્ર ડિસેમ્બર અને જાન્યુઆરી સુધી થઈ ગયો છે. યુરોપની થિંક ટેન્ક ક્લાઈમેટ સેન્ટ્રલનું કહેવું છે કે તાજેતરના દાયકાઓમાં ફેબ્રુઆરીમાં ગરમીનો દર ઝડપથી વધ્યો છે, જેના કારણે શિયાળા પછી અચાનક ઉનાળો આવી રહ્યો છે એટલે કે વસંત મધ્યમાંથી ગાયબ થઈ ગઈ છે. ■

# શેરબજાર પીછેહઠની ગતિ ધીમી પડી, ચાર સત્રના સપ્તાહમાં માર્કેટ કેપિટલાઇઝેશનમાં ₹ ૭.૧૧ લાખ કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારની પીછેહઠની ગતિમાં તોડો ઘટાડો થયો છે પરંતુ તેને બ્રેક લાગી નથી અને સુધારાની ચાલ શરૂ થવાના કોઇ એંધાણ પણ જોવા મળ્યાં નથી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી શેરોની આગેવાનીમાં બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા, માર્કેટ કેપમાં સપ્તાહાંતે રૂ. ૭.૧૧ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

૧૩ માર્ચ, ૨૦૨૫એ પૂરા થયેલા ટ્રેડિંગ સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૪,૩૩૨.૫૮ના બંધથી ૫૦૩.૬૭ પોઈન્ટ્સ (૦.૬૮ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૧૦ માર્ચ અને સોમવારે ૭૪,૪૭૪.૯૮ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૭૪,૭૪૧.૨૫ અને ૧૨ માર્ચ અને બુધવારે નીચામાં ૭૩,૫૯૮.૧૬ સુધી જઈ અંતે ૭૩,૮૨૮.૯૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૩૯૧.૧૮ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૩૯૮.૨૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૭.૧૧ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૮૫ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૦૦ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૨૮ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ૨.૦૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૮૬ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૩.૫૮ ટકા અને એસએમઈ આઈપીઓ ૬.૯૮ ટકા ઘટ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં આઈટી ૪.૮૪ ટકા, ટેક ૩.૪૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૯૬ ટકા, ઓટો ૧.૮ ટકા, રિયલ્ટી ૧.૬૬ ટકા, મેટલ ૧.૫૯ ટકા, ઈન્ફ્રા ૧.૧૮ ટકા, પીએસયુ ૧.૧૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૫ ટકા, હેલ્થકેર ૦.૬૬ ટકા, બેન્કેક્સ ૦.૩૪ ટકા, એફએમસીજી ૦.૦૯ ટકા અને પાવર ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં સન ફાર્મા ૪.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૮૮ ટકા, કોટક બેન્ક ૨.૫૪ ટકા આઈટીસી ૧.૯૫ ટકા અને પાવર ગ્રીડ ૧.૬૪ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી વધુ ઘટેલા પાંચ શેરમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૩૯.૩૮ ટકા, ઝોમેટો ૭.૬૫ ટકા, ઈન્ફોસિસ ૬.૭૪ ટકા, ટેક મહિન્દ્ર ૩.૬૮ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૨૧ ટકા ગબડ્યો હતો. 'એ' ગ્રુપની ૭૧૬ કંપનીઓમાંથી ૧૨૬ કંપનીઓના ભાવ વધ્યા, ૫૨૭ કંપનીઓના ભાવ ઘટ્યા હતા અને ત્રણનો સ્થિર રહ્યો હતો. 'બી' ગ્રુપની ૧૨૪૮ કંપનીઓમાંથી ૧૫૪ કંપનીઓના ભાવ વધ્યા, ૧,૦૯૩ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો.

કોર્પોરેટ હલચલમાં પાછલા સપ્તાહ દરમિયાન મંગળવારે ઇન્ડસઇન્ડ બેંકના



શેરમાં ૨૭ ટકાથી મોટો કડાકો બોલી જતાં તેના શેરધારકોની સંપત્તિનું ભારે ધોવાણ થયું છે. મંગળવારના ટ્રેડિંગ સત્રમાં દેશની અગ્રણી ખાનગી ક્ષેત્રની બેંકોમાંની એક ઇન્ડસઇન્ડ બેંકના શેરધારકોના એક જ ઝાટકે હજારો કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું હતું.

એર કાર્ગો ટ્રાન્સપોર્ટેશન સેક્ટરમાં અગ્રણી કંપનીઓમાંની એક, એફકોમ હોલ્ડિંગ્સ લિમિટેડે તેના બોર્ડમાં સ્વતંત્ર ડિરેક્ટર તરીકે સુધીર દેવરસ અને શ્રીમતી અરૂંધતી મેકની નિમણૂક જાહેર કરી છે. આ વ્યૂહાત્મક પગલું કોર્પોરેટ ગવર્નન્સને મજબૂત બનાવવા, વ્યૂહાત્મક દેખરેખ વધારવા અને લાંબાગાળાના વિકાસને વેગ આપવા માટે લેવામાં આવ્યું હોવાનું કંપનીએ તેની રેગ્યુલેટરી નોંધમાં જણાવ્યું છે. ગેનસોલ એન્જિનિયરિંગના પ્રમોટરોએ ૨.૩૭ ટકા હિસ્સો વેચી નાંખ્યો છે. આ શેરમાં પાછલા સત્રોમાં સારુ એવું ધોવાણ જોવા મળ્યું હતું.

ગ્લેનમાર્કે અમેરિકામાં કોન્સ્ટીપેશન ટ્રીટમેન્ટ મેડિસિન લોન્ચ કરી છે. કાર્ગો હેન્ડલિંગ, પોર્ટ ઓપરેશન્સ, મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ, વેરહાઉસિંગ, કસ્ટમ્સ ક્લિયરન્સ અને પ્રોજેક્ટ કાર્ગો હેન્ડલિંગ સહિત એન્ડ ટુ એન્ડ સર્વિસ પૂરી પાડનાર થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ પ્રોવાઇડર પેરાદીપ પરિવહન લિમિટેડ રૂ. ૪૪.૮૬ કરોડના ભરણાં સાથે ૧૭મી માર્ચે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૩થી રૂ. ૯૮ પ્રતિ શેર નક્કી થઇ છે.

સન ફાર્માએ અમેરિકા સ્થિત ચેકપોઇન્ટ થેરેપેટિક્સ ઇન્ક. ૩૫૫ મિલિયન ડોલરમાં હસ્તગત કરવાની જાહેરાત કરી છે. બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયાએ ત્રણ વર્ષમાં એયુએમ રૂ. ૨૧,૦૦૦ કરોડથી બમણાથી વધુ વૃદ્ધિ સાથે રૂ. ૪૯,૦૦૦ કરોડ નોંધાવવા સાથે પ્રોડક્ટ સ્યુટને ૫૦ ટકાથી વધુ વિસ્તાર્યો છે, જેમાં ભારત અને વિદેશમાં રોકાણ કરતા એક્ટિવ અને પેસિવ ઇન્વેસ્ટિંગ, ઇક્વિટી, ડેટ, હાઇબ્રિડ, મલ્ટી-એસેટ, થીમેટિક અને સેક્ટરલ ફંડ્સને આવરી લેવામાં આવ્યા છે.

ઝાઇડસ લાઇફસાયન્સને અમેરિકામાં એન્ટિફંગલ શેમ્પુના માર્કેટિંગ માટે યુએસએફડીએની પરવાનગી મળી છે. ભૂટાનમાં વીજળી સપ્લાઇ માટે જુનીપર ગ્રીન એનર્જીએ ૧૦૦ મેગાવોટનો સોલાર પ્લાન્ટ કાર્યરત કર્યો છે. ઝોમેટોના શેરધારકોએ કંપનીનું નામ બદલીને એટર્નલ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

બીએસઈ ૧૦૦માં ૨૮ કંપનીઓ વધી, ૭૧ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી. બીએસઈ ૨૦૦માં ૪૯ કંપનીઓ વધી, ૧૫૦ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી. બીએસઈ ૩૦માં ૧૦ કંપનીઓ વધી, ૨૦ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૧૦૧ કંપનીઓ વધી, ૩૯૬ કંપનીઓ ઘટી અને ત્રણ સ્થિર રહી હતી. મિડકેપની ૨૭ કંપનીઓ વધી, ૧૦૪ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. સ્મોલ કેપની ૧૧૫ કંપનીઓ વધી, ૮૨૧ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૬,૦૯૬.૦૧ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૬,૯૭૧.૮૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ટેરિફ નીતિઓ અંગેની ચિંતાઓ વચ્ચે, યુ.એસ. મંદીમાં પ્રવેશ કરશે કે કેમ તેની આગાહી કરવા માટે રવિવારે ઇનકાર કર્યા બાદ ઘટાડો થયો હતો, જેણે વૈશ્વિક આર્થિક સ્થિરતા વિશે રોકાણકારોની ચિંતાને વધુ તીવ્ર બનાવી હતી.

ટેરિફ અને સરકારી ખર્ચમાં ઘટાડો જગતની સૌથી મોટી અર્થવ્યવસ્થા એટલે કે અમેરિકામાં વૃદ્ધિને અવરોધી શકે તેવી ચિંતા વચ્ચે વૈશ્વિક બજારોનું માનસ ખરડાયું હતું. યુએસ ઇક્વિટી-ઇન્ડેક્સ ફ્યુચર્સને નવા નીચા સ્તરે ધકેલાતા ગ્લોબલ શેરબજારમાં વેચવાલી તીવ્ર બની હતી. ક્રિપ્ટોકરન્સીમાં તીવ્ર ઘટાડો થયો, જ્યારે બોન્ડ્સમાં તેજી જોવા મળી.

બજારને ડર છે કે ટ્રમ્પ દ્વારા લેવામાં આવેલા પગલાંથી ખૂદ અમેરિકામાં ફુગાવો વધી શકે છે. આનાથી ફેડરલ રિઝર્વ માટે દર ઘટાડવાના વિકલ્પો મર્યાદિત બનશે. એવી જ રીતે એવી આશંકા છે કે આ પગલાંને કારણે અમેરિકન અર્થતંત્ર મંદીમાં જઈ શકે છે. ટ્રમ્પે અમેરિકન નાગરિકોને કેટલીક મુશ્કેલીઓ સહન કરવા પણ કહ્યું હોવાથી સેન્ટીમેન્ટ વધુ નબળું પડી ગયું છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે વિશ્વબજારના પ્રતિકૂળ પવનો બજારના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચાડી રહ્યા છે, અમેરિકામાં બેરોજગારી દરમાં વધારો અને ટેરિફ અંગેની અનિશ્ચિતતા સૂચવે છે કે નજીકના ગાળા માટે અફડાતફડી ચાલુ રહેશે. સ્થાનિક મેક્રો ડેટા રોકાણકારોને નીચા સ્તરે પટકાયેલા શેરો ટૂંકા ગાળામાં સાવધાની સાથે એકત્ર કરવાનું શરૂ કરવા તરફેણ કરી રહ્યા છે, જ્યારે લાંબા ગાળા માટે આકર્ષક લાગે છે.

## શેરબજારની અફડાતફડી વચ્ચે ટૂંકા ગાળાની ફંડ યોજનામાં એફડીથી વધુ રીટર્ન નોંધાયું

મુંબઈ. પાછલા છ મહિનામાં શેરબજારમાં ભારે અસ્થિરતા વચ્ચે, ટૂંકા ગાળાની મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓએ રોકાણકારોને બેંક ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં વધુ સારું વળતર આપ્યું છે. વિવિધ ફંડોની આ શ્રેણીની યોજનામાં વિભિન્ન સમયગાળામાં સાતથી ૭.૫ ટકા સુધીનું વળતર નોંધાયું છે. વાસ્તવમાં, ટૂંકા ગાળાના ભંડોળ રોકાણકારોને ટૂંકા ગાળા માટે રોકાણ કરવાની સવલત આપે છે. આ યોજનાઓ મુખ્યત્વે ડેટ એટલે કે ઋણ સાધનોમાં રોકાણ કરે છે, જે સારી સુરક્ષા સુનિશ્ચિત કરે છે અને વાજબી સ્થિર વળતર આપે છે.અર્થલભના ડેટા અનુસાર, ત્રણ વર્ષમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ફંડ હાઉસિસમાં, એચડીએફસીએ ૬.૬૦ ટકા, આદિત્ય બિરલાએ ૬.૫૯ ટકા, એક્સિસે ૬.૪૩ટકા, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલે ૭.૦૨ ટકા અને બંધન ફંડે ૬.૧૫ ટકા વળતર આપ્યું છે.

આ શ્રેણીમાં એક વર્ષના સમયગાળામાં એચડીએફસીએ ૭.૭૨ ટકા, એક્સિસે ૭.૬૧ ટકા, નિપ્પોને ૭.૬૦ ટકા અને બિરલાએ ૭.૫૧ ટકા વળતર નોંધાવ્યું છે. દાખલા તરીકે એક્સિસ શોર્ટ ડ્યુરેશન ફંડ એક ઓપન એન્ડેડ શોર્ટ ટર્મ ડેટ સ્કીમ છે જે મુખ્યત્વે એકથી ત્રણ વર્ષ માટે રોકાણ કરે છે. આ ફંડ ઉચ્ચ ગુણવત્તાવાળી, ઓછા જોખમવાળી વ્યૂહરચનાનું પાલન કરે છે, જે સ્થિર વળતર સુનિશ્ચિત કરે છે. ટૂંકા ગાળાની સંપત્તિઓ અને વ્યાજ દરો પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેનો હેતુ લાંબા ગાળા માટે સંતુલિત વળતર ઉત્પન્ન કરવાનો છે.

ફંડનો પોર્ટફોલિયો સારી રીતે વૈવિધ્યસભર હોય છે, જે તેને એક વર્ષના આઉટલુક સાથે રોકાણ માટે યોગ્ય બનાવે છે. મુખ્યત્વે ટ્રીપલ એ અને એવન પ્લસ રેટેડ અસ્કયામતો અથવા તેમના સમકક્ષમાં રોકાણ થાય છે. આ ફંડ ડબલ એથી નીચે રેટિંગ ધરાવતી અસ્કયામતોમાં રોકાણ કરતું નથી. આવી ફંડ સ્કીમ્સ કોર્પોરેટ બોન્ડ્સ, સરકારી સિક્યોરિટીઝ અને મની માર્કેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સને ટ્રેક કરે છે. તેઓ કોર્પોરેટ બોન્ડ્સ અને સરકારી સિક્યોરિટીઝમાં બેથી પાંચ વર્ષના સમયગાળા માટે રોકાણ કરે છે, જોકે વ્યક્તિગત સિક્યોરિટીઝ પર કોઈ પ્રતિબંધ નથી. ■

## અનિશ્ચિત માહોલમાં એસેટ એલોકેશન ખૂબ મહત્ત્વનું

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે જ્યારથી સત્તા અખત્યાર કરી છે ત્યારથી વિશ્વભરના શેરબજારમાં મંદીનો માહોલ જામ્યો છે. જોકે, તેજાતરના અનેક મહિનાઓથી એક યા બીજા કારણસર અફડાતફડી ચાલુ રહી છે. રોકાણકારોમાં એક સામાન્ય વલણમાં એક જ મલ્ટિબેગર સ્ટોક શોધી તેમાં રોકાણ કરી સંપત્તિ સર્જ કરવાનો પ્રયાસ થતો જોવા મળ્યો છે. જો કે, આ સંદર્ભના અભ્યાસ દર્શાવે છે કે લાંબા ગાળાની મૂડી ફક્ત સ્ટોક પસંદગી દ્વારા બનાવી શકાતી નથી. મુખ્ય બાબત યોગ્ય એસેટ એલોકેશનમાં રહેલી છે. કોઇ સ્ટોક અમુક સમયગાળા માટે મલ્ટિ બેગર બને, પરંતુ તેનો ઝડપી વૃદ્ધિનો તબક્કો સમાપ્ત થયા પછી તે કોન્સોલિડેશન પણ બતાવી શકે છે.

એ સમજવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે બજારમાં ભરતી ઓટ આવ્યા કરે છે. સમયના જુદા જુદા સમયે, ચોક્કસ સંપત્તિઓ સારી કામગીરી કરશે, જ્યારે અન્ય ચક્રમાં, વિવિધ સંપત્તિઓ આગેવાની લેશે. લાંબા ગાળાની સંપત્તિ નિર્માણનો સાર એસેટ ફાળવણી પર આધાર રાખે છે. યોગ્ય સમયે યોગ્ય એસેટ પસંદ કરવી સંપત્તિ સર્જનની ચાવી છે. કોઈ એક જ એસેટ ક્લાર્સ પર સંપૂર્ણપણે આધાર રાખવો યોગ્ય નથી, જેમ કે ઇક્વિટી સેગમેન્ટે ઐતિહાસિક રીતે મજબૂત પ્રદર્શન દર્શાવ્યું છે, પરંતુ તે જ સમયે યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દર આગાહી, ચલણ અવમૂલ્યન, વૈશ્વિક ફુગાવા અને ભૂરાજકીય તણાવ જેવા મેક્રોઇકોનોમિક પરિબળો દ્વારા સંચાલિત અસ્થિરતાના હુમલાઓનો પણ ભોગ બને છે.

આ બાબત જોતા એક રોકાણકારે ઇક્વિટી, ડેટ, સોનું અને આંતરરાષ્ટ્રીય ઇક્વિટી જેવા એસેટ વર્ગોનું વૈવિધ્યસભર મિશ્રણ જાળવી રાખવું જોઈએ અને પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિના આધારે ફાળવણીને સમાયોજિત કરવાની સુગમતા રાખવી જોઈએ. ઉદાહરણ તરીકે, આર્થિક વિસ્તરણના સમયે ઇક્વિટી ફાળવણી વધારવી જોઈએ, જ્યારે જીડીપીના ઘટાડાના સમયગાળા દરમિયાન, ડેટમાં ફાળવણી વધવી જોઈએ. વધુમાં, વૈશ્વિક તણાવને કારણે થતી અનિશ્ચિતતાના સમયમાં, સોનામાં રોકાણ વધવું જોઈએ. ■

## ભારતે ૨૦૨૪માં વિક્રમી ૨૫ ગીગાવોટ સૌર ક્ષમતાનો ઉમેરો કર્યોઃ મેરકોમ

નવી દિલ્હીઃ સોલાર સેકટરના ડેવલપર્સ વર્ગે વિલંબિત પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે ઝડપ વધારી હોવાથી વર્ષ ૨૦૨૪માં સૌર ક્ષમતા બમણાથી વધુ વૃદ્ધિ સાથે ૨૫.૨ ગીગાવોટ (જીવી)ને આંબી ગઇ હોવાનું અમેરિકન રિસર્ચ કંપની મેરકોમ કેપિટલે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું. યુએસ સ્થિત આ કંપનીએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું હતું કે, ૨૦૨૩ દરમિયાન દેશમાં ૮.૩ ગીગાવોટ જેટલી સૌર ક્ષમતાનો ઉમેરો થયો હતો.

અગાઉ વિલંબિત રહેલા પ્રોજેક્ટ્સની નોંધપાત્ર ક્ષમતા શરૂ થવાથી ૨૦૨૪માં ક્ષમતામાં વધારો થયો હોવાનું મેરકોમ ઇન્ડિયા સોલાર માર્કેટ અપડેટ રિપોર્ટમાં જણાવાયું છે. રિપોર્ટ અનુસાર, લાર્જ સ્કેલ સૌર પ્રોજેક્ટ્સ (સોલાર ઓપન એક્સેસ સહિત), કુલ ક્ષમતા વધારામાં ૮૭ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

જ્યારે રૂફટોપ સોલારનો ફાળો લગભગ ૧૩ ટકા છે. ઓપન એક્સેસ મૉડેલ હેઠળના સ્થાપનોમાં મોટા પાયે સૌર ક્ષમતા વધારામાં ૩૧ ટકાથી વધુનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૪માં લાર્જ સ્કેલ સૌર પ્રોજેક્ટ્સમાં રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર અગ્રણી રાજ્ય રહ્યાં હતા, જેમણે સોલર એનર્જીની ક્ષમતામાં અનુક્રમે ૩૨ ટકા, ૨૭ ટકા અને આઠ ટકા જેટલો વધારો નોંધાવ્યો હતો.

ભારતના સોલર એનર્જી સેગમેન્ટમાં ૨૦૨૪ દરમિયાન રેકોર્ડબ્રેક પ્રોજેક્ટસ જોવા મળ્યા હતા, પરંતુ ટ્રાન્સમિશન સમસ્યાઓ અને સપ્લાય ચેઇન વિલંબ ન હોત તો આ સંખ્યા નોંધપાત્ર રીતે વધુ હોત, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

કંરનીના પ્રવકતાએ રિપોર્ટમાં પોતાનો અંદાજ જાહેર કરતા કહ્યું કે આયાત ડ્યુટી અને મોંઘા સ્થાનિક મોડ્યુલોને કારણે વધતા ખર્ચ ઉદ્યોગ માટે ચિંતાનો વિષય છે. ૨૦૩૦ના લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ૩૫ ગીગાવોટથી વધુ વાર્ષિક સૌર ઉમેરાઓની જરૂર હોવાથી, ઉદ્યોગને સ્પષ્ટ, સ્થિર નીતિઓની જરૂર છે જે સ્થાનિક ઉત્પાદનને સીમલેસ પ્રોજેક્ટ વિકાસ સાથે સંતુલિત કરે.

વર્ષ ૨૦૨૪માં, ભારતે ૩૪.૭ ગીગાવોટ નવી વીજ ક્ષમતા ઉમેરી છે. વીજળીની કુલ ક્ષમતાના વધારામાં સૌર ઊર્જાનો હિસ્સો લગભગ ૭૩ ટકા છે. આગળ જતાં ગ્રીન એનર્જી માટે વધતી માગ અને જાગરુકતા જોતાં સૌર સાથે પવન ઊર્જાની ક્ષમતામાં પણ વધારો જોવા મળશે. ■

## અમેરિકા પછી હવે ચીનમાં ડિફ્લેશનનું જોખમઃ રિટેલ ફુગાવો શૂન્યથી નીચે ઉતર્યો

નવી દિલ્હીઃ અમેરિકા પછી હવે ચીનમાં ડિફ્લેશનનું જોખમ તોળાઇ રહ્યું છે. ભારતના પાડોશી પરંતુ પ્રતિસ્પર્ધી દેશ ચીનમાં હરહંમેશ ઉંધી ગંગા વહેતી હોય તેવું કહેવામાં આવે છે. ભારત સહિત સમગ્ર વિશ્વ જ્યાં હાલ મોંઘવારી સામે લડી રહ્યું છે, ક્રૂડના ભાવની ઉથલપાથલ વચ્ચે મોંઘાવરીમાં ભારે ઉતાર-ચઢાવ ચોતરફ જોવા મળી રહ્યો છે તેવામાં ચીનમાં ડિફ્લેશન એટલેકે સોંઘવારીની સમસ્યા ઉભી થઈ રહી છે.

ફેબ્રુઆરીમાં ચીનમાં રિટેલ ફુગાવો શૂન્યથી નીચે આવી ગયો છે. ૧૩ મહિનામાં પ્રથમ દેશમાં મોંઘવારી દર નેગેટીવ બન્યો છે એટલેકે દેશમાં સોંઘવારીની સ્થિતિ ઉભી થઈ છે. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનમાં સતત નબળી માંગ અને લૂનર નવ વર્ષની રજાના વહેલા આગમનને કારણે આ સ્થિતિ ઉભી થઈ છે.

ચીનના રાષ્ટ્રીય આંકડા બ્યુરોએ જણાવ્યું કે ફેબ્રુઆરીમાં ગ્રાહક ભાવ સૂચકાંક એક વર્ષ અગાઉની તુલનામાં ૦.૭ ટકા ઘટયો હતો. માસિક ધોરણે છૂટક ફુગાવો જાન્યુઆરી કરતા ૦.૨ ટકા ઓછો રહ્યો હતો. વિશ્વભરના મોટાભાગના દેશો હાલ ફુગાવા સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે ચીનના પોલિસી મેકર્સ ગ્રાહક ભાવમાં ઘટાડાનો સામનો કરી રહ્યા છે. ચીનમાં હવે ડિફ્લેશનનો ભય છે, જે અર્થતંત્રને નીચે ખેંચી જશે.

લૂનર ન્યૂ યર એટલેકે ચંદ્ર નવ વર્ષના સમયગાળામાં દેશભરમાં મુસાફરી, બહાર ખાવા-પીવા અને મનોરંજન પાછળનો ખર્ચ વધે છે. ચંદ્રના ચક્ર પર આધારિત આ સમયગાળો આ વર્ષે ફેબ્રુઆરીના બદલે જાન્યુઆરીના અંતમાં આવ્યો છે. જાન્યુઆરીમાં રજાઓના ખર્ચને કારણે ગ્રાહક ભાવ સૂચકાંકમાં ૦.૫ ટકાનો વધારો થયો હતો. સરકારના આંકડા બ્યુરોના આંકડાશાસ્ત્રીએ એક લેખિત વિશ્લેષણમાં જણાવ્યું કે રજાઓની અસરને ધ્યાનમાં લીધા પછી ગત મહિને ગ્રાહક ભાવ સૂચકાંકમાં ૦.૧ ટકાનો વધારો થયો હતો. આ હજુ પણ આદર્શ સ્તરથી ઘણું નીચે છે.

ચંદ્ર નવા વર્ષના વહેલા આગમન ઉપરાંત, ફેબ્રુઆરીમાં સારા હવામાનને કારણે કૃષિ ઉત્પાદનમાં વધારો, તાજા શાકભાજીના ભાવમાં ઘટાડો અને વાહન ઉત્પાદકોએ વેચાણ વધારવા માટે પ્રમોશનમાં વધારો કરતા નવી કારના ભાવમાં ઘટાડો થતા મોંઘવારી તળિયે ઉતરી હોવાનું અનુમાન છે. આંકડાકીય બ્યુરોએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં માલના જથ્થાબંધ ભાવને માપતો ઉત્પાદક ભાવ સૂચકાંક ૨.૨ ટકા ઘટયો હતો.

ગત સપ્તાહે સરકારે વાર્ષિક અહેવાલમાં આ વર્ષ માટે ૨ ટકા ફુગાવાનો લક્ષ્યાંક મુક્યો હતો પરંતુ અર્થશાસ્ત્રીઓના મતે ફુગાવો આ લક્ષ્યાંકથી ઘણો નીચે રહેવાની શક્યતા છે. ૨૦૨૪ના વર્ષમાં ગ્રાહક ભાવ સૂચકાંક સ્થિર રહ્યો છે અને ૨૦૨૪માં ૦.૨ ટકા વધ્યો છે. ■

## નિફ્ટી ૧૦૦ ટીઆરઆઇના ૧૩ ટકા સામે આઇસીઆઇસીઆઇમાં ૧૪ ટકાનું રોલિંગ રિટર્ન

મુંબઈ : શેરબજારમાં તાજેતરના મહિનાઓમાં મિડ કેપ અને સ્મોલકેપ શેરોમાં તીવ્ર કરેકશન જોવા મળ્યું છે, પરંતુ લાર્જ-કેપ ફંડ્સ સરખામણીએ ટકી રહ્યા છે. આ સંજોગોમાં બેન્ચમાર્ક નિફ્ટી ૧૦૦ ટીઆરઆઇના ૧૩ ટકા સામે આઇસીઆઇસીઆઇમાં ૧૪ ટકાનું રોલિંગ રિટર્ન નોંધાવ્યું છે. નિષ્ણાતો સૂચવે છે કે વર્તમાન વાતાવરણમાં, જ્યાં યુએસ ટ્રેડ પોલિસી, ધીમી સ્થાનિક વૃદ્ધિ, નબળી કોર્પોરેટ કમાણી અને ચલણની વધઘટ પડકારો ઉભા છે.

પાછલા પાંચ મહિનામાં ઇક્વિટી બજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ શેરઆંકોમાં કરેકશન જોવા મળ્યું છે. અનિશ્ચિતતા હોવા છતાં, ઘણા લાર્જ કેપ શેરો હવે આકર્ષક મૂલ્યાંકન પર ઉપલબ્ધ છે. લાર્જ કેપ કેટેગરીના આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ બ્લુચિપ ફંડે તેના બેન્ચમાર્ક, નિફ્ટી ૧૦૦ ટીઆરઆઇ કરતાં સતત વધુ સારું પ્રદર્શન કર્યું છે. પાછલા એક, ત્રણ, પાંચ અને દસ વર્ષમાં, તેણે અનુક્રમે ૧.૧ ટકા, ૧૬.૭ ટકા, ૧૯.૨ ટકા અને ૧૨.૯ ટકા વાર્ષિક વળતર આપ્યું છે.

નિફટી ૧૦૦ ટીઆરઆઇએ ૧૩.૩ ટકા જાન્યુઆરી ૨૦૧૩થી માર્ચ ૨૦૨૫ સુધીના પાંચ વર્ષના રોલિંગ રિટર્નના આધારે ૧૩.૩ ટકા રિટર્ન નોંધાવ્યું છે, જ્યારે સમાન સમયગાળામાં ઉપરોક્ત ફંડનું રિટર્ન સરેરાશ ૧૪.૬ ટકા રહ્યું હતું. એ જ રીતે, ફંડના સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન અંતર્ગત પાછલાં ૧૦ વર્ષોમાં ૧૫.૩ રિટર્ન રહ્યું છે, જ્યારે નિફ્ટી ૧૦૦ ટીઆરઆઇ માટે ૧૨.૯ ટકા રહ્યું છે. પોર્ટફોલિયોના ૮૦થી ૮૫ ટકા રોકાણ લાર્જ કેપ શેરોમાં, પાંચથી દસ ટકા રોકાણ મિડ કેપ શેરોમાં કરવામાં આવે છે. પોર્ટફોલિયોમાં બેન્કિંગ શેરોનું પ્રભુત્વ છે. અન્ય મુખ્ય ક્ષેત્રોમાં આઇટી, પેટ્રોલિયમ અને ઓટોમોબાઇલ્સનો સમાવેશ થાય છે. ■

## સ્ટીલ ફાસ્ટનર્સની આયાત બંધ થવાનું તોળાતું જોખમ

નવી દિલ્હી : ભારતમાં આવતા અઠવાડિયાથી ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (ચઈઅ) અમલમાં આવતા નટ, બોલ્ટ અને સ્ક્રૂ સહિતના સ્ટીલ ફાસ્ટનર્સની આયાત બંધ થઈ શકે છે. આ સંભવિત સ્થિતિને કારણે મોટી સંખ્યામાં નાના પાયાના ઉત્પાદન એકમો બંધ થવાનું જોખમ રહેલું છે. બુધવારે દિલ્હી સ્થિત એક થિંક ટેન્કે આશંકા વ્યક્ત કરી હતી કે આ નવા નિયમોથી હજારો-લાખો લોકોની નોકરીઓ છીનવાઈ શકે છે.

ઔદ્યોગિક ક્ષેત્રની સ્થિરતા, ટકાઉપણું અને સલામતી માટે સ્ટીલ ફાસ્ટનર્સ મહત્વપૂર્ણ છે. સ્ટીલ ફાસ્ટનર્સનો ઉપયોગ ઓટોમોટિવ, ઉત્પાદન, ઇલેક્ટ્રોનિક્સ, મશીન અને સાધનો ઉત્પાદન, રેલ્વે, લશ્કરી, સંરક્ષણ વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં થાય છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ અનુસાર સ્ટીલ ફાસ્ટનર્સની આયાત ૨૦ માર્ચથી બંધ થઈ જશે કારણકે કોઈપણ વિદેશી ઉત્પાદકને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સના સ્ટાન્ડર્ડાઈઝેશન પ્રક્રિયા હેઠળ મંજૂરી મળી નથી. આ કારણે સપ્લાય ચેઇનના સૌથી નીચલા સ્તરે અનિશ્ચિતતા અને સપ્લાય વિક્ષેપો સર્જાશે.

નવા નિયમોથી ભારતના અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રો જેમ કે ઓટોમોબાઈલ, એરોસ્પેસ, ઇલેક્ટ્રોનિક્સ અને સંરક્ષણ ચોક્કસ પ્રકારના ફાસ્ટનર્સની આયાત પર ખૂબ આધાર રાખે છે. આ તમામ સેક્ટરો પર અચાનક અનિશ્ચિતતાના વાદળો છવાઈ જવાને કારણે ઉત્પાદન જોખમમાં મુકાશે.

સરકારે પ્રોડક્ટોની ગુણવત્તા, માનવ, પ્રાણી અને વનસ્પતિ સ્વાસ્થ્યનું રક્ષણ અને અન્યાયી પ્રથાઓને રોકવા માટે ગુણવત્તા નિયંત્રણ આદેશો જારી કર્યા છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ સાથે પરામર્શ કર્યા પછી સરકારી વિભાગોએ આ સંદર્ભમાં સૂચના જારી કરી છે. આ આદેશનું પાલન સ્થાનિક અને વિદેશી ઉત્પાદકો માટે ફરજિયાત છે અર્થાત ઉત્પાદકો અને આયાતકારોએ આ ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ ધોરણોનું પાલન કરવું અને બીઆઈએસ પ્રમાણપત્ર મેળવવું જરૂરી બનશે. ■

## શેરબજારની મંદી ઓટો સેકટરને નડીઃ વાહનોના રિટેલ વેચાણમાં સાત ટકાનો ઘટાડો

મુંબઈઃ દેશના શેરબજારમાં મંદીની અસર વાહનોના વેચાણ પર પણ જોવા મળી રહી હોવાનું વાહન ઉદ્યોગના સુત્રો જણાવી રહ્યા છે. ગયા વર્ષના ઓકટોબરથી દેશના શેરબજારોમાં સતત ઘટાડાને કારણે વાહનોની રિટેલ માગ નબળી પડી છે. રોકાણકારોની શેરબજાર મારફતની આવક ઘટી જતા બિનજરૂરી ખર્ચા અને ખરીદી પર કાપ મુકાઈ રહ્યો છે.

માગમાં ઘટાડાને પરિણામે વિતેલા ફેબ્રુઆરીમાં દેશમાં ઓટો રિટેલ વેચાણમાં સાત ટકા ઘટાડો નોંધાયો છે. ફાડાના ડેટા પ્રમાણે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં દરેક પ્રકારના વાહનોનું મળીને એકંદર રિટેલ વેચાણ ૨૦,૪૬,૩૨૮ એકમ રહ્યું હતું જે વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં ૧૮,૯૯,૧૯૬ એકમ રહ્યું છે. આમ સાત ટકાનો ઘટાડો નોંધાયો છે.

ગત મહિને દરેક પ્રકારના વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાયો છે ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં પણ વેચાણ ૮.૪૪ ટકા ઘટીને ૧,૨૬,૩૨૯ યુનિટ રહ્યું છે. ફેબ્રુઆરીમાં ડીલરોની મંજુરી વગર તેમના ડેપોમાં ઈન્વેન્ટરી ઊભી કરી દેવાઈ હતી.

આ એક વેપાર હેતુ હોઈ શકે પરંતુ હોલસેલ રવાનગી ખરેખર માગ પ્રમાણે થવી જરૂરી છે જેથી ડીલરો પર ભાર અટકાવી શકાય અને તેમને ઈન્વેન્ટરીનું સંચાલન કરવાનું સરળ રહે. પ્રવાસી વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૦ ટકા ઘટી ૩,૦૩,૩૯૮ એકમ રહ્યું છે. પ્રવાસી વાહનોનું ઈન્વેન્ટરી સ્તર પચાસથી બાવન દિવસની રેન્જમાં રહ્યું હતું.

ટુ વ્હીલર્સનું વેચાણ ૬.૩૩ ટકા ઘટી ૧૩,૫૩,૨૮૦ એકમ રહ્યું હતું જે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં ૧૪,૪૪,૬૭૪ રહ્યું હોવાનું ફાડાના ડેટા જણાવે છે. લોનની મર્યાદિત ઉપલબ્ધતા, વાહનોની ખરીદી માટે ઘટેલી પૂછપરછ તથા નબળા કન્ઝયૂમર માનસ વાહનોના વેચાણમાં ઘટાડા માટે કારણભૂત રહ્યા છે.

ગ્રામ્ય બજાર કરતા શહેરી વિસ્તારમાં વેચાણ પર વધુ અસર જોવા મળી છે. ગ્રામ્ય બજારમાં વેચાણમાં ૫.૫૦ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૭.૩૮ ટકા ઘટાડો નોંધાયો છે. કમર્શિઅલ વાહનોનું રિટેલ વેચાણ નવ ટકા ઘટી ૮૨૭૬૩ એકમ રહ્યું હતું.

પરિવહન ક્ષેત્ર તરફથી નીચી માગને કારણે કમર્સિઅલ વાહનોના રિટેલ વેચાણમાં નરમાઈ જોવા મળી છે. ટ્રેકટર્સનું વેચાણ ૧૪.૫૦ ટકા ઘટી ૬૫૫૭૪ એકમ રહ્યું છે. માર્ચમાં રિટેલ વેચાણ માટે ડીલરો સાવચેતીભર્યો આશાવાદ ધરાવી રહ્યા હોવાનું ફાડાએ જણાવ્યું હતું. ■



ધુળેટી નિમિત્તે જૂનાગઢની બજારમાં રંગો અને પિચકારીની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા હતા. (હરેશ સોની)

# કચ્છમાં હોળી પર્વ ઊજવાયું: ઠેર-ઠેર હોલિકાદહન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ફાગણમાં ચૈત્ર-વૈશાખ જેવા છવાયેલા માહોલ વચ્ચે સમગ્ર કચ્છમાં અંધકાર પર પ્રકાશના વિજયના પ્રતીક સમો હોળીનો તહેવાર રંગેચંગે ઊજવાયો હતો અને ઠેર-ઠેર હોલિકાદહનના કાર્યક્રમો યોજાયા હતા. હોલિકા દહન દરમ્યાન તેમાં કપૂર સહિતની યજ્ઞસામગ્રીના ઉપયોગ સાથે લોકો હોળીની પ્રદક્ષિણા કરતાં કરતાં, શ્રીફળ અને ધાણી જેવી પરંપરાગત પૂજનસામગ્રી સાથે કપૂર સહિતના વૈદિક દ્રવ્યોની આહુતિ આપતા નજરે પડ્યા હતા. 'વર્લ્ડ હેરિટેજ સાઈટ'માં સમાવિષ્ટ ભુજના ઐતિહાસિક દરબારગઢ ચોક ખાતે યોજાયેલી હોળીએ ભારે આકર્ષણ ઉભું કર્યું હતું અને આ હોળીમાં વિદેશી પર્યટકો પણ હોળીની પ્રદક્ષિણા કરતા જોવા મળ્યા હતા અને હોળી પ્રાગટ્યની સાથે જ જ્યાં કચ્છનો રાજ દરબાર ભરાતો તે પ્રાગમહેલના તોરણીયા નાકા અને સમગ્ર કચ્છના ઇતિહાસના મૂક સાક્ષી સમી દરબારગઢની પ્રાચીન દીવાલો હોલિકાનાં પ્રકાશપુંજથી ઝળાંહળાં થતાં અલૌકિક નજારો સર્જાયો હતો.આ ઉપરાંત ભુજના હાટકેશ્વર મંદિર,ધીંગેશ્વર મહાદેવ ખાતે તેમજ ધરતીકંપ બાદ અસ્તિત્વમાં આવેલી ભુજની રિલોકેશન વસાહતોમાં પણ વિરાટ હોલિકા દહન કરાયા હતા. ધુળેટીનું પર્વ હોઈ,ભુજની બજારોમાં મોડે મોડે પણ જુદા જુદા પ્રકારના રંગ અને પિચકારીઓની ખરીદી કરતા લોકો જોવા મળી રહ્યા હતા. ભુજ ઉપરાંત માંડવી,અંજાર,રાપર,નલિયાથી શરૂ કરીને છેક છેવાડાના માતાના મઢ અને નારણ સરોવર ખાતે પણ હોલિકાદહનના કાર્યક્રમો યોજાયા હતા. ■



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

# ભાવનગરના તળાજામાં ૧૯ ધાર્મિક સ્થાનો હટાવી લેવા પાલિકાએ નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાની તળાજા નગરપાલિકા દ્વારા હિન્દૂ દેવીદેવતાના ૧૭ અને ૨ દરગાહ મળી કુલ ૧૯ ધાર્મિક સ્થળોને હટાવી લેવા નોટિસ પાઠવવામાં આવી હતી. સાંજના સમયે ધાર્મિક સ્થળોના ૧૯ નામ,સ્થળ અને ચીપકાવવામાં આવેલી નોટિસના ફોટાઓ વાયરલ થયા બાદ ચકચાર મચી હતી. જ્યારે હિન્દૂ સંગઠન દ્વારા ઉગ્ર વિરોધ સાથે ધમકીભર્યા શબ્દો પણ સોશિયલ મીડિયા થકી જાહેર કરેલા વિડિઓમાં વાપરવા આવ્યા છે. તંત્ર તરફથી માત્ર તળાજા જ નહીં ગુજરાતની તમામ પાલિકા દ્વારા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કાર્યવાહીનો પ્રથમ તબક્કો છે.

તળાજા નગરના અલગ અલગ વિસ્તારમાં આવેલ બજરંગદાસબાપાની ૪ મઢુલી, હનુમાનજીની દેરી(મંદિર) ૫, મેલડી માતા, ખોડિયાર માતા,ગાત્રાડ માતા મળી ૪ દેરી, દરગાહ ૨ મળી કુલ ૧૯ સ્થળો જે જાહેર સ્થળો/સરકારી જગ્યા/રસ્તા/નગર પાલિકા ની જગ્યામાં હોય તેને દિવસ ૧૫ માં હટાવી લેવા પાલિકા બાંધકામ શાખા, ચિફ ઓફિસર દ્વારા નોટીસ સંબધિત સ્થળોપર ચીપકવવામા આવી છે. આ સ્થળો પર કોઈ મંજૂરી લીધી હોય તો દિવસ સાતમાં પાલિકામા રજૂ કરવા જણાવ્યું હતું.

તળાજા પાલિકામાં ભાજપ સત્તા સ્થાને બેસતા જ આ નોટિસો નીકળતા ખાસ કરીને હિન્દુ સમાજમાં રોષ અને કચવાટની લાગણી જન્મી છે. આ બાબતે ચિફ ઓફિસરએ જણાવ્યું હતુ કે સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ માત્ર તળાજા જ નહીં રાજ્યની તમામ પાલિકામાં કાર્યવાહી કરવામાં આવી છે. તેઓએ ઉમેર્યું હતુંકે આ પ્રથમ તબક્કો છે. આ સાથે જ એવી પણ ગાઈડ લાઈન છે કે આસ્થાને લઈ કાયદાકીય કાર્યવાહી કરીને અન્ય સ્થળોપર પણ નવેસરથી નિર્માણ કરી શકાય. અત્રે ઉલ્લેખનિય છે કે, તા.૧૮/૧/૧૧ ના રોજ ચિફ ઓફિસર એ.બી.પટેલ ના સમયગાળા દરમિયાન આ ૧૯ આસ્થાનાં સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનો વાયરલ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. ■

# કૉંગ્રેસના કાર્યકરોને તેમના નેતાઓ પર ભરોસો નથી આ પાર્ટી ક્યારેય ટકી ના શકે: વિજય રૂપાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પરિવારજનો અને કાર્યકરો સાથે ધૂળેટીની ઉજવણી કરી હતી. તેમણે કૉંગ્રેસ પર શાબ્દિક પ્રહાર કરતાં કહ્યું હતું કે, કૉંગ્રેસના કાર્યકરોને તેમના નેતાઓ પર ભરોસો નથી. આ પાર્ટી ક્યારેય ટકી ના શકે. કૉંગ્રેસ હવે લુપ્ત થવાના આરે છે.

વિજય રૂપાણીએ રાહુલ ગાંધી અને કૉંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કરી નીતિઓ અને નેતૃત્વની ટીકા કરી હતી. તેમણે ધૂળેટી પર્વ પર સંગઠન અને ભાજપના નેતાઓને ટકોર કરતાં કહ્યું હતું કે, કૉંગ્રેસના નેતાઓ પક્ષ સાથે ભલે જોડાય પણ ભાજપે પોતાના સિદ્ધાંતો પર અડગ રહેવું જોઈએ અને કૉંગ્રેસ સાથે કોઈપણ સંજોગોમાં સત્તા માટે સમજૂતી ન કરવી જોઈએ.

કૉંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ભાજપના નેતાઓ પાસેથી સાચું બોલવાની અપેક્ષા રાખવી મુશ્કેલ છે. પૂર્વ મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીનું આ નિવેદન ભાજપના તમામ કાર્યકર્તાઓની લાગણીઓનું પ્રતિનિધિત્વ કરે છે. ભાજપના સિનિયર નેતાઓ પણ ખાનગીમાં સ્વીકારે છે કે પાર્ટીને વર્ષો સુધી સેવા આપ્યા બાદ કાર્યકર્તાઓને માત્ર 'ગાભા મારવા' માટે જ રાખવામાં આવે છે. કૉંગ્રેસ પ્રવક્તાએ રૂપાણીના નિવેદનને ભાજપના કાર્યકરોની નિરાશાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. ■

# સુરતમાં પોલીસને પડકાર આપીને સ્કોર્પિયો કાર પર સ્ટંટ કરતા નવ આરોપીઓ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોશિયલ મીડિયામાં ફેમસ થવા માટે લોકો અનેક પ્રકારના રીલ બનાવતા હોય છે. કેટલાક લોકો કાયદાનું ઉલ્લંઘન કરીને પોલીસને પડકાર ફેંકી વીડિયો બનાવતા હોય છે. સુરત શહેરના વરાછા વિસ્તારમાં ધુળેટી રમવા આઠ મિત્રો સાથે ચહેરા પર કાળો રંગ લગાવી સ્કોર્પિયો કારના બોનેટ પર બેસી સ્ટંટ કરવા જતા બુટલેગરના પુત્રનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયો ધ્યાને આવતાં વરાછા પોલીસ આરોપીઓને પકડવા સક્રિય થઈ હતી.

વાયરલ થયેલા આ વીડિયોમાં દેખાય છે કે સ્કોર્પિયો કારમાં અજાણ્યા શખ્સોએ પોતાના ચહેરાને કાળા રંગે રંગી રસ્તા વચ્ચે સ્ટંટ કર્યા હતાં. તેમણે બેફામ ગાડી હંકારીને લોકોના જીવને જોખમમાં મૂક્યા હતાં. તેમણે પોલીસને પડકાર ફેંક્યો હતો કે, હવે ઓળખો અને પકડી બતાવો. બુટલેગરનો પુત્ર એક હાથે સ્કોર્પિયો કાર ચલાવી બીજો હાથ બહાર કાઢતો હતો, જયારે તેના મિત્રો ગાડીની ઉપર અને બોનેટ પર બેસી બૂમબરાડા પાડતા હતાં.

પોલીસે વીડિયો ધ્યાને આવતાં જ કાર્યવાહી શરૂ કરીને નવ લોકોની ધરપકડ કરી ગુનો દાખલ કરી બુટલેગરના પુત્ર હિરેન ગોહિલ સહિત તેના મિત્રોની ધરપકડ કરીને સ્કોર્પિયો કાર પણ કબજે કરી હતી. બુટલેગરના પુત્ર હિરેન ગોહિલે બે હાથ જોડી પોલીસની માફી માગી હવે પછી જોખમી સ્ટંટ ન કરવાની પણ વાત કરી હતી. પોલીસને લલકારવાની આવી તાકાત થવી એ પોલીસની કામગીરી પર મોટા પ્રશ્ન ઊભા કરે છે. ■

# સુરેન્દ્રનગરના વઢવાણમાં ૮૧.૫ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ આયુર્વેદિક હૉસ્પિટલ બનશે

અમદાવાદ: ગુજરાતમાં અનેક જગ્યાએ વિકાસકામો શરૂ કરવામાં આવ્યાં છે. હાલમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં કોઠારિયા રોડ પર નવી આયુર્વેદિક હૉસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ આ સાઈટની મુલાકાત લીધી હતી. આ પ્રોજેક્ટ ૮૧.૫ કરોડના ખર્ચે નિર્માણ પામી રહ્યો છે. વઢવાણમાં કોઠારિયા રોડ પર નિર્માણ થઈ રહેલી આયુર્વેદિક હૉસ્પિટલ આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. આ હૉસ્પિટલમાં ૧૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કોલેજ, હોસ્ટેલ અને અન્ય આવશ્યક માળખાકીય સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ સાઈટની મુલાકાત દરમિયાન કોલેજ, હોસ્ટેલ અને હૉસ્પિટલના ચાલી રહેલા બાંધકામની સમીક્ષા કરી હતી. તેમણે કામગીરી અંગે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યાં હતાં. આ મુલાકાત વખતે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને અગ્રણીઓ હાજર રહ્યા હતા. ■

# વેરાવળ કોડિનાર હાઇવે પર ખાનગી બસ પલટી જતાં એકનું મોત: ૨૩ યાત્રાળુ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથમાં વેરાવળ-કોડિનાર હાઇવે પર ખાનગી બસ પલટી જતાં એકનું મોત જ્યારે ૨૩ મુસાફર ઈજાગ્રસ્ત થયા હતા. આ બસમાં ૫૫ યાત્રાળુ વેરાવળથી ભગુડા મોગલ ધામ જઈ રહ્યાં હતાં ત્યારે બસ અચાનક પલટી મારી ગઈ હતી, જેમાં તમામ લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી અને અકસ્માતમાં ૨૨ વર્ષીય યોગેશ પ્રભુદાસ ચોરવાડીનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેરાવળથી બગદાણા, ભગુડા મોગલધામ, ઊંચા કોટડા, સાળંગપુરની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે એક બસમાં ૫૬ યાત્રાળુ લઈ જવામાં આવ્યા હતાં. વેરાવળથી ૧૮ કિમી દૂર સુંદરપરા ગામના પાટિયાથી આગળ જતાં ડ્રાઇવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં બસ પલટી મારી ગઈ હતી, જેમાં તમામ મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વેરાવળ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતની જાણ થતાં જ વેરાવળ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફરાર થઈ ગયેલા બસના ડ્રાઇવર અશોક વિરુદ્ધ મૃતકના પિતરાઈ ભાઈ દિનેશ ચુનીલાલ ડાલકીએ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે ગફલતભરી અને બેફિકરાઇથી બસ ચલાવી અકસ્માત સર્જવા અંગે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# માંડવીના મોટા લાયજાના પેટ્રોલ પંપનો મૅનેજર ૭૧.૯૩ લાખની ઉચાપત કરી ભેદી રીતે ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય માંડવી તાલુકાના મોટા લાયજામાં આવેલા શ્રી રુદ્રેશ્વર પેટ્રોલ પંપ પર મૅનેજર તરીકે નોકરી કરતો યુવક પંપ સંચાલકની આવકના ૭૧.૯૩ લાખ રૂપિયાની ઉચાપત કરીને ભેદી સંજોગોમાં લાપતા થઈ ગયો હોવાનો બનાવ બહાર આવતાં ચકચાર પ્રસરી હતી.

બનાવ અંગે પંપ સંચાલક મનહરસિંહ જાડેજા (રહે. નખત્રાણા)એ આરોપી મોહમ્મદ હબીબ આમદ ચૌહાણ (રહે. મોટા લાયજા) સામે ઉચાપતની નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, છેલ્લે ગત ૧૦મી માર્ચે બપોરે હબીબનો ફોન આવ્યો હતો.

કંડલા આઈઓસીથી મગાવેલું ૧૨ હજાર લીટર પેટ્રોલ-ડીઝલ બપોર બાદ આવશે તેવી વાત થયા બાદ હબીબનો ફોન બંધ થઈ ગયો હતો. પેટ્રોલ પંપના અન્ય કર્મીઓએ હબીબ સવારે ૧૧ વાગ્યે માંડવી જાઉં છું કહીને પંપ પરથી નીકળી ગયો હોવાનું જણાવ્યું હતું.

સંચાલકને શંકા જતાં ચોપડા ચેક કરતાં હબીબે ૭૧.૯૩ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ થયું હતું. આઈઓસીમાં રહેલી એક કરોડની સીસી પર ક્રેડિટમાં પેટ્રોલ-ડિઝલ મગાવ્યાં હોવાનું પણ ખૂલ્યું હતું. બીજી તરફ, હબીબના પિતાએ ૧૧ માર્ચના રોજ હબીબ ભેદી સંજોગોમાં ૧૦ માર્ચથી લાપતા હોવાની ગૂમનોંધ લખાવી છે. હાલ માંડવી પીઆઈ ડી.એન. વસાવાએ બનાવ અંગે ગહન તપાસ હાથ ધરી છે. ■

# કચ્છ યુનિવર્સિટી અને આઈએસઆર વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર થયા: વિવિધ સંશોધન પ્રકલ્પો હાથ ધરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છની ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને ગાંધીનગરની ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલૉજિકલ રિસર્ચ (આઈએસઆર) ઇન્સ્ટિટ્યૂટ વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુ હેઠળ કચ્છ યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલૉજિકલ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે જીયોલૉજી, ભૂકંપ અને જીઓફિઝિક્સ સાથે સંકળાયેલાં વિવિધ સંશોધન પ્રોજેક્ટો હાથ ધરવામાં આવશે.

આઈએસઆર એ ઈ.સ ૨૦૦૧માં આવેલા વિનાશકારી કચ્છના ભૂકંપ બાદ ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલૉજી દ્વારા વર્લ્ડ બૅન્ક અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઑથોરિટી પાસેથી મળેલ ગ્રાન્ટથી સ્થાપિત થયું હતું.

કચ્છ યુનિવર્સિટીના જિયોસાયન્સ વિભાગના અધ્યાપકો અને આઈએસઆરના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે ભૂકંપ અને ક્વોટરનરી જિયોલૉજી પર સફળતાપૂર્વક સંશોધન હાથ ધર્યું છે. છેલ્લા દોઢ દાયકાથી કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને તાલીમ, ઇન્ટર્નશિપ અને પ્રોજેક્ટ માટે આઈએસઆર તરફ મોકલવામાં આવ્યા છે, જેથી તેઓને તેમની કારકિર્દી ઘડતરમાં લાભ મળ્યો છે.

તાજેતરમાં આઈએસઆર દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે પોતાના રિજનલ રિસર્ચ સેન્ટર સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સેન્ટરમાં, આઈએસઆર દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે વિવિધ પ્રકારની લેબોરેટરીઓનું નિર્માણ કરવામાં આવશે તેમ જ આઈસીઆરના વૈજ્ઞાનિકોની સાથે કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જિયોલૉજી તથા ભૂકંપ વિશેના વિવિધ અભ્યાસક્રમો ભણાવાશે. આઈએસઆરના વૈજ્ઞાનિકો અને કચ્છ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા વિવિધ સંશોધનકાર્ય હાથ ધરવામાં આવશે, જેનો સીધો લાભ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળશે. ■

# ગોંડલમાં યુવકના રહસ્યમય મોત મુદ્દે નવો ખુલાસો: ખાનગી ટ્રાવેલ્સે અડફેટે લેતા મૃત્યુ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગોંડલમાં ગત ૧૦મી માર્ચે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેમના પુત્ર પર રાજકુમાર નામના પરપ્રાંતીય યુવકને માર મારવાનો આક્ષેપ થયો હતો. ત્યાર બાદ રાજકુમારનો મૃતદેહ રાજકોટ અમદાવાદ હાઇવે પર તરઘડિયા નજીક ઓવરબ્રિજ પરથી મળી આવ્યો હતો. હવે આ કેસમાં નવો ખુલાસો થયો હતો, જેમાં પોલીસ તપાસમાં મહાસાગર ટ્રાવેલ્સના બસચાલક દ્વારા અકસ્માત કરવામાં આવ્યો હોવાનું જણાતા પોલીસે રમેશ મેર નામના બસચાલકની અટકાયત કરી બસને કબજે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ ડીસીપી ક્રાઈમ પાર્થવરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, યુવકની ઓળખ થયા બાદ ફરિયાદ લઈને ફેટલ અકસ્માતનો ગુનો દાખલ કરાયો હતો. આ ગુનો ઉકેલાયેલો નહીં હોવાથી ટીમોની રચના કરાઈ હતી. આ ટીમો દ્વારા વિવિધ સ્થળોએ તપાસ કરાઈ હતી. આ તપાસમાં આ બનાવ બન્યાના સમયની સંભાવનાને ધ્યાનમાં રાખીને એ સમયે કયા કયા વાહનો ત્યાંથી પસાર થયા હતા તેની તપાસ હાથ ધરાઈ હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસે ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા તપાસ્યા હતાં. દરમિયાન એક ડમ્પર ચાલકે માહિતી આપી હતી કે, તેઓ પસાર થયા તે પહેલાં ત્યાં મૃતદેહ પડેલો હતો. પોલીસે વધુ તપાસ કરતાં ડમ્પરની આગળ એક ખાનગી બસ જતી હતી. પોલીસને મહાસાગર ટ્રાવેલ્સની બસ શંકાસ્પદ જણાઈ હતી. આ બસની ટ્રીપની માહિતી મેળવી બસના ડ્રાઈવરને પકડીને તેની પૂછપરછ કરાઈ હતી. અંતે તેણે રાતના સમયે અકસ્માત થયો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે રમેશ મેર નામના ડ્રાઈવરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ગીર સોમનાથમાં ચાર લાખ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ચોરી કરનારા ત્રણ ભૂમાફિયાઓને ૨૦.૪૮ કરોડનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં ખનિજ માફિયાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રેવન્યૂ વિભાગ અને ખાણ-ખનિજ કચેરીની સંયુક્ત ટીમે ઉના અને કોડિનાર તાલુકામાં ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ચલાવતા ત્રણ ભૂમાફિયાઓને ઝડપી પાડીને આ ચોરી બદલ ૨૦.૪૮ કરોડનો દંડ ફટકારાયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના ઘાટવડમાં મહેન્દ્રસિંહ મકવાણાએ મંજૂરી વગર ૨.૧૮ લાખ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ચોરી કરી હતી. આ ખનિજની કિંમત ૧૧.૦૧ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. જ્યારે ઉના તાલુકામાં નવનીતભાઈ જાદવે તેમની લીઝમાં ૮૯,૪૬૬ મેટ્રિક ટન લાઈમસ્ટોનનું ગેરકાયદે ખનન કર્યું હતું. આ ખનિજની કિંમત ૪.૫૦ કરોડ રૂપિયા છે.

ઉના તાલુકાના આમોદ્રામાં મહમદ ઇકબાલ સોરઠિયાએ ૯૮,૬૩૩ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ચોરી કરી હતી. તેમણે લીઝ વિસ્તારની ખોટી માહિતી આપી હતી. આ ખનિજની કિંમત ૪.૯૭ કરોડ રૂપિયા છે. તંત્રના અધિકારીઓએ ત્રણેય ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી કરી કુલ ૪.૦૬ લાખ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ચોરી બદલ ૨૦.૪૮ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ રકમ વસૂલવા માટે નિયમ મુજબની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ■

# કચ્છનાં બંદરો પરથી જતા આયાતી કોલસાની ચોરીના નેટવર્કનો સ્ટેટ મોનિટરિંગ સેલે પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કંડલા બંદરેથી આયાત થતાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત કોલસાના જથ્થાને લઈ જતા ટ્રકોના ચાલકોને પૈસાની લાલચના જોરે કાઢી લઈ તેમાં હલકી ગુણવત્તાનો કોલસો ભેળવી દેવાના લાંબા સમયથી ચાલતા કૌભાંડનો ભચાઉ પોલીસમથકેથી માંડ બે કિલોમીટર દૂર સામખિયાળી તરફ જતા ધોરીમાર્ગ નજીક ગાંધીનગરથી ત્રાટકેલી સ્ટેટ મોનિટરિંગ સેલે સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને પર્દાફાશ કર્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ સ્થળ પરથી એક ટ્રેલર, લોડર, હિટાચી મશીન, ૨૨.૭૫ લાખની કિંમતનો ૧૭૫ ટન આયાતી પીસીઆઈ કોલસો, ૧ લાખ ૦૮ હજારના મૂલ્યની ૧૩૫ ટન હલકી ગુણવત્તાના કોલસાની ભૂકી સહિતના મુદ્દામાલ સાથે પાંચ શખસની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી અંગે જાણવા મળેલી વિગતો મુજબ, કચ્છનાં બંદરો પર વિદેશથી આયાત થતાં ઉચ્ચ ગુણવત્તાના પીસીઆઈ થર્મલ કોલ ભરેલી ટ્રક-ટ્રેલરોના ડ્રાઈવરોને ફોડીને ભચાઉનો દિવ્યરાજ હિતેન્દ્રસિંહ ઝાલા (રહે. દરબારગઢ, ભચાઉ) દરોડા સ્થળે લઈ આવતો હતો. અહીં દિવ્યરાજે કામે રાખેલાં મજૂરો પચાસ ટકા કોલસો કાઢીને તેના સ્થાને હલકી ગુણવત્તાના કોલસાની ભૂકી-માટી વગેરે ભેળવી દેવાતાં હતાં. ઈમ્પોર્ટેડ કોલનો એક ટનનો ભાવ ૧૩ હજાર રૂપિયા છે, દિવ્યરાજના કહેવાથી તેઓ ડ્રાઈવરોને એક ટન લેખે અઢી હજાર રૂપિયા આપીને માલ ચોરી લેતા હતા.

સ્થળ પરથી ઝડપાયેલા મયોદ્દીન રસૂલ ચૌહાણ નામના સુપરવાઈઝરે એસએમસી સમક્ષ કબૂલ્યું હતું કે, કોલસાની ભૂકી દિવ્યરાજ મોરબીના કારખાનાઓમાંથી મગાવતો અને ચોરેલો ઈમ્પોર્ટેડ માલ મોરબીના કારખાનાવાળાઓને વેચી મારતો હતો. ■

# ભુજમાંથી ઑનલાઈન જુગાર રમાડતું જુગારધામ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુખ્ય મથક ભુજમાંથી પોલીસે દેશ-વિદેશના જુગારીઓને ઓનલાઈન ગેમ્સથી ગેમ્બલિંગ (જુગાર) રમાડતાં જુગારધામનો પર્દાફાશ કર્યો હતો. ભુજના ત્રિમંદિર પાસે આવેલા સરદાર પટેલ નગરમાં બે માળનું મકાન ભાડે રાખીને ગાંધીધામના યુવકે અન્ય નવ યુવકોને નોકરીએ રાખીને છેલ્લા એક માસથી ૨૪ કલાક ધમધમતું જુગાર કેન્દ્ર શરૂ કર્યું હતું. આ અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે ગત મોડી રાત્રે પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાએ દરોડો પાડી ધવલ રોહિત મહેતા નામના ગાંધીધામના યુવકને દબોચી લીધો હતો. ઉપરના માળે આવેલા એક રૂમમાં ૪ કોમ્પ્યુટર સામે બેઠેલા ૪ યુવકો, બીજા રૂમમાં અન્ય પાંચ યુવકો પણ પકડાયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, ઑનલાઈન ગેમ્સ મારફતે જુગાર રમવા ઇચ્છતા ગ્રાહકો પાસેથી ડિપોઝિટ પેટે ઑનલાઈન પેમેન્ટ મેળવીને ધવલ ૧૦૦ પેનલ નામની ઑનલાઈન ગેમ્બલિંગની વેબસાઈટ પર યુઝર આઈડી અને પાસવર્ડ જનરેટ કરતો. પેમેન્ટ થયાનું એપ્રૂવલ આપીને ૧૦૦ પેનલ નામની વેબસાઈટ મારફતે લોટસ ૩૬૫ નામની ઑનલાઈન ગેમિંગની વેબસાઈટ/એપ પર ક્રિકેટ ફેન્ટસી ટીમ કે તીનપત્તી યા રમી સર્કલ વગેરે ઑનલાઈન રમવા માટે જુગારીને એક્સેસ મળી જતો. જુગારીને તેના વોટસએપ પર આઈડી અને પાસવર્ડ મળી જતાં. ગ્રાહકની હાર-જીત મુજબ નાણાંનો હિસાબ-કિતાબ ઑનલાઈન અપડેટ થતો રહેતો જેને ધવલ એપ્રૂવ કર્યા કરતો.

કૉર્પોરેટ કંપનીના કોલ સેન્ટરની જેમ ચોવીસે કલાક આ ઑનલાઈન જુગાર કેન્દ્ર ધમધમતું રહેતું. ધવલે આ માટે આઠ યુવકોને કામે રાખેલાં જે ચાર ચાર કલાકની શિફ્ટમાં કામ કરતા. મોટા ભાગના યુવકો કચ્છના પડોશના જિલ્લાના વતની છે. આ યુવકોને મકાનમાં જ ખાવા-પીવા અને રહેવાની સુવિધા અપાઈ હતી. આ કામગીરી માટે ધવલને જુગારીદીઠ વીસ ટકા કમિશન મળતું. હાર-જીતનાં નાણાંનો હિસાબ દર સોમવારે થતો. ■